દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 106 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 May 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૬ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભારત-પાક યુદ્ધના ભણકારા વચ્ચે કેન્દ્રનો રાજ્યોને આદેશ

# સાતમી મેએ મોક ડ્રીલ યોજો

## દેશભરમાં વાગશે સાયરન: બ્લેકઆઉટ કરાશે

નવી દિલ્હી: પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત-પાક યુદ્ધના ભણકારા વાગી રહ્યા હોવા વચ્ચે કેન્દ્રના ગૃહ ખાતાએ દેશભરમાં સાતમી મેએ મોક ડ્રીલ યોજવાનો તમામ રાજ્યોને આદેશ આપ્યો હોવાનું સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું.

હવાઈહુમલા સમયે સાયરન વગાડી ચેતવણી આપવી, બ્લૅકઆઉટની તૈયારી તેમ જ નાગરિકોને હુમલાના સમયે કઈ રીતે વર્તવું, સુરક્ષિત સ્થળે ખસી જવું, મહત્ત્વના સંસ્થાનો અને પ્લાન્ટને ઝડપથી કઈ રીતે સંતાડી દેવાની તેમ જ પોતાની સુરક્ષા કેમ કરવી તેની તાલીમ આપવા જેવાં પગલાંઓ અને રિહર્સલનો મોક ડ્રીલમાં સમાવેશ થાય છે.

દેશની આંતરિક સુરક્ષા અને નિર્માણ પામનારી કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારીના ભાગરૂપ આ મોક ડ્રીલ કરવામાં આવશે.

બાવીસ એપ્રિલે પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો બદલો કઈ રીતે લેવો અને તે માટે ક્યો વ્યૂહ અપનાવવો તે નક્કી કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સંરક્ષણ ક્ષેત્રના ટોચના અધિકારીઓ સાથે શ્રેણીબદ્ધ બેઠક યોજી રહ્યા છે.

મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાના કાવતરાંખોરો તેમ જ તેનાં સમર્થકોને બક્ષવામાં નહીં આવે અને તેમને કલ્પના બહારની સજા કરવા પૃથ્વીના છેડા સુધી તેમનો પીછો કરવામાં આવશે.

કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના પાકિસ્તાન દ્વારા છેલ્લાં સતત ૧૧ દિવસથી એલઓસી પાસે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. (એજન્સી)■

## પાકિસ્તાન ગભરાયું

## યુએનએસસીમાં બંધબારણે બેઠકની અપીલ કરી

નવી દિલ્હી : પહલગામ હુમલા બાદ ભારતની કાર્યવાહીથી પાકિસ્તાન ડરી ગયું છે અને તેણે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠક બોલાવવાની અપીલ કરી હતી. ત્યારબાદ યુએનએસસીની બેઠક બોલાવવામાં આવી છે. હવે પાકિસ્તાને યુએનએસસીને આ મુદ્દા પર બંધબારણે વાતચીત કરવાની અપીલ કરી છે.

પાકિસ્તાનની અપીલ પર સુરક્ષા પરિષદ ભારત અને પાકિસ્તાન વચ્ચેની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરશે. યુએનએસસીમાં બંધબારણે થયેલી ચર્ચાઓ જાહેર કરવામાં આવતી નથી. પાકિસ્તાન હાલમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાયી સભ્ય છે અને જુલાઈમાં ૧૫ દેશોની સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની અધ્યક્ષતા કરશે.

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના સ્થાયી પ્રતિનિધિ, આસીમ ઇફ્તિખાર અહેમદે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ બધું જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની પૃષ્ઠભૂમિમાં થઈ રહ્યું (જુઓ પાનું ૨) ▶▶

## ભારતની સંરક્ષણ વૅબસાઈટ પર પાકિસ્તાનનો સાઈબર હુમલો

નવી દિલ્હી: તાજેતરમાં જ પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો હોવા વચ્ચે ભારતની સેનાએ માહિતી આપી છે કે પાકિસ્તાની હેકર્સે ભારતની મહત્ત્વની સંરક્ષણ વૅબસાઈટને નિશાન બનાવી હોવાને કારણે સુરક્ષા કર્મચારીઓની ગુપ્ત માહિતી લીક થઈ હોવાની આશંકા છે.

'પાકિસ્તાની સાઈબર ફૉર્સ' નામના એક્સ હેન્ડલે મિલિટરી એન્જિનિયર્સ સર્વિસ (એમઈએસ) અને મનોહર પર્રિકર રક્ષા અધ્યયન અને વિશ્લેષણ સંસ્થાનના ડૅટાની ચોરી કરી હોવાની શંકા સેવાઈ રહી છે.

હેકર્સે 'આર્મ્ડ વ્હીકલ નિગમ લિ.'ની વૅબસાઈટને પણ નુકસાન પહોંચાડવાની કોશિશ કરી હતી. પાકિસ્તાનના ધ્વજ અને એઆઈની મદદથી આ વૅબસાઈટને બગાડવામાં આવી હતી.

'આર્મ્ડ વ્હીકલ નિગમ લિ.'ની વૅબસાઈટને હાલ ઑફલાઈન કરી દેવામાં આવી છે જેથી કરીને તેની સંપૂર્ણ (જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં મિનિ વાવાઝોડાં જેવી સ્થિતિ સર્જાઈ: માવઠા સાથે કરા વર્ષા થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હવામાન વિભાગે ભારે પવન, ગાજવીજ અને કરા સાથે વરસાદની આગાહી કરી છે. આગાહીના પગલે સોમવારે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો હતો, તો કેટલીક જગ્યાએ કરા વર્ષા પણ થઈ હતી. ભરઉનાળે વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી, જો કે, ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. કમોસમી વરસાદના કારણે તલ, બાજરી, જુવાર જેવા પાકોને મોટા પ્રમાણમાં નુકસાનની ભિતી છે.

ગુજરાતમાં મિનિ વાવાઝોડાં જેવી સ્થિતિ સર્જાઈ હતી. અમદાવાદમાં પણ સમી સાંજે વાતાવરણ પલટાયું હતું. ભારે પવન ફૂંકાતા રસ્તા પર વાહનચાલકો ચિંતામાં મુકાયા હતા. શહેરના કેટલાક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા, જ્યારે ભારે પવનના કારણે શહેરના શ્યામલ વિસ્તારમાં હોર્ડિંગ પડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અમદાવાદ (જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રમાં એચએસસીનું પરિણામ જાહેર: છોકરીઓએ બાજી મારી

મુંબઈ: મહારાષ્ટ્ર રાજ્ય બૉર્ડે, ૫ મેના રોજ ૧૨મા ધોરણની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે. મહારાષ્ટ્ર એચએસસી પરીક્ષા ૨૦૨૫માં કુલ ૯૧.૮૮ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. છોકરીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે અને છોકરાઓ કરતાં વધુ પાસની ટકાવારી નોંધાવી છે. ઇન્ટરમીડિયેટમાં ૯૪.૫૮ ટકા છોકરીઓ પાસ થઇ છે, જ્યારે કુલ ૮૯.૫૧ ટકા છોકરાઓ પાસ થયા છે. ચાલો જાણીએ કે કયા પ્રવાહમાં કેટલા ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.

આ વર્ષે, HSC પરીક્ષા માટે ફોર્મ ભરનાર કુલ ૧૪,૨૭,૦૮૫ વિદ્યાર્થીઓમાંથી ૧૪,૧૭,૯૬૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૩,૦૨,૮૭૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. કુલ પરિણામ ૯૧.૮૮ ટકા આવ્યું છે. પરીક્ષામાં બેસવા માટે કુલ ૩૬,૧૩૩ ખાનગી વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી ૩૫,૬૯૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૨૯,૮૯૨ પાસ થયા છે. કુલ પરિણામ ૮૩.૭૩% આવ્યું છે.

**કયા પ્રવાહનું પરિણામ કેટલું રહ્યું?**

આ વખતે, મહારાષ્ટ્ર બૉર્ડના ૧૨મા વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૭.૩૫%, આર્ટ્સ પ્રવાહનું ૮૦.૫૩%, વાણિજ્ય (જુઓ પાનું ૨) ▶▶




ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 87,570/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

MBBS ADMISSION Guidance
5 LAKH FEES PER YEAR
VISHWA
70 3030 66 11
www.vmap.co.in



**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# વિદેશમાં બનેલી ફિલ્મો પર ટૅરિફ, નુકસાન હોલિવૂડને થશે

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાને ફરી દુનિયાનો મહાનતમ દેશ બનાવવાની વાતો કરે છે પણ એ જે પ્રકારનાં પગલાં ભરી રહ્યાં છે એ જોતાં અમેરિકા બુંદ બેસાડી દેશે એવું લાગે છે. ટ્રમ્પ કોઈ ચોક્કસ વ્યૂહરચના વિના મનફાવે એવા તુક્કા અમલી બનાવી રહ્યા છે અને તાજો તુક્કો વિદેશમાં બનેલી ફિલ્મોને નિશાન બનાવીને કરાયેલી ટેરિફની જાહેરાત છે. ડોનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, અમેરિકામાં રિલીઝ થતી વિદેશમાં બનેલી દરેક ફિલ્મ પર ૧૦૦ ટકા ટેરિફ લાગશે. ટ્રમ્પે રવિવારે રાત્રે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ મૂકીને એલાન કર્યું કે, પોતે અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટને આ અંગે આદેશ પણ આપી દીધો છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પરની લાંબીલચ્ચક પોસ્ટમાં લખ્યું છે કે, અમેરિકન ફિલ્મ ઉદ્યોગ ખૂબ જ ઝડપથી લુપ્ત થઈ રહ્યો છે કારણ કે અન્ય દેશો ફિલ્મો બનાવવા માટે અનેક પ્રકારની છૂટછાટો અને ઓફરો આપી રહ્યા છે તેથી અમેરિકાના બદલે વિદેશમાં શૂટિંગ થવા માંડ્યાં છે. તેના કારણે હોલિવૂડ અને અમેરિકન સ્ટુડિયો ખતમ થઈ રહ્યા છે તેથી વિદેશમાં નિર્મિત કોઈ પણ અને તમામ ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા આદેશ આપ્યો છે. ટ્રમ્પે વિદેશમાં બનેલી ફિલ્મોને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાવીને કહ્યું છે કે, વિદેશમાં બનેલી ફિલ્મો અમેરિકામાં કુપ્રચાર ફેલાવી શકે છે.

ટ્રમ્પની આ પોસ્ટ ખરેખર બુધ્ધા દેવાળા જેવી છે કેમ કે ટ્રમ્પ વિદેશી ફિલ્મોને ટાર્ગેટ નથી કરી રહ્યા પણ વિદેશમાં બનેલી ફિલ્મોને ટાર્ગેટ કરી રહ્યા છે. ટ્રમ્પે અગાઉ ચિંતા વ્યક્ત કરી હતી કે અમેરિકાની બહાર ફિલ્મો બની રહી છે અને કોઈ નિર્માતા અમેરિકામાં ફિલ્મ બનાવવા માગતો ના હોય તો તેના પર ટેક્સ લાગવો જોઈએ. એ વખતે કોઈને ખબર નહોતી કે, ટ્રમ્પ આ રીતે વિદેશમાં બનનારી ફિલ્મોને ટાર્ગેટ કરીને તેમના પર ટેરિફ લાદી દેશે.

ટ્રમ્પની જાહેરાતને કારણે ઘણાં લોકો એવું સમજ્યાં છે કે, ટ્રમ્પ વિદેશી ફિલ્મો પર ટેરિફ લાદી રહ્યા છે પણ વાસ્તવમાં આ ફિલ્મો વિદેશની તો છે જ પણ હોલિવૂડની પણ છે. હોલિવૂડની જે ફિલ્મોનું નિર્માણ હોલિવૂડના સ્ટુડિયોમાં કે અમેરિકાનાં લોકેશન પર નથી થતું અની ફિલ્મોની ટ્રમ્પ વાત કરી રહ્યા છે. હોલિવૂડના સ્ટુડિયોમાં કે અમેરિકાનાં લોકેશન પર ફિલ્મોનું નિર્માણ નથી થતું તેનું કારણ એ છે કે, હોલિવૂડના સ્ટુડિયોમાં કે અમેરિકાનાં લોકેશન કરતાં વિદેશમાં શૂટિંગ કરવું સસ્તું પડે છે તેથી સૌથી મોટું કારણ તો અમેરિકામાં થતો ફિલ્મ નિર્માણનો તોતિંગ ખર્ચ જ છે.

અમેરિકામાં લોસ એન્જલસ સૌથી મોંઘું શહેર છે તેથી ત્યાં બધું જ મોંઘું પડે છે. લોસ એન્જલસમાં આવેલા હોલિવૂડના સ્ટુડિયોથી માંડીને એક્સ્ટ્રા સુધીનાં બધાંને બાંધેલા ભાવે ડૉલરમાં ચુકવણી કરવી પડે છે. બીજા દેશમાં જાઓ એટલે આમ બધું જ સસ્તું પડે. ઉદાહરણ તરીકે ભારતમાં ફિલ્મનું બજેટ ૧૦૦ કરોડ રૂપિયા હોય તો બહુ વધારે કહેવાય. આપણે ત્યાં સો કરોડમાં તો એક્ટર્સની ફી સહિત બધું આવી ગયું.

હવે ૧૦૦ કરોડ રૂપિયાને ડૉલરમાં ફેરવો તો સવા કરોડ ડૉલર પણ ના થાય. અમેરિકામાં સવા કરોડ ડૉલરમાં કંઈ ના થાય. અમેરિકામાં સ્ટાર્સ ફિલ્મના નફામાં શેરિંગના આધાર પર કામ કરતા હોય છે તેથી તેમને નફો થાય તો તોતિંગ રકમ મળે પણ એ સિવાયની ફી સામાન્ય હોય છે. અલબત્ત સેટ્ ઊભો કરવાથી માંડીને બીજા ખર્ચા તોતિંગ હોય છે. આ કારણે હોલિવૂડની મોટાભાગની ફિલ્મોનું શૂટિંગ વિશ્વના અલગ અલગ દેશોમાં થાય છે. ભારત. યુએઈ સહિતના દેશોમાં અમેરિકા કરતાં દસમા ભાગના ખર્ચમાં શૂટિંગ પતી જતું હોય છે તેથી હોલિવૂડના નિર્માતા બહારનાં લોકેશન પસંદ કરે છે.

આ સિવાય બીજું કારણ કેટલાક દેશો દ્વારા અપાતી કરમુક્તિ પણ છે. બ્રિટન અને કેનેડા જેવા દેશોમાં ફિલ્મોના નિર્માણ પર કરમુક્તિનો લાભ મળે છે. આ દેશોમાં માહોલ અમેરિકા જેવો જ હોય છે તેથી શૂટિંગ કરાય તો અમેરિકામાં જ શૂટિંગ કરાતું હોય એવું લાગે. કોઈ પણ સેટ ઊભો કર્યા વિના જાહેરમાં શૂટિંગ કરી શકાય છે તેથી બહુ સસ્તું પડે છે. આ કારણે પણ અમેરિકાને બદલે આ દેશોમાં ફિલ્મોનું શૂટિંગ થઈ રહ્યું છે. ઘણા કિસ્સામાં ફિલ્મની સ્ક્રિપ્ટની જ માગ વિદેશમાં શૂટિંગ માટેની હોય છે. આ કારણે પણ ફિલ્મોનું શૂટિંગ વિદેશમાં કરાય છે.

ટ્રમ્પનો ઈરાદો આ બધું રોકીને અમેરિકામાં ફિલ્મોનાં શૂટિંગ કરાવવાનો છે પણ એ શક્ય નથી. બલ્કે આ પ્રકારના ફતવાના કારણે અમેરિકામાં ફિલ્મ નિર્માણને મોટો ફટકો પડશે કેમ કે નાના નાના નિર્માતા તો ફિલ્મો બનાવવાનું જ માંડી વાળશે. આમ પણ અમેરિકામાં ફિલ્મોનું નિર્માણ સતત ઘટી રહ્યું છે. એક અહેવાલ મુજબ, અમેરિકામાં ફિલ્મ નિર્માણમાં દર વર્ષે પાંચ-સાત ટકાનો ઘટાડો થાય છે. કોરોના આવ્યો એ પછી તો આ ઘટાડો તીવ્ર બન્યો છે કેમ કે ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૩માં ૨૬ ટકા ઘટાડો નોંધાયો છે. હવે ફરજિયાત અમેરિકામાં નિર્માણના ફતવાના કારણે નિર્માણ હજુ ઘટશે.

બીજું એ કે, ટ્રમ્પે પોતે પણ જાહેરાત તો કરી નાખી પણ ટેરિફ કેવી રીતે લાગુ કરવામાં આવશે તેની કોઈ ચોખવટ નથી. માત્ર ફિલ્મોનાં શૂટિંગ વિદેશમાં થયાં હોય એવી ફિલ્મો પર ટેરિફ લાદશે કે પછી પોસ્ટ પ્રોડક્શન થયું હોય એવી ફિલ્મો પર પણ લાદશે તેની કઈ સ્પષ્ટતા નથી. પોસ્ટ પ્રોડક્શન વિદેશમાં થયું હોય એવી ફિલ્મો પર પણ સો ટકા ટેરિફ લદાય તો હોલિવુડની કોઈ ફિલ્મ ટેરિફ વિનાની ના રહે કેમ કે હવે પોસ્ટ પ્રોડક્શન વિદેશમાં જ થાય છે કેમ કે હોલિવૂડના સ્ટુડિયો નિર્માતાઓને પરવડતા જ નથી.

ટ્રમ્પે આ બધાં ગતકડાં કરવાના બદલે હોલિવૂડને પોતાની રીતે મજબૂત થવા દેવો જોઈએ કેમ કે આ પ્રકારનાં પગલાંનાં રીએક્શન્સ પણ આવશે જ. ટ્રમ્પ વિદેશી ફિલ્મો પર ટેરિફ લાદશે તેથી બીજે અમેરિકાની ફિલ્મો પર ટેરિફ લદાશે ને તેના કારણે હોલિવૂડને ફટકો પડશે જ. અમેરિકામાં દર વર્ષે સેંકડો ફિલ્મો બને છે અને તેમનું બજાર ફક્ત અમેરિકા પૂરતું મર્યાદિત નથી. વિશ્વના લગભગ તમામ દેશમાં હોલિવૂડની ફિલ્મો રિલીઝ થાય છે. ૨૦૨૩માં અમેરિકન ફિલ્મોએ વિદેશોમાં ૨૨.૬ અબજ ડૉલરની કમાણી કરી હતી. ટેરિફ લદાશે તેથી આ કમાણી પર અસર થશે જ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, મંગળવાર, તા. ૬-૫-૨૦૨૫, શ્રી હરિજયંતી, ત્રિચૂરપોરમ

- ભારતીય દિનાંક ૧૬, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર મઘા ૧૫-૫૧ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૫, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૭, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૭-૪૬, રાત્રે ક. ૨૦-૦૯
- ઓટઃ બપોરે ક. ૧૩-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૫ (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ - નવમી. શ્રી હરિજયંતી, ત્રિચૂરપોરમ (કેરાલા), બુધ મેષમાં ૨૮-૦૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજા, વડનું પૂજન, મંગળ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર, જમીન, મકાન લેવડદેવડના નિત્ય થતાં કામકાજ, શ્રી ગણેશ, શ્રી સૂર્યનારાયણનું પૂજન.
- આચમનઃ સૂર્ય-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ ચાલબાજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મીન/મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# સુપ્રીમ કોર્ટમાં વક્ફ સુધારા કાયદા મુદ્દે સુનાવણી હવે ૧૫ મેના રોજ હાથ ધરાશે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે વક્ફ સુધારા કાયદાની બંધારણીયતાને પડકારતી અરજી પરની સુનાવણી આગામી સપ્તાહ સુધી મુલતવી રાખી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ પીવી સંજય કુમાર અને ન્યાયાધીશ કે.વી વિશ્વનાથનની બેન્ચે આ કેસની સુનાવણી શરૂ કરી હતી. ત્યારે જ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને આગામી અઠવાડિયા સુધી સુનાવણી મુલતવી રાખવા વિનંતી કરી. બેન્ચે તેમની માંગણી સ્વીકારી હતી. હવે આ મામલાની સુનાવણી આગામી ગુરુવાર ૧૫ મેના રોજ થશે.

આજની સુનાવણી દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ નોંધ્યું કે તેમણે સરકાર દ્વારા દાખલ કરાયેલી બધી દલીલો અને જવાબ વાંચ્યો છે. કોર્ટે કહ્યું કે નોંધણી અને ચોક્કસ ડેટાના આધારે મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. જેના પર અરજદારો દ્વારા પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું કે સીજેઆઈ ખન્નાની નિવૃત્તિ નજીક હોવાથી તે છેલ્લા તબક્કે પણ કોઈ નિર્ણય કે આદેશ અનામત રાખવા માંગતા નથી. તેથી આ હવે આ મામલાની સુનાવણી આગામી ગુરુવારે દેશના સીજેઆઈ બનવા જઈ રહેલા જસ્ટિસ બી આર ગવઈની અધ્યક્ષતાવાળી બેન્ચ દ્વારા કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વક્ફ મિલકતોનું નિયમન અને વ્યવસ્થાપન કરવા માટે સરકારે ૧૯૯૫ના વક્ફ કાયદામાં કેટલાક સુધારા કર્યા હતા. વિરોધ પક્ષો અને મુસ્લિમ સંગઠનોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. જેમાં તેને ધાર્મિક અને મૂળભૂત અધિકારો પર અતિક્રમણ ગણાવ્યું છે. આ કાયદો લોકસભા દ્વારા ૩ એપ્રિલે અને રાજ્યસભા દ્વારા ૪ એપ્રિલે પસાર કરવામાં આવ્યો હતો. ૫ એપ્રિલે રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા બાદ આ સુધારો અમલમાં આવ્યો.

કેન્દ્ર સરકાર અને ઘણી ભાજપ શાસિત રાજ્ય સરકારો દ્વારા કોર્ટમાં કાયદાનો બચાવ કરવામાં આવી રહ્યો છે. જ્યારે પડકાર આપનારા કૉંગ્રેસના સાંસદ મોહમ્મદ જાવેદ અને ઓલ ઈન્ડિયા મજલિસ- એ-ઇત્તેહાદુલ-મુસ્લિમીનના સાંસદ અસદુદ્દીન ઓવૈસીના નામ ટોચ પર છે. છેલ્લી સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે તે કાયદાની વિવાદાસ્પદ જોગવાઈઓ પર હાલમાં કોઈ અમલ નહિ કરે. જેમાં ઉપયોગના આધારે વક્ફ તરીકે ગણવામાં આવતી મિલકતો, કોર્ટ દ્વારા જાહેર કરાયેલ વક્ફ મિલકત અને વક્ફ બોર્ડ અથવા કાઉન્સિલમાં બિન-મુસ્લિમોના પ્રવેશનો સમાવેશ થાય છે.

# ત્રાસવાદ સામેની લડતમાં ભારતને રશિયા અને જાપાનનો સંપૂર્ણ ટેકો

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને સોમવારે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત કરી હતી અને ત્રાસવાદ સામેની લડતમાં ભારતને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથેની મુલાકાતમાં જાપાનના સંરક્ષણ પ્રધાન જનરલ નાકાતાનીએ પણ આ મામલે ભારતને સંપૂર્ણ ટેકો આપવાની જાહેરાત કરી હતી.

પુતિન અને જાકાતાની બંનેએ પહલગામ આતંકવાદી હુમલાને ભારપૂર્વક વખોડી કાઢ્યો હતો.

વિદેશ ખાતાના જણાવ્યાનુસાર પુતિને પહલગામ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા નિર્દોષ લોકો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરતાં મોદીને કહ્યું હતું કે ત્રાસવાદ વિરુદ્ધની લડતમાં રશિયા ભારતની પડખે છે.

પુતિને ભારપૂર્વક કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાનાં કાવતરાંખોરો અને સમર્થકોને કડકમાં કડક સજા થવી જોઈએ.

ભારત-રશિયા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનાવવાનો પુતિને પુનરોચ્ચાર કર્યો હતો.

૮૦મા 'વિજય દિન'ની ઉજવણીના પ્રસંગે મોદીએ પુતિનને અભિનંદનનો સંદેશ પાઠવ્યો હતો.

આ વર્ષના અંત ભાગમાં યોજાનારી ભારત-રશિયા વાર્ષિક શિખર પરિષદ માટે મોદીએ પુતિનને આમંત્રણ આપ્યું હતું.

દરમિયાન રાજનાથ સિંહે નાકાતાની સાથે આતંકવાદને મુદ્દે વ્યાપક મંત્રણા કરી હતી.

ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં ચીનના લશ્કરના વધતા પ્રભુત્વને પગલે દ્વિપક્ષી સંબંધ વધુ વ્યાપક બનાવવા અને આતંકવાદના દૂષણને ડામવા સહિતના મુદ્દે બંનેએ વાતચીત કરી હતી.

ત્રાસવાદ વિરુદ્ધની લડતમાં સંપૂર્ણ ટેકો આપવા બદલ રાજનાથે નાકાતાનીનો આભાર માન્યો હતો. (એજન્સી)

# પહલગામ આતંકી હુમલોઃ એનઆઈએની તપાસમાં માસ્ટર માઈન્ડનું નામ ખુલ્યું

નવી દિલ્હી : જમ્મુ-કાશ્મીરના પહલગામ આતંકી હુમલા બાદ આ કેસની તપાસ એનઆઈએ કરી રહી છે. આ દરમિયાન એનઆઈએ પાસે એક મહત્ત્વની કડી આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પહલગામ હુમલામાં અલ ઉમર મુજાહિદ્દીનના વડા મુશ્તાક અહેમદ ઝરગરની ભૂમિકા પ્રકાશમાં આવી છે. એનઆઈએની તપાસમાં જાણવા મળ્યું છે કે તેના સમર્થકોએ પહલગામ હુમલાના ઓવરગ્રાઉન્ડ વર્કર્સને મદદ કરી હતી.

મુશ્તાક અહેમદ ઝરગર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો ઓપરેશનલ કમાન્ડર છે અને વર્ષ ૨૦૧૯ના પુલવામા હુમલાનો આરોપી પણ છે. મુશ્તાક ઝરગરને કંધાર હાઇજેકિંગ ઘટનામાં મૌલાના મસૂદ અઝહર સાથે મુક્ત કરવામાં આવ્યો હતો અને હાલમાં તે પાકિસ્તાનમાં રહે છે. અલગ અલગ કેસોમાં ધરપકડ કરાયેલા ઓવરગ્રાઉન્ડ કામદારોની પૂછપરછ દરમિયાન આ મહત્ત્વપૂર્ણ ખુલાસો થયો છે. ઝરગરના આતંકવાદી સંગઠન પર ભારત સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૩માં રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા તેનું ઘર જપ્ત કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુશ્તાક ઝરગર હાલમાં પાકિસ્તાનમાં છે. પરંતુ શ્રીનગરનો હોવાથી તેનો ઓવરગ્રાઉન્ડ કાર્યકરો અને તેમના સમર્થકોમાં પ્રભાવ હોવાનું કહેવાય છે. એટલા માટે પહલગામ આતંકવાદી હુમલામાં ઝરગરની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી રહી છે.

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. મૃત્યુ પામેલા મોટાભાગના પ્રવાસીઓ હતા. આ હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી અને સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી. તેમજ પાકિસ્તાની વિઝા રદ કરવામાં આવ્યા હતા. ભારતે પાકિસ્તાન સાથેનો તમામ વેપાર પણ સંપૂર્ણપણે બંધ કરી દીધો.

# જમ્મુ-કાશ્મીરના પૂંછમાં આતંકવાદીઓનું ઠેકાણું મળ્યુંઃ આઈઈડી અને વાયરલેસ સેટ મળ્યાં

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ સુરક્ષા દળો જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. તેમજ આતંકવાદીઓના અનેક સ્થળો અને ઘરને તોડી પાડયા છે.

આ દરમિયાન પૂંછ જિલ્લામાં સુરક્ષા દળોએ એક આતંકવાદીના ઠેકાણાને શોધ્યું છે. સુરક્ષા દળોએ જિલ્લાના સુરનકોટ સેક્ટરના હરી મારોટે ગામમાં આ આતંકવાદી ઠેકાણાની શોધ કરી. જ્યાંથી પાંચ આઈઇડી,વાયરલેસ સેટ અને કેટલાક કપડાં મળી આવ્યા હતા. રવિવારે મોડી રાત્રે સેના પોલીસ અને એસઓજી સહિત સુરક્ષા દળો દ્વારા સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય રાઇફલ્સ ભારતીય સેનાના પેરા કમાન્ડો યુનિટ્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન પાકિસ્તાની આતંકવાદીઓ છુપાવવા માટે બનાવેલો અત્યાધુનિક 'ફોકસ હોલ' નો પર્દાફાશ કર્યો હતો. જ્યાં ૩૦ એપ્રિલના રોજ ગોળીબાર થયો હતો.

આ ફોકસ હોલની રચના અને તેમાં છુપાયેલા શસ્ત્રોએ સુરક્ષા એજન્સીઓને પણ ચોંકાવી દીધા હતા. જમીનના ખાડો કરીને બનાવવામાં આવેલો ફોકસ હોલ લગભગ છ ફૂટ ઉંડો અને આઠ ફૂટ પહોળો હતો. આતંકવાદીઓએ લાંબા સમય સુધી સંતાવા માટે આવી વ્યવસ્થા કરી હતી. અહીં આતંકવાદીઓએ ગેસ સિલિન્ડર, સોલાર લાઇટ, શસ્ત્રો અને અન્ય જરૂરી વસ્તુઓ છુપાવી હતી.

આ અગાઉ, બાંદીપોરા પોલીસે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા ઓવર ગ્રાઉન્ડ વર્કર્સના એક મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો અને ચાર શંકાસ્પદોની ધરપકડ કરી હતી. પોલીસને ગુપ્ત માહિતી મળી હતી કે લશ્કર-એ-તૈયબાના કેટલાક ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ તેમના પાકિસ્તાની હેન્ડલરોના નિર્દેશ પર પોલીસ, સુરક્ષા દળો અને બહારના નાગરિકોને નિશાન બનાવવાનું કાવતરું ઘડી રહ્યા છે.

આ માહિતીના આધારે, બાંદીપોરા પોલીસે વિસ્તારમાં ખાસ ચોકીઓ ગોઠવી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. જેમાં ચેકિંગ દરમિયાન, બે શંકાસ્પદ મોહમ્મદ રફીક ખાંડે અને મુખ્તાર અહેમદ ડારની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી બે ચાઇનીઝ હેન્ડ ગ્રેનેડ, એક ૭.૬૨ મીમી. મેગેઝિન અને ૭.૬૨ મીમી. જીવંત કારતૂસના ૩૦ રાઉન્ડ મળી આવ્યા હતા. આ સંદર્ભમાં સુંબલ પોલીસ સ્ટેશનમાં ઞઅઙઅ ની સંબંધિત કલમો હેઠળ પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે.

## ટ્રમ્પની નજર હવે ફિલ્મો પર

# અમેરિકા બહાર બનતી ફિલ્મો પર સો ટકા ટૅરિફ

વોશિંગ્ટનઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ફરી ટૅરિફ ટેરર શરૂ કર્યો છે. આ વખતે તેમના નિશાના પર ફિલ્મ ઈન્ડસ્ટ્રી આવી છે. અમેરિકન ફિલ્મજગતને ફરી બેઠું કરવાના બહાના હેઠળ ટ્રમ્પે અમેરિકા બહાર બનતી તમામ ફિલ્મો પર ૧૦૦ ટકા ટૅરિફની જાહેરાત કરી છે.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી કે તેમણે વાણિજ્ય વિભાગ અને યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવને યુએસની બહાર બનેલી બધી ફિલ્મો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યું છે. ડોનલ્ડે પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં એ દેશોની ટીકા પણ કરી હતી જેઓ અમેરિકી સ્ટૂડિયો અને અમેરિકન નિર્માતાઓને તેમના દેશમાં શૂટિંગ કરવા આકર્ષક ઓફરો આપે છે. તેમણે આ પ્રકારની નીતિને અમેરિકા માટે આર્થિક ખતરો ગણાવ્યો હતો. તેણે પોસ્ટમાં લખ્યું કે અમેરિકામાં ફિલ્મઉદ્યોગ ખતમ થઈ રહ્યો છે, જેના માટે અન્ય દેશો દ્વારા કરવામાં આવતા પ્રયાસો જવાબદાર છે. આ પ્રયાસ રાષ્ટ્રીય અને આર્થિક સુરક્ષા માટે ખતરાસમાન છે. આ સાથે આ એક પ્રોપોગેંડા છે. આથી મારી સરકાર ઈચ્છે છે કે ફિલ્મો ફરી અમેરિકાની ધરતી પર જ બને.

રવિવારે, ટ્રમ્પે સાન ફ્રાન્સિસ્કો ખાડીમાં અલ્કાટ્રાઝ જેલ ફરીથી ખોલવાની યોજનાનું પણ અનાવરણ કર્યું હતું. અહીં દેશના કેટલાંક કુખ્યાત ગુનેગારોને રાખવામાં આવ્યા હતા. તેમણે ન્યાય વિભાગ, એફબીઆઈ અને હોમલેન્ડ સિક્યુરિટી સાથે સંકલનમાં, બ્યુરો ઓફ પ્રિઝન્સને સુવિધાજનક બનાવવા કહ્યું હતું.

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાન ગભરાયું

છે. તેમણે કહ્યું, પહલગામમાં એક ઘટના બની છે તે સ્પષ્ટ છે. પરંતુ તે પછી જે પરિસ્થિતિ વિકસિત થઈ છે તે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ખરેખર ખતરો છે. અમારું માનવું છે કે સુરક્ષા પરિષદ પાસે ખરેખર આવું કરવાનો અધિકાર છે. પાકિસ્તાન સહિત યુએનએસસીના કોઈપણ સભ્ય માટે આ ગંભીર પરિસ્થિતિ પર વિચાર કરવા માટે સુરક્ષા પરિષદની બેઠક અને ચર્ચાની વિનંતી કરવી સંપૂર્ણપણે યોગ્ય રહેશે. પહલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ કડક નિર્ણયો લીધા ત્યારથી પાકિસ્તાનના રક્ષા મંત્રી, વિદેશ પ્રધાન, માહિતી પ્રધાન, રેલવે પ્રધાન અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો જેવા મોટા નેતાઓ ભારત વિરુદ્ધ ઝેર ઓકતા રહ્યા છે. આ નેતાઓએ ભારતને ગૌરી, ગઝનવી, અબ્દાલી જેવા મિસાઇલો અને પરમાણુ શસ્ત્રોથી ધમકી આપી હતી. બીજી તરફ વડા પ્રધાન શાહબાઝ શરીફે વારંવાર આંતરરાષ્ટ્રીય સમુદાયને પહલગામ હુમલાની તપાસ કરવા જણાવ્યું છે.

### ભારતની સંરક્ષણ

ચકાસણી કરી શકાય અને આ સાઈબર હુમલાને કારણે કેટલું નુકસાન થયું છે તેની આકારણી કરી શકાય, એમ સેનાએ કહ્યું હતું. આ ઉપરાંત સાઈબર સુરક્ષા નિષ્ણાતો અને એજન્સીઓ સાઈબર સ્પેસ પર ચાંપતી નજર રાખી રહ્યા છે જેથી કરીને પાકિસ્તાન પ્રેરિત કોઈપણ સાઈબર હુમલાને તુરંત ઓળખી કાઢી તેનો નીવેડો લાવી શકાય. ભાવિ જોખમને ઓળખી કાઢી તરત તેને રોકી દેવાના આશયથી ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા માળખા, ડિજિટલ સુરક્ષાને મજબૂત કરવા તેમ જ ઘૂસણખોરીના પ્રયાસોને રોકવા ઉચિત અને આવશ્યક ઉપાય કરવામાં આવી રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

### ગુજરાતમાં

ઉપરાંત વડોદરા, મહેસાણા, બોટાદ સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો. ભાવનગર રોડ પર રસ્તા પર લગાવેલું હોર્ડિંગ્ઝ ધરાશાયી થયું હતું. પાટનગર ગાંધીનગરમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ગાંધીનગરમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો.

રાજકોટમાં બપોર બાદ અચાનક વાતાવરણ પલટાયું હતું. વાદળછાયા વાતાવરણ બાદ શહેરના અનેક વિસ્તારમાં ભારે પવન સાથે કમોસમી વરસાદનું ઝાપટું પડ્યું હતું, જેના કારણે રસ્તાઓ પાણી-પાણી થઈ ગયા હતા, ભારે પવન ફૂંકાતા વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. તો સામાન્ય વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બપોર બાદ ચોટિલા, કચ્છના રાપર અને કચ્છના બેલામાં કરા સાથે વરસાદ પડતા ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા.

### મહારાષ્ટ્રમાં એચએસસીનું

પ્રવાહનું ૯૨.૬૮% અને વ્યાવસાયિક પ્રવાહનું પરિણામ ૮૩.૩% નોંધાયું છે. જે વિદ્યાર્થીઓ HSC માં એક કે બે વિષયોમાં નાપાસ થયા છે,બોર્ડ દ્વારા તેમને કમ્પાર્ટમેન્ટ પરીક્ષામાં બેસવાની તક આપવામાં આવશે. કમ્પાર્ટમેન્ટ શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ વખતે ઇન્ટરમીડિયેટમાં કુલ ૩૮ શાળાઓનું પરિણામ શૂન્ય આવ્યું છે. જ્યારે,કોઈપણ વિદ્યાર્થીને ૧૦૦ ટકા માર્ક્સ મળ્યા નથી. લગભગ ૪,૫૦૦ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ ગુણ મેળવ્યા છે. પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓ કેટલાક દિવસો પછી તેમની સંબંધિત શાળાઓમાંથી માર્કશીટ મેળવી શકશે.

# અમેરિકાના ફિનિક્સમાં ગોળીબારમાં ત્રણનાં મોત

ગ્લેનડેલ : ઉપનગર ફિનિક્સમાં એક રેસ્ટોરાંમાં ગોળીબાર કરતાં ત્રણ જણનાં મરણ થયાં હતાં અને બીજા પાંચ જણને ઈજા થઈ હતી, એવી માહિતી પોલીસે આપી હતી. ગ્લેનડેલ પોલીસ ડિપાર્ટમેન્ટ ઓફિસર મોરોની મેન્ડેઝે કહ્યું હતું કે પોલીસને અલ કેમેરુન જિનેટ મેરિસ્કોસ એન્ડ સ્ટેકહાઉસમાં રાતના પોણાઆઠ વાગ્યે ગોળીબાર થવાનો ફોન આવ્યો હતો. ગોળી કે ઉડેલા ધાતુના ટુકડા વાગતા ત્રણ જણ મરણ પામ્યાં હતાં અને બીજા પાંચ જણ ઘાયલ થયા હતા.

મેન્ડેઝે કહ્યું હતું કે ત્યાં ઘણા લોકો કોઈ ઈવેન્ટમાં હાજરી આપી રહ્યા હતા. કોઈની પાસે માહિતી હોય તો મને જાણ કરે. અમે અગાઉ જ કહ્યું એમ ગોળીબારમાં ત્રણ જણ મરણ પામ્યા હતા. અમે એવી તકેદારી લેવા માગીએ છીએ કે તપાસ સંપૂર્ણ અને ઝીણવટભરી થાય અને ભોગ બનેલાઓને ન્યાય અપાવી શકે.

પોલીસ માને છે કે આ ગોળીબારકાંડમાં એકથી વધારે નિશાનબાજ સંડોવાયેલા છે. તપાસકારોએ કોઈ શકમંદને પકડયા નથી. જોકે અનેક લોકોની પૂછપરછ થઈ રહી છે.

બનાવ વખતે રેસ્ટોરાંની નજીક જ રહેલા લુપે રોર્ડિગ્ઝે કહ્યું હતું કે ગોળીબારના અવાજ સાંભળીને હું સલામતી માટે ભાગ્યો હતો. હું હચમચી ગયો હતો. જોકે મને એ જાણીને આનંદ થયો કે હું અને મારા મિત્ર બચી ગયા. જમીન પર એક માણસ પડેલો હતો. તેના પિતા તેનું નામ જોરથી બોલી રહ્યા હતા. આ અતિશય ખરાબ હતું. (એજન્સી)

# થાણેમાં દિવ્યાંગ મહિલાને ધમકાવવા બદલ ત્રણ સામે ગુનો

થાણેઃ થાણે જિલ્લાના એક ગામમાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલો સ્ટોલ ચલાવતી શારીરિક રીતે અક્ષમ મહિલાને ધમકાવવા અને તેને ગાળો ભાંડવા બદલ ત્રણ જણ સામે ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મહિલાની ફરિયાદને આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને રાઇટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીસ એક્ટ, ૨૦૧૬ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

૪૯ વર્ષની દિવ્યાંગ મહિલા પ્રહાર દિવ્યાંગ ક્રાંતિ સંગઠનના થાણે જિલ્લા યુનિટની પ્રમુખ છે અને રાજ્ય સરકારે ફાળવેલો સ્ટોલ ચલાવે છે. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે આરોપી રામદાસ ખોત ૧૫ માર્ચે તેના સ્ટોલ પર આવ્યો હતો અને તેણે અપશબ્દો કહી તેને ધમકી આપી હતી. ઉપરાંત તેને પ્રહાર દિવ્યાંગ ક્રાંતિ સંગઠન સાથે સંબંધ તોડી નાખવાની ચેતવણી આપી હતી. આરોપી રામદાસ ખોતે ફરિયાદી મહિલાને ધમકી આપી હતી કે મારા સાથીદારો કૃષ્ણા શિંદે અને રિઝવાન સૈયદ તારા ઘરે આવશે અને તારા પર શારીરિક હુમલો કરશે. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોઇ હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# ભિવંડીમાં 30 લાખની બોગસ નોટો જપ્ત

## ત્રણની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં પોલીસે ૩૦ લાખ રૂપિયાની બોગસ નોટો જપ્ત કરીને ત્રિપુટીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ભિવંડી વિસ્તારમાં ૩ મેની રાતે આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ધરપકડ કરાયેલા ત્રણેયની ઓળખ સૂરજ શેંડે (૩૨), ભરત સાસે (૩૮) અને સ્વપ્નીલ પાટીલ (૩૮) તરીકે થઇ હતી. આરોપીઓએ બોગસ નોટો જાતે છાપી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.

પોલીસ અધિકારીઓને માહિતી મળી હતી કે અમુક લોકો બોગસ નોટો વિતરીત કરવા આવવાના છે. આથી પોલીસ ટીમે ભિવંડીમાં છટકું ગોઠવીને ત્રણેય આરોપીને પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી બોગસ નોટો જપ્ત કરી હતી. ■

# મીરા રોડમાં હત્યાકેસનો ફરાર આરોપી પંજાબથી પકડાયો

મુંબઈઃ મીરા રોડ વિસ્તારમાં માથામાં ગોળી મારી શખસની હત્યા કર્યા બાદ ફરાર થયેલા આરોપીને ખંડણી વિરોધી શાખાએ પંજાબથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ સચિનકુમાર સાહુ ઉર્ફે રાઠોડ તરીકે થઇ હતી, જેને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને પંજાબથી લવાયો હતો અને વધુ તપાસ માટે ક્રાઇમ બ્રાન્ચને સોંપાયો હતો.

મીરા રોડમાં ૩ જાન્યુઆરીએ રાતે મોહંમદ શમ્સ તબરેઝ અન્સારી તેના મિત્રો સાથે વાતચીત કરી રહ્યો હતો ત્યારે સચિનકુમાર ત્યાં આવ્યો હતો અને પિસ્તોલમાંથી અન્સારીમાં માથામાં ગોળી મારી ફરાર થઇ ગયો હતો. અન્સારીનું મૃત્યુ થતાં નયાનગર પોલીસે આ પ્રકરણે સચિનકુમાર વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની શોધ આદરી હતી.

મીરા રોડમાં વ્યવસાયને લઇ થયેલા વિવાદમાં આરોપી સૈફઅલી મન્સુરઅલી ખાન, મોહંમદ યુસુફ આલમ અને તબસ્સુમ ઇસ્તેકારના કહેવાથી સચિનકુમારે અન્સારીની હત્યા કરી હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. દરમિયાન સચિનકુમારની શોધ ચલાવી રહેલી ખંડણી વિરોધી શાખાની ટીમને માહિતી મળી હતી કે તે પંજાબ ભાગી છૂટ્યો છે. આથી પોલીસની ટીમ ત્યાં રવાના થઇ હતી અને સ્થાનિક પોલીસની મદદથી તેને ભટિંડાથી પકડી પાડ્યો હતો.

# નાગપુરમાં તેજ ગતિથી આવતી મિનિ ટ્રક સાથે અથડાતાં ત્રણ લોકોનાં મોત

નાગપુરઃ રવિવારે મહારાષ્ટ્રના નાગપુરમાં એક મિનિ ટ્રકે ટક્કર મારતા ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. ટ્રકચાલક બીજા વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો.

અહેવાલો અનુસાર, મૃતકોની ઓળખ નાગપુર જિલ્લાના કાલમેશ્વર તહસીલના રહેવાસી રમેશ દેહંકર (૫૨) અને રોશન ટેકમ (૨૫) અને મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લાના રહેવાસી રામકૃષ્ણ મનસારામ તરીકે થઈ છે.

ઘટના સમયે, મિનિ ટ્રકે પહેલા એક સ્કૂટરને ટક્કર મારી હતી, જેમાં સ્કૂટર સવાર ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ પછી ટ્રક સામેથી આવી રહેલા બીજા ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. ઘાયલ સ્કૂટર સવારને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર છે. ■

# કલ્યાણ કોર્ટે ૨૦૧૪ના હુમલાના કેસમાં નવ જણને નિર્દોષ છોડ્યા

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે ૨૦૧૪ના દંગલ અને હુમલાના કેસમાં પુરાવાનો અભાવ તથા સાક્ષીએ ફેરવી તોળ્યું હોવાનું નોંધીને નવ જણને નિર્દોષ જાહેર કર્યા હતા. કલ્યાણ કોર્ટનાં એડિશનલ સેશન્સ જજ મંગળા એ. મોતેએ આરોપીઓને કલમ ૧૪૩ (ગેરકાયદે રીતે ભેગા થવું), ૩૩૬ (લોકોના જીવન અથવા વ્યક્તિગત સલામતીને જોખમમાં મૂકવી), ૩૯૫ (સશસ્ત્ર લૂંટ) તેમ જ ભારતીય દંડસંહિતાની અન્ય સંબંધિત જોગવાઇઓ હેઠળના આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા. તપાસકર્તા પક્ષનો કેસ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ જનાબાઇ જગન જગતાપે નોંધાવેલી ફરિયાદ પર આધારિત હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કસારાના શિવાજીનગર વિસ્તારમાં આવેલા તેના ઘરમાં ૨૦થી ૨૫ લોકોનું ટોળું લાઠીઓ અને લોખંડના સળિયા લઇને ઘૂસ્યું હતું. ટોળાએ જનાબાઇ તથા એ વિસ્તારની અન્ય મહિલાઓ પર હુમલો કર્યો હતો. ૭ માર્ચથી શરૂ થયેલી આ કેસની સુનાવણી દરમિયાન તપાસકર્તા પક્ષે જનાબાઇ, હુમલામાં ઘાયલ થયેલી રાણી જગતાપ સહિત ત્રણ સાક્ષીદારની જુબાની નોંધી હતી. સુનાવણી દરમિયાન રાણી જગતાપે ફેરવી તોળ્યું હતું અને આરોપીઓએ હુમલો કર્યો હોવાની વાત નકારી કાઢી હતી. (પીટીઆઇ) ■

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મઃ ૦૫-૦૧-૧૯૩૬

શ્રીજીચરણઃ ૦૨-૦૫-૨૦૨૫

ટ્રસ્ટી શ્રી વામનભાઈ વ્રજલાલ પારેખ

સર્વત્ર સુવાસ ફેલાવી, સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા.

આપનો આનંદિત અને સરળ સ્વભાવ હંમેશાં અમને માર્ગદર્શીરૂપે અમારી સાથે રહેશે. અમારા વડીલ ટ્રસ્ટીની અણધારી વિદાયની ખોટ પૂરાય તેમ નથી. સંસ્થાની સ્થાપનાથી, સાથે રહી હંમેશાં સાથ અને સહકાર સાથે માર્ગદર્શન કર્યું છે. શાળાની ઈંટઈંટ તેઓના કાર્યની સાક્ષી છે. પરમકૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એજ અભ્યર્થના સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

• શોકાતુર •

કપોળ વિદ્યાનિધિ ઈન્ટરનેશનલ સ્કૂલ (ICSE)

શ્રીમતી અલકાબેન વોરા, ચેરમેન
શ્રી પ્રવીણભાઈ સંઘવી, ટ્રસ્ટી
શ્રી હેમંતભાઈ સંઘવી, ટ્રસ્ટી
શ્રી પરેશભાઈ વોરા, ટ્રસ્ટી
શ્રી વિપુલભાઈ મોદી, ટ્રસ્ટી
શ્રીમતી ડો. રેશ્મા હેગડે, પ્રિન્સિપાલ

તેમ જ કપોળ વિદ્યાનિધિ કોલેજ • જીતેન પી. મોદી જુનિ. કોલેજ (H.S.C.)
કપોળ ગ્લોબલ એકેડમી (IGCSE)ના સંપૂર્ણ સ્ટાફ અને વિદ્યાર્થી તરફથી
દિવ્ય આત્માને કોટી કોટી વંદન સાથે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

# મુલુંડમાં છથી સાત વાહનને ટક્કર મારનારા કારચાલકને પોલીસે પીછો કરીને પકડ્યો

દુ:ખદ અવસાન



શ્રીમતી વીણા પ્રતાપ દોશી

સ્વ. શ્રી પ્રતાપભાઈ દોશીનાં ધર્મપત્ની

શનિવાર તા. ૦૩-૦૫-૨૦૨૫નાં રોજ સ્વર્ગસ્થ થયેલ છે.

પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના

પ્રણવ – શિલ્પા દોશી અને નક્ષત્ર
આશિષ – વૈશાલી દોશી અને જિયા

પ્રેસિયસ ગેસ સર્વિસ
ઉર્જા ગ્રુપ

મુંબઈઃ મુલુંડ વિસ્તારમાં રવિવારે રાતે છથી સાત વાહનને ટક્કર મારી ભાગેલા કારચાલકને પોલીસે પીછો કરીને વિક્રોલી નજીકથી પકડી પાડ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર મુલુંડના વૈશાલીનગર વિસ્તારમાં રાતે આઠ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. ૨૬ વર્ષનો કરણ મોહિતે કાર હંકારી રહ્યો હતો ત્યારે તેણે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર થાંભલા સાથે અથડાઇ હતી. પોલીસ ચોકી થોડી દૂર હોવાથી અવાજ સાંભળી પોલીસ કર્મચારીઓ ત્યાં દોડી આવ્યા હતા અને તેમણે ડ્રાઇવરને થોભવા માટે ઇશારો કર્યો હતો.

જોકે પોલીસને જોઇ ડ્રાઇવરે કાર હંકારી મૂકી હતી, જેને કારણે શંકા જતાં પોલીસે કારનો પીછો કર્યો હતો. ગભરાયેલા ડ્રાઇવરે ભાગતી વખતે ઇસ્ટર્ન એક્સપ્રેસ પર આવતા પહેલા અમુક વાહનને ટક્કર મારી હતી. પોલીસે પીછો કરીને વિક્રોલી નજીક ડ્રાઇવરને પકડી પાડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ડ્રાઇવર દારૂના નશામાં નહોતો, એવું જાણવા મળ્યું હતું. ■

# માતાની જેમ રોકાણ કરોઃ ધીરજ રાખો, શિસ્તતા કેળવો અને લાંબા ગાળાનું આઉટલૂક રાખો



-રોહિત મટ્ટૂ, નેશનલ હેડ-રિટેલ સેલ્સ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

▸ **માતાઓ પાસેથી આપણે શીખવા જેવો રોકાણનો અભિગમ :** માતાઓ તેમના ઘર, તેમના પરિવારો અને તેમની નાણાંકીય બાબતો મેનેજ કરે છે ત્યારે તેઓ વિચારણાપૂર્વકનો, સહજ અભિગમ અપનાવે છે, જે સંભાળને સાતત્યતા, વ્યવહારુપણા સાથેની લાગણી અને ભવિષ્ય સાથે વર્તમાનને સંતુલિત કરે છે. આ સહજ સમજદારી આપણે નાણાં વિશે કેવી રીતે વિચારીએ છીએ, કેવી રીતે આગળની યોજના બનાવીએ છીએ અને આપણા પ્રિયજનોના જીવનને આકાર આપે તેવા નિર્ણયો લઈએ છીએ તે અંગે મૂલ્યવાન પાઠ શીખવે છે.

▸ **ધીરજઃ પ્રક્રિયા પર વિશ્વાસ રાખો,** એક માતા ધીરજપૂર્વક રાહ જુએ છે કે તેનું બાળક પહેલો શબ્દ ક્યારે બોલશે, ક્યારે તેનું પહેલું ડગલું માંડશે અથવા તેનો જુસ્સો શોધશે. બસ વિકાસ અને સંભાવનામાં પૂરો વિશ્વાસ રાખે છે. રોકાણની બાબત પણ એવી જ છે. બજારો વધે છે અને ઘટે છે પરંતુ સંપત્તિને જો લાંબા ગાળે ચક્રીય વૃદ્ધિ માટે રાખી મૂકવામાં આવે તો સ્થિર ગતિએ વધે છે. ટૂંકા ગાળાની અસ્થિરતાથી પ્રભાવિત થવું સરળ છે પરંતુ બાળપણની સિદ્ધિઓની જેમ નાણાંકીય સીમાચિહ્નો હાંસલ કરવામાં પણ સમય લાગે છે. એસઆઈપી (સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્સ) આ વિચારને સુંદર રીતે સમાવે છે. સતત, નાના રોકાણો વર્ષો બાદ મોટી મૂડી બનાવે છે. ટેક્નિકલી એસઆઈપી એ રોકાણ માટેનો શિસ્તબદ્ધ અભિગમ છે જ્યાં રોકાણકારો નિયમિત અંતરે એક ચોક્કસ રકમ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરે છે જેનાથી તેઓ લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરી શકે છે અને રૂપિયાની કોસ્ટ એવરેજિંગ તથા ચક્રવૃદ્ધિનો લાભ મેળવી શકે છે.

▸ **શિસ્તઃ નાના પગલાં, મોટા પરિણામો,** એક માતાના રોજબરોજના કામો શિસ્તતાના પાઠ શીખવે છે. આ નાના અને વારંવાર થતા કામો, ચાહે તે માતા-પિતા તરીકેના હોય કે રોકાણના, તે ભવિષ્યને આકાર આપે છે અને સ્થિતિસ્થાપકતા બનાવે છે. આ જ રીતે બજારોમાં મંદી આવે કે પછી અંગત જીવનમાં પડકારો ઊભા થાય તેવા મુશ્કેલ સમયમાં પણ એસઆઈપી થકી નિયમિતપણે રોકાણ કરવાથી નાણાંકીય મજબૂતાઈ ઊભી થાય છે. કોઈક વખત એસઆઈપી ચૂકી જવાય તેમાં ભલે કોઈ નુકસાન ન લાગે પરંતુ તે લાંબા ગાળાના લક્ષ્યાંકોને ખોરંભે પાડી શકે છે. માતા-પિતાના કામોની જેમ જ સાતત્યતા સર્વસ્વ છે.

▸ **લાંબા ગાળાનું વિઝનઃ મોટું ચિત્ર જુઓ,** માતાઓ ફક્ત વર્તમાન સાથે આગળનું આયોજન કરતી હોય છે. શાળાની ફીથી લઈને લગ્ન સુધી, રોકાણ માટે પણ આ લાંબા ગાળાનું વિઝન મહત્ત્વપૂર્ણ છે. સંપત્તિનું સર્જન ટ્રેન્ડ્સનો પીછો કરવા વિશે નથી, તે સતત રોકાણ ચાલુ રાખવા વિશે છે. શિક્ષણ, ઘર અથવા નિવૃત્તિ ભંડોળ બનાવવું જેવા ધ્યેય આધારિત રોકાણો માટે એવી જ ભવિષ્યલક્ષી માનસિકતાની જરૂર હોય છે જે માતાઓ દરેક મુખ્ય નિર્ણયમાં રાખતી હોય છે.

▸ **એસઆઈપીઃ રોકાણ કરવાની માતાની શૈલી.** માસિક ધોરણે, પસંદ કરેલી મ્યુચ્યુઅલ ફંડ સ્કીમમાં નિશ્ચિત રકમનું રોકાણ કરી શકો છો.

માતાની જેમ રોકાણ કરો એક વારસો બનાવો

# મલયેશિયાથી દુર્લભ પ્રાણીઓની તસ્કરીઃ મુંબઇથી બે પકડાયા

મુંબઈઃ મલયેશિયાથી નવ દુર્લભ પ્રાણીઓની તસ્કરી કરવા બદલ વનવિભાગના અધિકારીઓએ સોમવારે દક્ષિણ મુંબઈની હોટેલમાં રેઇડ પાડીને મહિલા સહિત બેને પકડી પાડ્યાં હતાં.

હોટેલમાં રેઇડ અગાઉ આઠ પ્રાણીનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે બચી ગયેલા એકની હાલત ગંભીર છે અને વન્યજીવ નિષ્ણાતોની ટીમ તેની સંભાળ રાખી રહી છે.

આરોપીઓએ સિયામાંગ ગિલ્બોન્સ, સફેદ ચહેરાવાળા ગિબ્બોન્સ અને પિગ-ટેઇલ્ડ મેકાકસની તસ્કરી કરી હતી. આરોપીઓની ઓળખ ચેન્નઇના શ્રીરામ સુબ્રહ્મણ્યમ (૩૦) અને મલયેશિયાની માધાવી સોલ્લાકુન્નું (૩૯) તરીકે થઇ હતી. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

કપોળ મરણ



શ્રી. વામનભાઈ વ્રજલાલ પારેખ

૫ જાન્યુઆરી, ૧૯૩૬ – ૨ મે, ૨૦૨૫

પ્રાર્થના સભા

મંગળવાર, ૬ મે, ૨૦૨૫, સાંજે ૫ થી ૭
જલારામ હોલ, એન. એસ. રોડ ૬, હાટકેશ સોસાયટી, જુહુ સ્કીમ, જુહુ જોગર્સ પાર્ક ની સામે.

પારેખ પરિવાર, મિત્રો અને નિલકમલ પરિવારના જયશ્રીકૃષ્ણ

| | | |
|---|---|---|
| નલીનીબેન પારેખ (ધર્મપત્ની) | (પૌત્ર – પૌત્રીઓ) | (પ્રપૌત્રો – પ્રપૌત્રી) |
| હિતેન – સ્મિતી (પુત્ર અને પુત્રવધૂ) | પ્રિયંકા – હેમિત | આરુષ |
| રાજુલ – મનોજ (પુત્રી અને જમાઇ) | મિહિર – અદ્રિજા | જયવીર |
| મનીષ – મંજુ (પુત્ર અને પુત્રવધૂ) | પ્રથમ – શનેલ | આરિકા |
| | ઈશાન – દિયા | |
| | નતાશા | |

Nilkamal

# ૧૯૯૦થી વળતર ન ચૂકવવા બદલ હાઇ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી

મુંબઈઃ ૧૯૯૦માં જાહેર પ્રોજેક્ટ માટે ગ્રામજનોની જમીન સંપાદિત કર્યા પછી તેમને વળતર ન આપીને તેમની ફરજમાંથી છટકી જવા બદલ બોમ્બે હાઇ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની આકરી ઝાટકણી કાઢી છે.

જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને સોમશેખર સુંદરેશનની બેન્ચે જણાવ્યું હતું કે કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના અને/અથવા વળતર ચૂકવ્યા વિના વ્યક્તિની જમીન સંપાદિત કરવી એ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે.

૨ મેના રોજ સુમિત્રા શ્રીધર ખાને દ્વારા દાખલ કરાયેલી અરજીમાં જણાવ્યું હતું કે સરકારે સપ્ટેમ્બર ૧૯૯૦માં કોલ્હાપુર જિલ્લાના વાનુર ગામમાં તેમની જમીન સંપાદિત કરી હતી, પરંતુ તેમને આજ સુધી વળતર ચૂકવવામાં આવ્યું નથી.

કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૦૦એ હેઠળ, કોઈ પણ વ્યક્તિને ફક્ત કાયદા દ્વારા જાણીતી પ્રક્રિયા દ્વારા જ તેની મિલકતથી વંચિત રાખી શકાય છે અને તેથી, કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના અને વળતર ચૂકવ્યા વિના જમીન કબજે કરવાની અથવા સંપાદન કરવાની કોઈપણ કાર્યવાહી ''ગેરબંધારણીય અને મનસ્વી'' કાર્યવાહી ગણાશે. કોર્ટે કહ્યું કે આવી કાર્યવાહી માત્ર આ દેશના નાગરિકને મળેલા બંધારણીય અધિકારનો ભંગ જ નહીં, પણ જમીન સંપાદન કાયદાની જોગવાઈઓને પણ અવગણે છે, અને વ્યક્તિને તેની જમીનથી વંચિત રાખવામાં આવે છે.

કોર્ટે જાહેર કર્યું કે ખાને તેમની જમીન સંપાદન માટે વળતર મેળવવા માટે હકદાર છે અને સરકારને તેમને ચાર મહિનાની અંદર ચૂકવવાપાત્ર વળતર વ્યાજ સાથે ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે વધુમાં અરજદારના બંધારણીય અધિકારોનો પેટન્ટ ભંગ થયો હોવાથી, ન્યાયના હિતમાં સરકારને કાનૂની ખર્ચ માટે રૂ. ૨૫,૦૦૦ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે.અરજી મુજબ, ખાને કોલ્હાપુરના વાનુર ગામમાં એક હેક્ટર જમીનની માલિકી ધરાવતા હતા. ■

# પાણીની શોધમાં ચિત્તાએ કર્યો હુમલો

પાલઘર : પાલઘર જીલ્લાના તલાસરી તાલુકામાં ૨૪ કલાકની અંદર ચિત્તાએ ત્રણ જણને ઘાયલ કર્યા છે જેમાં જંગલ રક્ષક એધિકારીઓનો સમાવેશ થાય છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ તીવ્ર ગરમીને કારણે દિપડો પાણીની શોધમાં નીકળ્યો હતો. શનિવારે ગુલાબ વારથા નામની મહીલા જ્યારે ખેતરમાં હતી ત્યારે તેના પર હુમલો થયો હતો. બીજા બનાવમાં રાજ્ય ચીમડા નામક યુવાન જ્યારે તેના ખેતરમાં કામ કરી રહ્યો હતો ત્યારે બન્યો હતો. બન્ને જણા જોખમની બહાર છે અને પેટા જીલ્લામાં આવેલી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલુ છે. હુમલા વખતે વન વિભાગના અધિકારીએ વચ્ચે પડી ચિત્તાને પાંજરામાં પૂરવાની અને શાંત પાડવાની કોશીશ કરી પરંતુ ચિત્તો ભાગવામાં સફળ રહ્યો હતો. ભાગતી વખતે ચિત્તાએ વન વિભાગના અધિકારીને ઘાયલ કર્યા. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને પ્રાથમિક સારવાર પછી ડિસચાર્જ આપવામાં ઓવ્યો હતો. દહાણુના ઉપ વન સંરક્ષક નીરંજન દિવાકરનું કહેવું કહેવુ હતુ કે, આ હુમલો નથી પરંતુ ભટકી ગયેલા ચિત્તાનો માનવી વચ્ચેનો સંઘર્ષ હતો. ■

# થાણે જિલ્લાની ૧૬ સ્કૂલો ગેરકાયદે

થાણે : શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક સર્વેક્ષણ બાદ થાણે જીલ્લામાં માધ્યમિક સ્તરનું શિક્ષણ આપતી ૧૬ જેટલી શાળાઓ ગેરકાયદે કાર્યરત હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

વિભાગે વાલીઓને તેમના બાળકોના શાળામાં પ્રવેશ લેતા પહેલા સાવચેતી રાખવા જણાવ્યું છે. જીલ્લા પંચાયત શિક્ષણ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ ૧૬ શાળામાંથી સૌથી વધારે ગેરકાયદે સંચાલન કરતી શાળાઓ મોટે ભાગે નવી મુંબઈ, દીવા અને મુંબ્રામાં આવેલી છે. ■

# રાયગઢમાં બસ અકસ્માતઃ એકનું મૃત્યુ

મુંબઈઃ મહારાષ્ટ્રના રાયગઢ જીલ્લામાં સોમવારે પ્રાઈવેટ લકઝરી બસ પલટી ખાઈ જતા ૩૦ વર્ષના પ્રવાસીનું મૃત્યુ થયું હતું અને ૨૬ જણા ઘાયલ થયા હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બસ મુંબઈથી કોંકણ વિસ્તારમાં જઈ રહી હતી ત્યારે ઢાળ પર આ બનાવ બન્યો હતો.

બસ ચાલકે બસ પરનું નિયંત્રણ ગુમાવતાં બસ પલટી ખાઈ ગઈ હતી. બસમાં કુલ ૪૯ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. ■

# થાણેમાં જેસીબીએ ગૅસની પાઈપલાઈન ફોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પશ્ચિમ)માં ઘોડબંદર રોડ પર કાસારવડવલીમાં હાયપર સિટી મૉલ પાસે સર્વિસ રોડ પર બાંધકામ દરમ્યાન જેસીબી મશીનને કારણે મહાનગર ગૅસની પાઈપલાઈન ફૂટી ગઈ હતી, તેને કારણે અનેક ગ્રાહકોના ઘરમાં ગૅસ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલ મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સોમવારે સાંજે ૪.૧૦ વાગ્યાની આસપાસ સર્વિસ રોડ પર બાંધકામના કામ દરમ્યાન જેસીબી મશીને ગૅસની પાઈપલાઈનને તોડી પાડી હતી, તેને કારણે ગૅસનું ગળતર ચાલુ થઈ જતા તાત્કાલિક ધોરણે કંપની દ્વારા ગૅસ લાઈનને બંધ કરવી પડી હતી. ગૅસ પાઈપલાઈન બંધ કરવાથી લગભગ ૩૩ ગ્રાહકોનો ગૅસ પુરવઠો બંધ થઈ ગયો હતો. ગૅસ લાઈનમાં સમારકામ બાદ મોડેથી ગૅસ પૂરવઠો પૂર્વવત્ થયો હતો. ■

50 વર્ષથી ભરોસાપાત્ર!

જૂનું તે સોનું




ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ

આજે જ રાત્રે લો, સવારે OK!

ધૌતિ યોગ ગોળીઓ ધૌતિ યોગ પાવડર જેટલી જ અસરકારક છે

પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !

9422011723

બધી તબીબી અને આયુર્વેદિક દુકાનો અને Amazon પર પણ ઉપલબ્ધ છે.

મસા (પાઈલ્સ), ફીશરથી થતી બળતરા અને લોહી પડતું હોય તો ધૌતી યોગ ક્રીમનો ઉપયોગ કરો.

## ક્લાસિફાઈડ

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૮૪-બી)

**૧૨. યાત્રા સહેલગાહ**

**CAR RENTAL**
Toyato Rumiun 7 Seater Tempotraveller Innova Crysta Local Outstation 9820059446. (272)

**૧૭. જગ્યા આપવી છે**

**(NAPEANSEA ROAD)**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Dariya Mahal Vegetarians Only Whatsup: 7021831500. (B-15939)**

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**૩૩. ધંધાદારી**

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૯૦૮)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**શ્રીનાથજી જ્યોતિષ**
**(હવેલીવાળા) પતિદુ:ખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્ની દુ:ખ, સૌતન દુ:ખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/. 9920991344, 9833390898, 28898500. (૧૫૮૭૭-એ)**

*વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર*
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. મલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

**૪૬. વોટર પ્રુફિંગ**

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રૂફીંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૮/એ)

**૫૨. કુરીઅર્સ**

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું. ઓમ દર્શન 9699457066 / 9594187418. (બી-૧૫૯૪૨)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# સંસ્થા સમાચાર

## વિઝન વગરના સત્તાધીશો સંસ્થાઓની પ્રગતિ કરી શકશે નહીં: ધીરગુરુદેવ



રાજકોટમાં કરોડોના ખર્ચે નવનિર્મિત વિરાણી બહેરા મૂંગા શાળા ખાતે શ્રી રંગીલદાસ નથુભાઇ વારીઆ ઓડિટોરિયમમાં અનુગ્રહ પ્રદાતા પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ૨૫૭ દિવ્યાંગ બાળકોના વાલીઓનું સંમેલન મધ્યે ૧થી ૧૨ ધોરણમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થનારાનું મોમેન્ટોથી સન્માન ફિલ્ડ માર્શલવાલા શ્રી અરવિંદ પટેલના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને સંબોધતા પૂ. ગુરુદેવે જણાવેલ કે આજના ડિજિટલ યુગમાં વિઝન વગરના સત્તાધીશો સંસ્થાની પ્રગતિ કરી શકશે નહીં. અમુક વર્ષે ફરજિયાત નિવૃત્તિની જોગવાઇ કરવી જરૂરી છે. વર્ષો સુધી સત્તામાં રહેનારા ક્યારેક સંસ્થા કરતાં સ્વયં મોટા બની જશે. જીવનભર સત્તાને ચીપકનારા માત્ર સંસ્થાના રખેવાળ છે તે ભૂલીને પોતાની જ માલિકી હોય તેવો વર્તાવ કરવા લાગે છે. પારકાના પૈસે પોતાની પ્રસિદ્ધિ કરનારા કદી સંસ્થાનો વિકાસ નહીં વિનાશ કરનારા બની શકે છે.

પટેલ કન્યા છાત્રાલયના પ્રેરક સર્વ શ્રી અરવિંદ પટેલ, જીતુભાઇ અદાણી, અચ્યુત જસાણી, જયેશ શાહ, ભરત મહેતા, જયશ્રી શાહ વગેરેનું સન્માન કરાયું હતું. ડૉ. દર્શિતા શાહે આભારવિધિ અને પ્રિન્સિપાલ કશ્યપ પંચોલીએ સંચાલન કરેલ.

## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ કલ્ચરલ ફોરમનો મનોરંજનનો મેળો



શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ દ્વારા કલ્ચરલ ફોરમની શાનદાર શરૂઆત કરવામાં આવેલ છે. સાંસ્કૃતિક ધરોહરને વેગ આપવાના આશયથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. પ્રથમ કાર્યક્રમ 'મેળો મનોરંજન'નો ભાતીગળ વિવિધલક્ષી કાર્યક્રમમાં ગુજરાતી ગીત, સાહિત્ય અને નાટ્ય રસનો ત્રિવેણી સંગમ યોજાયો હતો જેમાં જાજરમાન કલાકારો સનત વ્યાસ, રાજુલ દીવાન, મુકેશ જોષી, હેતલ જોષીએ પ્રેક્ષકોને મજા આવે એવી રીતે પ્રસ્તુત કર્યો હતો. નામાંકિત નાટ્યલેખક શ્રી પ્રવીણભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ પ્રથમ કાર્યક્રમને ખૂબ જ બહોળો પ્રતિસાદ ઘાટકોપરની જનતા તરફથી મળ્યો હતો. કાર્યક્રમમાં વિવિધિતા હતી, ગુજરાતી ગીતો, કવિતાઓ નૃત્યનાટિકા, સાહિત્ય પઠન અને નાટક વગેરેનું ભાતીગળ સંયોજન ખૂબ જ સુંદર રીતે રજૂ થયું હતું જેના લીધે હાજર રહેલા સર્વ રસિકજનો આફરીન પોકારી ગયા હતા.

કલ્ચરલ ફોરમનાં અધ્યક્ષા શ્રીમતી બિન્દુબેન ત્રિવેદીએ કલાકારોના સન્માન સાથે આભાર વ્યક્ત કર્યો હતો.

## ફક્ત બાવીસ ટકા

સપાટીમાં ઘટાડો થયો છે પણ તે ૨૦૨૪ અને ૨૦૨૩ની સાલ કરતા વધારે છે. જ્યારે પાણીનો સ્ટોક અનુક્રમે ૧૭.૫૪ અને ૨૩.૦૧ ટકા હતો. હાલ જળાશોયમાં ૩,૨૮,૦૪૨ મિલ્યન લિટર એટલે કે ૨૨.૬૬ ટકા પાણી જળાશયોમાં છે. જોકે વધતું તાપમાન અને બાષ્પીભવન ચિંતાનો વિષય બન્યો છે, જે જળાશયોમાં પાણીના જથ્થામાં સતત ઘટાડો લાવી રહ્યું છે.

જળાશયોમાં ઘટતી સપાટીથી પાણીકાપનું સંકટ નિર્માણ થયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે પાલિકાના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે મહારાષ્ટ્ર સરકારે મુંબઈને વધારાના પાણી માટે કન્ટિજન્સી રિઝર્વનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. પાલિકાના અધિકારીઓએ એવું આશ્વાસન પણ આપ્યું હતું કે પાણીકાપ મૂકવા માટે તાત્કાલિક કોઈ યોજના બનાવી નથી અને વર્તમાનમાં જે પાણીનો સ્ટોક છે તે આગામી ૮૭ દિવસ ચાલી રહે એટલો છે.

મુંબઈમાં સામાન્ય રીતે ચોમાસાની શરૂઆત ૧૦થી ૧૧ જૂનની આસપાસ થતી હોય છે. જોકે તાજેતરના વર્ષોમાં ચોમાસા દરમ્યાન ભારે વરસાદ ઘણી વખત જુલાઈ મધ્ય સુધીમાં શરૂ થાય છે. પાલિકાના અંદાજ મુજબ પાણીનો એક ટકા સ્ટોક સામાન્ય રીતે ત્રણ દિવસ ચાલે છે. જોકે કે છેલ્લા ૧૫ દિવસોમાં ૨૪ દિવસ ચાલે એટલું પાણી ઓછું થઈ ગયું છે. વધતા તાપમાનને કારણે પાણીની સપાટીમાં ઝડપથી થઈ રહેલા ઘટાડાએ ચિંતા ઊભી કરી છે.

મહારાષ્ટ્ર સરકારે પાલિકાને ૧.૮૪ લાખ મિલ્યન લિટરના રિઝર્વ સ્ટોકમાંથી પાણી મેળવવાની મંજૂરી આપી છે. પાલિકા દ્વારા મુંબઈને દરરોજ ૩,૯૫૦ મિલ્યન લિટર પાણી પૂરું પાડવામાં આવે છે, તેમાંથી ૩૪ ટકા પાણી પાઈપલાઈનના ગળતર અને પાણીની ચોરીમાં વેડફાઈ જાય છે.

## બાવનકુળેએ

ભરતી કરો અને કૉંગ્રેસને ખાલી કરો. જો કૉંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાશે તો શું થશે એની ચિંતા કરવાની જરૂર નથી. કૉંગ્રેસને જેટલી ખાલી કરશો તેટલો જ રાજકીય ફાયદો થશે. દેવેન્દ્ર ફડણવીસ, મુરલીધર મોહોળ (પુણે લોકસભાના સંસદ સભ્ય ) અને હું તમારી સાથે છીએ. ચૂંટણીમાં ઉમેદવારી આપતી વખતે ભાજપ કાર્યકરોને પ્રાધાન્ય આપે છે.' કૉંગ્રેસના વફાદાર અને ભોર મત વિસ્તારના પૂર્વ ધારાસભ્ય થોપટે તાજેતરમાં જ મુંબઇમાં ભાજપમાં જોડાયા હતા. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બાવનકુળેએ કહ્યું હતું કે કૉંગ્રેસના નેતાઓમાં પક્ષનો વિસ્તાર કરવાની ક્ષમતા નથી. કૉંગ્રેસમાં હવે રહ્યું છે કોણ? શરદ પવારના પક્ષમાં પણ કોઈ નથી જઈ રહ્યું અને ઉદ્ધવ ઠાકરેને બધા ભૂલી ગયા છે. જો તેઓ તેમના જ પક્ષને સંભાળી નથી શકતા નથી તો આપણે શું કરવું જોઈએ?'

કૉંગ્રેસને તળિયાઝાટક કરવાની ટિપ્પણી અંગે વિસ્તૃત વર્ણન કરતા ભાજપના નેતાએ સોમવારે કહ્યું હતું કે કૉંગ્રેસના વફાદારો રવિન્દ્ર ધાંગેકર અને સંગ્રામ થોપટે તાજેતરમાં જ અનુક્રમે શિવસેના અને ભાજપમાં જોડાયા હતા. કૉંગ્રેસના નેતાઓ નિયમિત ધોરણે ભાજપમાં જોડાઈ રહ્યા છે. બાવનકુળેએ કહ્યું હતું કે કૉંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીમાં વિકાસ માટે દ્રષ્ટિનો અભાવ હોવાથી પાયાના સ્તરના કાર્યકરોનો મોહભંગ થઈ ગયો છે. રાજ્યના નેતૃત્વ પાસે પણ કાર્યકર્તાઓને ઉત્સાહિત કરવાની કોઈ નક્કર યોજના નથી.

આથી જ કૉંગ્રેસના કાર્યકરો વિકાસની મુખ્યધારામાં જોડાવા માગે છે. મારો કહેવાનો અર્થ એ હતો કે આપણે સારા કૉંગ્રેસી કાર્યકરો અને વિકાસને પ્રાધાન્ય આપનારા નેતાઓને લાવવાની જરૂર છે.' (પીટીઆઈ)

# છેલ્લા પાનાનું ચાલુ

## અમિત શાહનું રાજીનામું

(એસપી)ના પ્રમુખ શરદ પવારના એક પ્રશ્નના જવાબમાં બેઠક ટાળવાનું 'અસલી' કારણ જાહેર કર્યું હતું. રાઉતે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'મેં તેમને (પવારને) કહ્યું હતું કે જો અમે (સેના-યુબીટી) સર્વપક્ષીય બેઠકમાં ભાગ લીધો હોત તો અમે પહેલા કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના રાજીનામાની માગણી કરી હોત, અને આનાથી તમે (વિપક્ષ) અગવડમાં મુકાઈ ગયા હોત કારણ કે તમે સરકારને ટેકો આપી રહ્યા હતા. (પીટીઆઈ)

## કૉંગ્રેસ પાર્ટીને તોડી

હટાવવી એ મકાઉના કેસિનોમાં ગેમ જેવું લાગે છે? શું કૉંગ્રેસ રાતોરાત પડી જશે? જો તેઓ એવું વિચારે છે, તો તે તેમની ગેરસમજ છે. કોઈએ પાર્ટી ખતમ કરવાની વાત ન કરવી જોઈએ એવું કહેવું એ ઘમંડનું, હાસ્યાસ્પદ ઉદાહરણ છે. વ્યક્તિએ બોલતા પહેલા વિચારવું જોઈએ. આ પહેલા પણ તેમના નેતાઓએ તેમને કૉંગ્રેસમુક્ત ભારત બનાવવાનું કહ્યું હતું, પરંતુ ૪૦૦ બેઠકો સુધી પહોંચવાનું સ્વપ્ન જોનારાઓ ૨૪૦ પર જ અટકી ગયા. તેમણે ચંદ્રશેખર બાવનકુળે પર વળતો પ્રહાર કરતા કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં પણ કેટલા સાંસદ ચૂંટાયા તે જુઓ.

## પુરંદર એરપોર્ટ

ક્ષેત્રમાં પરિવર્તન લાવશે અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં વૈશ્વિક કનેક્ટિવિટી વધશે. આનાથી આંતરરાષ્ટ્રીય નિકાસ દ્વારા ખેડૂતોને લાભ થશે. રાજ્ય સરકાર પુણેમાં વિશ્વકક્ષાનું એરપોર્ટ ઊભું કરવા કટિબદ્ધ છે. આ નિર્ણય અફર રહેશે.'

કેટલાક ખેડૂતો જમીન છોડવા તૈયાર ન હોવાથી બાવનકુળેએ તેમને વિકલ્પો પર વિચાર કરવા વિનંતી કરી હતી. 'મેં તેમને પૂછ્યું કે જો જમીન સંપાદન કરવી હોય તો કયું વળતર સ્વીકાર્ય રહેશે. આ વિસ્તારમાં પ્રવર્તમાન દર શું છે? મેં તેમને એક અઠવાડિયાની અંદર તેમની માગણીઓ રજૂ કરવા જણાવ્યું છે' એમ તેમણે જણાવ્યું હતું.

ભાજપના નેતાએ મહેસૂલ અને સંપાદન પ્રધાન તરીકે મધ્યસ્થી કરવા તૈયાર હોવાનું પણ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## પુણેના મંદિરમાં

વ્યક્તિની ધરપકડ કરી વ્યક્તિના ૧૬ વર્ષના પુત્રની અટકાયત કરવામાં આવી હતી, એમ પોલીસે અગાઉ જણાવ્યું હતું. બારામતી લોકસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરતા સુળેએ જણાવ્યું હતું કે 'સંબંધિત વ્યક્તિ વિરુદ્ધ તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં આવે એવી હું સરકારને વિનંતી કરું છું. અમે દૃઢપણે માનીએ છીએ કે સામાજિક સંવાદિતાને ખલેલ પહોંચાડનારા કોઈને પણ બક્ષવામાં ન આવે અથવા તેમને માફ કરવામાં ન આવે.' માવળના શિવસેનાના સાંસદ સભ્ય શ્રીરંગ બારણેએ પણ આ અભદ્ર ચેષ્ટા હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડવાના હેતુથી જાણી જોઈને કરવામાં આવેલું કૃત્ય ગણાવ્યું હતું. 'અમે અમારા ધર્મનું અપમાન સહન નહીં કરીએ' એમ તેમણે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## વેબ શો, એપ્સમાંથી

કાર્યાલયને પત્ર લખી આવા ઘણા (અશ્લીલ) વીડિયો જેની સામે કાર્યવાહી થવી જોઈએ એમ જણાવ્યું છે.'

ચાકણકરે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ગયા અઠવાડિયે ડીજીપી કાર્યાલયને પત્ર લખીને ઉલ્લુ એપ્લિકેશન પર ચાલતા વેબ શો ''હાઉસ એરેસ્ટના કન્ટેન્ટ, ઓડિયો અને વીડિયોની તપાસ કરી હતી, અને આ એપ્લિકેશન સામે કેસ નોંધવો જોઈએ.'' તદનુસાર અભિનેતા એઝાઝ ખાન, નિર્માતા રાજકુમાર પાંડે અને અન્ય લોકો વિરુદ્ધ શોમાં કથિત અશ્લીલ સામગ્રી માટે આંબોલી પોલીસમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આવા વીડિયો ગંદા હોય છે અને યુવા દિમાગને અસર કરે છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

ગયા અઠવાડિયે ભાજપના નેતા અને એમએલસી ચિત્રા વાઘે પણ 'હાઉસ અરેસ્ટ' પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માગ કરી હતી. આ વેબ શોનું કન્ટેન્ટ અશ્લીલ અને સમાજ માટે હાનિકારક છે અને ખાસ કરીને બાળકો પર અવળી અસર કરી શકે છે એવો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમણે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવને પણ આવી સામગ્રીને પ્રોત્સાહન આપતી મોબાઇલ એપ્લિકેશનો સામે કડક કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. (પીટીઆઈ)

## મુંબઈગરા ગરમી

પણ લગભગ ૭૦ ટકાની આસપાસ નોંધાયું હતું. જ્યારે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ગરમી મધ્ય મહારાષ્ટ્રના માલેગાંવમાં ૪૧.૮ ડિગ્રી નોંધાઈ હતી.

ફાયરબ્રિગેડ દ્વારા બહાર પાડવામાં આવેલી મહત્ત્વની સૂચનાઓનું પાલન મુંબઈગરાને કરવાની વિનંતી કરવામાં આવી છે.

ઘર અને કમર્શિયલ ઠેકાણે વીજળીનું વાયરિંગ, પ્લગ-સ્વિચ બોર્ડ્સ અને સાધનોની નિયમિત તપાસ કરાવી. ઉપયોગ થઈ ગયા બાદ પંખા, એસી, ટીવી, મિક્સર, ગીઝર, ઈસ્ત્રી જેવાં સાધનો તરત બંધ કરવા, જૂની થઈ ગયેલી વાયરિંગને બદલી નાખવી, ઈમરજન્સીમાં બહાર નીકળવા માટેના તમામ માર્ગ, સીડીઓના પ્રવેશદ્વાર કાયમ ખુલ્લા રાખવા. એક પ્લગ સૉકેટમાં અનેક વિદ્યુત ઉપકરણો લગાવવાનું ટાળવું, ઓવરલોડિંગ ટાળીને સાધનો વાપરવા, એસીનું મેઈન્ટેન્સ નિયમિત કરાવવું. ઘર, દુકાન અને ઓફિસમાં ઓછામાં ઓછું એક ફાયર એક્સિટિંગ્વિશર રાખવું અને તેને કેવી રીતે વાપરવું તે શીખી લેવું. રાતના સૂતા સમયે મોબાઈલ ચાર્જિંગ અથવા અન્ય ઈલેક્ટ્રિક સાધનો ચાલુ રાખવા નહીં. હૉસ્પિટલ, નર્સિંગ હોમ, ક્લિનિક્સમાં આવશ્યકતા મુજબ ફાયર સેફટી સાધનો ચાલુ રાખવા અને નિયમિત તેનું ફાયર સેફટી ઓડિટ કરાવવું. આગ લાગે તો તરત ૧૦૧ નંબર પર ફાયરબ્રિગેડને ફોન કરવો.

## આ વર્ષે ૧૦૦ ટકા

વિદ્યાર્થીઓએ બારમાની પરીક્ષા આપી હતી, જેમાંથી ૩૮ કોલેજોનું પરિણામ શૂન્ય ટકા છે. ગયા વર્ષ કરતાં આ વર્ષે પરિણામ ઓછું આવ્યું છે. ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૪નું પરિણામ ૯૩.૩૭% હતું. ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫નું પરિણામ ૯૧.૮૮% છે.

રાજ્યના નવ વિભાગીય બોર્ડમાંથી કુલ ૧૪ લાખ ૨૭ હજાર ૮૫ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી ૧૩ લાખ ૨૮૭૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. હંમેશાની જેમ, કોંકણ વિભાગીય બોર્ડનું પરિણામ સૌથી વધુ છે, જ્યારે લાતુર વિભાગનું પરિણામ સૌથી ઓછું છે. કોંકણનું પરિણામ સૌથી વધુ ૯૬.૭૪ ટકા આવ્યું છે. કોલ્હાપુર વિભાગ ૯૩.૬૪ ટકા સાથે બીજા સ્થાને છે, મુંબઈ વિભાગ ૯૨.૯૩ ટકા સાથે ત્રીજા સ્થાને, છત્રપતિ સંભાજીનગર વિભાગ ૯૨.૨૪ ટકા સાથે ચોથા સ્થાને, અમરાવતી વિભાગ ૯૧.૪૩ ટકા સાથે પાંચમા સ્થાને, પુણે વિભાગ ૯૧.૩૨ ટકા સાથે છઠ્ઠા સ્થાને, નાસિક વિભાગ ૯૧.૩૧ ટકા સાથે સાતમા સ્થાને, નાગપુર વિભાગ ૯૦.૫૨ ટકા સાથે આઠમા સ્થાને, લાતુર વિભાગ ૮૯.૪૬ ટકા સાથે નવમા સ્થાને છે. જે વિદ્યાર્થીઓ રિ-ચેકિંગ ફોર્મ ભરવા માગે છે તેઓ, ૬ મે, ૨૦૨૫ થી ૨૦ મે, ૨૦૨૬ સુધી સત્તાવાર વેબસાઇટની મુલાકાત લઈને ફોર્મ ભરી શકશે. રિ-ચેકિંગ માટે વિષય,દીઠ ૫૦ રૂપિયા ફી ભરવાના રહેશે.

દરેક શાખામાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના આંકડા તરફ નજર કરીએ તો વિજ્ઞાન વિભાગમાં ૭,૩૭,૨૦૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી ૭,૩૫,૦૦૩ પાસ થયા છે. આમ કુલ ટકાવારી ૯૭.૩૫ ટકા છે. આર્ટ વિભાગમાં ૩,૫૪,૬૯૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી ૨,૪૯,૬૯૬ પાસ થયા. કુલ ટકાવારી ૮૦.૫૨ ટકા થઈ.

કોમર્સ વિભાગમાં ૩,૦૦,૭૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, જેમાંથી ૨,૯૯,૫૨૭ પાસ થયા. બિઝનેસ અને આઇ.ટી.આઇમાં એકંદરે ૩૦,૦૧૭ અને ૪,૩૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૨૯,૩૬૩ અને ૪,૩૮૦ પાસ થયા છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી, હાલ મુલુંડ મોહનલાલ વાલજીભાઇ શાહના સુપુત્ર મુકુંદભાઇ (ઉં.વ. ૮૪) તા. ૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રશ્મિતાબેનના પતિ. દીપક, જીગર, ઇલાબેન અતુલકુમાર, ચારુલબેન કેતનકુમાર, ફાલ્ગુનીબેન કેતનકુમારના પિતા. પરિતા, વંદનાના સસરા. સ્વ. ગુણવંતભાઇ, સ્વ. શશીકાંતભાઇ, નવીનભાઇ, સ્વ. રસીલાબેન ખાંતીલાલ, દાઠાવાળાના ભાઇ. નરોત્તમદાસ ડાયાલાલ દોશી (તાવીડાવાળા)ના જમાઇ. સાદડી તા. ૬-૫-૨૫ના મંગળવારે ૩થી ૫, બન્ને પક્ષની સાથે રાખેલ છે. ઠે. બી-૪, રણજિત સોસાયટી, સરોજિની નાયડુ રોડ, તાંબેનગર, ગેટ નંબર ૧ની સામે, મુલુંડ (વેસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નૂતન ત્રંબૌના સ્વ. પ્રવીણાબેન અરજણ રાણા વિસરીયા (ઉં. વ. ૫૨) શુક્રવાર તા. ૨-૫-૨૫ના મુંબઇ નાલાસોપારા મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી અમ્રતબેન અરજણ રાણાની સુપુત્રી. મોંઘીબેન રાણાની પૌત્રી. માનસીના મમ્મી. સુવઇના રાજન નિસરના સાસુ. પુષ્પા, ઇશ્વર, સંજય, જાગૃતિના બેન. સુવઇના મોંઘીબેન જીવરાજ સત્રાની દોહિત્રી. પ્રાર્થના રાખેલ નથી. પાનબાઇ નગર, રૂમ નં. ૭૧૫, એ વિંગ, નાલાસોપારા (વેસ્ટ).

**હરસોલ સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

શિણોલ હાલ મલાડ કંચનબેન હરખચંદ શાહ (ઉં. વ. ૭૯) તે સ્વ. હરખચંદ નગીનદાસ શાહના ધર્મપત્ની. યોગેશ, કેતન, ભાવના, હીનાના માતુશ્રી. અમીતા, દર્શના, સુનીલ, સંજયના સાસુ. ધીરજ-મંજુલા, સતીશ-અરૂણાના ભાભી. ફેમીના, કિંજલ, અક્ષીત, નેહા, ઉર્વિલ, પૂર્વી, લેશા, મિથીલના દાદી. પિયર પક્ષે પૂનમચંદ પુંજીરામ શાહના દીકરી તા. ૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૭-૫-૨૫ના બુધવાર ૭થી ૯. ઠે. સ્વામીનારાયણ હોલ, દત્તમંદિર રોડ, મલાડ (પૂર્વ), પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સુદામડા હાલ બોરીવલી હસમુખલાલ કેશવલાલ તુરખીયા (ઉં. વ. ૮૩) તે ભાનુમતીબેનના પતિ. અભય-ટીશા, સૌરભ-જલ્પા, જાગૃતિ-ઉદયકુમાર, ચેતના-તેજસકુમાર, ફાલ્ગુની-નિખિલકુમાર, મીતા-મયુરકુમારના પિતાશ્રી. સ્વ. ખુશાલદાસ નાગરદાસ શાહના જમાઇ. જીલ, જીયા તથા હેતાંશાના દાદા. શીખા, ક્રીના, મનન, નીલ તથા દીયાના નાના. ધીરુભાઇ-જયોતિબેન, સ્વ. રંજનબેન-સ્વ. પ્રાણલાલ, ઇન્દુબેન-હિંમતલાલ, નયનાબેન-સ્વ. અરવિંદકુમાર, શોભનાબેન-સ્વ. કિર્તીકુમાર, હેમાબેન-મુકેશકુમાર, રેણુકાબેન-અરુણકુમાર, વિભાબેન-સ્વ. અનિલભાઇ, અલકાબેન-પરેશકુમારના ભાઇ શનિવાર, તા. ૩-૫-૨૫ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચુડા નિવાસી હાલ અંધેરી દિનકરભાઇ છોટાલાલ ખંધારના ધર્મપત્ની કોકિલાબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. નિર્મળાબેન પ્રભુદાસ ગોસલિયાના પુત્રી.તે પરેશ-સંગીતા તથા કામિની-સમીર ડગલી, સ્વ. કેતનના માતુશ્રી. રુચિ, વિદિશા તથા ઋષભના દાદી. ચિ. ફોરમ વિકાસકુમાર કોઠારી, યશના નાની. સ્વ. રજનીકાંતભાઇ, સ્વ. મહેન્દ્રભાઇના ભાભી તા. ૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડેપાના વીણાબેન મણીલાલ મારૂ (શાહ) (ઉં. વ.૭૮) તા. ૩-૫-૨૫ના દેહત્યાગ કરેલ છે. કેસરબાઈ ટોકરશી કોરશીના પુત્રવધૂ. મણીલાલના પત્ની. નિલેશ, ચંદ્રેશ, રીનાના માતા. હીરાકુંવરબેન લીલાધર ગાલાના પુત્રી. ચંદ્રકાંત, પાલી પ્રભાબેન વિનાયક, બિદડા નલીનીબેન પ્રવિણના બેન. પ્રા.યોગી સભાગૃહ, દાદર (સે.રે.). ટા. ૪ થી ૫.૩૦.

કોડાયના હંસાબેન ડો. અશોક ગોગરી (ઉં. વ. ૬૯) તા.૩-૫-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન લક્ષ્મીચંદ નેણશીના પુત્રવધુ. ડો.અશોકના પત્ની. ડો. રીકીન, ગૌરવના માતા. રાયણ મણીબેન મુલજી લખમશી સાવલાના સુપુત્રી. રંજનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ડો. રીકીન ગોગરી, ૮૦૧, પ્રેમ સ્વરૂપ, શ્રીનગર કોલોની, ઓફ એમ.જી.રોડ, ગોરેગામ, વે.

ખારૂઆના રતીલાલ દામજી કારાણી (ઉં. વ. ૭૫) તા. ૩/૫/૨૫ ના હાર્ટફેલથી દેશમાં અવસાન પામેલ છે. રતનબેન દામજીના પુત્ર. પ્રેમિલાના પતિ. ભાવના, હર્ષા, શૈલેશ, ભાવિકાના પિતા. મોહનના ભાઇ. પાનબાઇ હીરજીના જમાઇ. પ્રાર્થના : શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ). ટા. ૨ થી ૩.૩૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ બોરીવલી, અનંતભાઈ મહેતા (ઉં. વ. ૯૨) તે સ્વ. શાંતિલાલ સોમચંદ મહેતા તથા સ્વ. મંજુલાબેનના પુત્ર. સ્વ.મનોરમાબેનના પતિ. નિલેશ, દીપ્તિ, મનોજના પિતા. સ્વ. હસમુખભાઈ તથા સ્વ. નિર્મળાબેનના ભાઈ. શિલ્પા, સપના તથા રાજુભાઈના સસરા. પ્રિયંકા તથા શ્રેયના દાદા ૪/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પેડર રોડ પર

માળની સુખશાંતિ બિલ્ડિંગ આવેલી છે. સવારના ૬.૩૮ વાગે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા કપડાના શો રૂમમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ છ ફાયર એન્જિન, એક ફાયર ટ્રક, મોબાઈલ વોટર ટેન્કર, આઠ વોટર જેટી, એક ક્વિક રિસ્પોન્સ વેહિકલ વગેરે યંત્રણા સાથે પહોંચીને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ શો રૂમમાં મોટા પ્રમાણમાં કપડા સહિત પ્લાસ્ટિક, પૂઠ્ઠા જેવા જ્વલનશીલ વસ્તુઓને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. લગભગ ૮.૫૪ વાગે ફાયરબ્રિગેડે આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ આગ લાગ્યા બાદ ધુમાડો બિલ્ડિંગના ઉપરના માળા પર ફેલાઈ ગયો હતો અને ઉપર પહેલા માળા પર ચાર પુરુષો તથા ચોથા માળા પર ચાર મહિલા, ત્રણ શ્વાન અને બે બિલાડી ફસાઈ ગયાં હતાં, તેમને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

# પારસી મરણ

કેરશી ટેહમુરસ્પ દારૂવાલા તે મરહુમ ડોલી તથા મરહુમ તેહમુરસ્પ દારૂવાલાના દીકરા. તે જેસમીન વીરાફ શેઠના તથા રોહીન્ટન તેહમુરસ્પ દારૂવાલા તથા કટી બેહેરામ ખમબાટાના ભાઇ. તે ફરીદા દારૂવાલાના ધનીયાની. તે ઝરીર દારૂવાલાના પિતાજી. (ઉં. વ. ૭૨) રે. ઠે. ૭૦૩, લશ્કરીયા ઇમ્પ્રેસ, આદર્શ નગર, ન્યુલિંક રોડ, ઓશીવારા, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૬-૫-૨૫ને, બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ, ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

શાહરૂખ મેહલી કાપડીયા તે રોશની એસ. કાપડીયાના ખાવીંદ. તે મરહુમો રતી તથા મેહલી કાપડીયાના દીકરા. તે મેહેર ને કાર્લના પપ્પા. તે સાયસ કૂપર ને બીનાયસા સી. કાપડીયાના સસરા. તે પરવીન કેન્ટીનવાલાના ભાઇ. તે વિહાન ને ડીઆનાના બપાવા. તે ઝેરીક એન. મહેતાના માસા. તે મરહુમો વિરા તથા દીનશાહ અંજાનાના જમાઇ. તે મરહુમ પરશીશ એમ. મહેતાના બનેવી. તે નેવીલ મહેતાના સાઢુભાઇ. (ઉં. વ. ૭૦) રે. ઠે. ઇ-૨૯, ખુશરૂબાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧.

# હિન્દુ મરણ

**મોચી**

સ્વ. કિશોર કલ્યાણદાસ મકવાણા (ઉં. વ. ૬૫) ગામ ધારગણી, હાલ બોરીવલી રેખાબેનના પતિ. પ્રિતી, કેતન, હેતલ, નીલમના પિતા. દિપાલીના સસરા. તા. ૪-૫-૨૫ના શ્રીજીચરણ પધાર્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૫-૨૫ના ૫થી ૭. ઠે. લુહાર સુથાર વાડી, બોરીવલી.

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા હાલ મુંબઇ દિલીપ હરીલાલ દોશીના ધર્મપત્ની અ. સૌ. નીતા (અરુણા) (ઉં. વ. ૭૭) શનિવાર તા. ૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કેતન, સ્વ.જતીનના માતુશ્રી. પ્રિતી, ગં. સ્વ. સ્નેહલના સાસુ. વત્સલ, મિત, માનસીના દાદીમા. પુત્રવધૂ મનાલીના દાદીસાસુ. પિયર પક્ષે નંદુરબાર રહેવાસી સ્વ. જસુમતીબેન, સ્વ. ગોપાળદાસ નાગરદાસ મહેતાના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૧૫/૧૭, વિષ્ણુ ભુવન, ૪ ફ્લોર, રૂમ. નં.૩૨,૩૩, વી. પી. રોડ, સી. પી. ટેન્ક, મુંબઇ-૪૦૦૦૦૪.

**હાલાઇ લોહાણા**

મૂળગામ પાડોદર કુર્લા નિવાસી હાલ થાણા ગં. સ્વ. મંગળાબેન (ઉં. વ. ૯૨) તે સ્વ. દામોદરદાસ માધવજી ઠક્કરના ધર્મપત્ની. તે સ્વ. કાળીદાસ શામજી સામાણીના સુપુત્રી. તે સ્વ. જયાબેન રતીલાલ ઠકરારના બેન. તે સુભાષભાઇ, નલીનીબેન, ઇલાબેનના માતુશ્રી. તે હીનાબેન સુભાષભાઇ, અરવિંદકુમાર, ધીરજકુમારના સાસુ. હિરેનભાઇ ભાવિકભાઇના દાદી તા. ૩-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬-૫-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. લોહાણા મહાજન વાડી, થાણા, ખારકર આળી, એમ.કે.જી. કોલેજની સામે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

રાઈ ગામ નિવાસી હાલ બોરીવલી, ચંદુભાઈ નરોત્તમદાસ શાહ (ઉં. વ. ૯૦) તે શ્રીમતી ભદ્રાબેનના પતિ. ડૉલી ભાવિન શેઠ તથા મેઘના જાય અધ્વર્યુના પિતાશ્રી. ધ્રુવ અને આર્યાના નાનાશ્રી. પરમાણંદદાસ કલ્યાણજી તુરખીયાના જમાઈ. તા. ૦૩/૦૫/૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર વૈષ્ણવ**

ચંદ્રિકાબેન શ્રીકાંત પરીખ તે સોમવાર ૫/૫/૨૫ના મુંબઈ ખાતે સ્વર્ગવાસ પામ્યા છે. સચિત પરીખ -પુત્ર, સેજલ ધારિયા-પુત્રી, પિકી પરીખ-પુત્રવધૂ. નિલેશ ધારિયા જમાઈ, પૌત્રો-શ્રિષ્ટિ, કૈતવ, અર્પિત, શિખા, પિનલ, જીમિત. લૌકિક પ્રથાઓ બંધ રાખવામાં આવી છે.

**દશા સોરઠિયા વણિક**

ડીટલા નિવાસી હાલ વિરાર, સ્વ. ધનસુખભાઈ રણછોડદાસ માંડવીયાના ધર્મપત્ની અરુણાબેન માંડવીયા (ઉં.વ.૭૭) જયેશ, અમી, સ્વ. રાકેશના માતુશ્રી. દક્ષાના સાસુ તા. ૫/૫/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ દ્વારકાદાસ રણછોડદાસ માંડવીયા, સ્વ. કસુંબાબેન, સ્વ. દેવકુંવરબેન, સ્વ. વિલાસગૌરી, સ્વ. ગુલાબબેન, સ્વ. મુક્તાબેન, સ્વ. પ્રાણકુંવરબેન, સ્વ. કુંદનબેનના ભાભી, ધીરજબેન રમેશભાઈ જેઠવાના વેવાણ. સ્વ. વૃજલાલ શામજી શ્રીમાંકરના દીકરી. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મોડાસા એકડા વિશા ખડાયતા**

ગાબટ નિવાસી, હાલ બોરીવલી, રમણલાલ હરગોવિંદદાસ શાહ (ઉં. વ. ૯૬) તે સ્વ. આનંદીબેનના પતિ. જતીન, વંદનાના પિતા. શિલ્પા તથા નીતીનકુમારના સસરા. યશ, મનાલી, ખ્યાતિ, ચિરાગકુમાર, જીતીક્ષા, જીગ્નેશકુમાર, નૈતિકના દાદા. ૩/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૬/૫/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા. જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ. સાસરાપક્ષનું બેસણું તેજ સ્થળે રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

બોરીવલી નિવાસી, અ.સૌ.ભાવનાબેન શ્રીમાકર (ઉં.વ.૬૮) તે હરીશભાઈ શ્રીમાકરના પત્ની. ગો.વા.લાભુબેન રમણીકલાલ શ્રીમાકરના પુત્રવધૂ. સ્વ.દયાબેન દુર્લભજી સાંગાણીના પુત્રી. રાહુલના માતુશ્રી. રાજેન્દ્રભાઈ, સુધીરભાઈ, હિતેન્દ્રભાઇ, સ્વ ચંદ્રિકાબેન, દિનાબેનના બહેન. તા. ૩.૫.૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ વાળુકડ હાલ મુંબઈ, અ. સૌ. સ્વ. પ્રણાલી ભોજ (ઉં. વ.૩૯) તા.૨/૫/૨૫ શુક્રવારના સ્વર્ગવાસ થયો છે. હિતેષભાઇ અર્જુનભાઈ ભોજના ધર્મપત્ની. કુમારી મેઘનાબેનના માતુશ્રી. મંજુબેન અર્જુનભાઈ ત્રિકમ ભોજના પુત્રવધૂ. મંદાબેન તથા સ્વ. આનંદ મહાદેવ ખરાતના સુપુત્રી. તેમના બારમાની વિધી ઘરે તા- ૦૬/૦૫/૨૫ મંગળવારે સાંજે શિવમંદિર, નાગાબાબા નગર, વાશીનાકા, કુકરેજા કમ્પાઉન્ડ પાસે, ચેમ્બુર, મું.૭૪.

**સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ**

રોહીસા નિવાસી, હાલ મુંબઇ રમેશભાઇ હરિશંકર પુરોહિતના ધર્મપત્ની કાશ્મીરાબહેન (ઉં.વ.૮૦) વૈશાખ સુદ ૭, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. કવિતાબેન-અલ્પેશભાઇના માતુશ્રી. કવિતા અલ્પેશભાઇના સાસુ. સોનમ-યશના દાદી. સ્વ. ભાનુશંકર હરિશંકર પુરોહિત, સ્વ. દલસુખભાઇ હરિશંકર પુરોહિતના નાનાભાઇના ધર્મપત્ની. બાલાસિનોર હાલ મુંબઈ બાબુભાઇ સાકરલાલ શાહ તથા શાંતાબહેનની પુત્રી. સ્મશાનયાત્રા તા. ૬-૫-૨૫ મંગળવારના બપોરે ૩.૩૦ કલાકે. નિવાસસ્થાનેથી : સુખમણી બિલ્ડિંગ, બમનજી પેટીટ રોડ, પારસી જનરલ હૉસ્પિટલની બાજુમા, કેમ્પસ કોર્નર, મુંબઇ-૭.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો તરોતાજા




# ડાઈવર્સિફિકેશન નથી કર્યું?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'સામાન્ય રોકાણકાર વાતો તો મોટી મોટી કરતો હોય છે, પરંતુ જોખમોથી બચીને ચાલવાનું પસંદ કરે છે અને ડરી ડરીને નિર્ણયો લેતો હોય છે. તેનું વર્તન અસ્થિર હોય છે અને કોઈપણ જોખમભરી પરિસ્થિતિમાં ઝડપથી બહાર નીકળી જાય છે'

– ડેનિયલ કન્હમેન

શરદભાઈ ગાંધી એક દિવસ પોતાના રોકાણના આખા પોર્ટફોલિયો સાથે મારી પાસે આવ્યા. રોકાણો સંતુલિત અને ડાઇવર્સિફાઇડ હોવાં જોઈએ એવું એમણે ક્યાંક વાંચ્યું હતું તેથી પોતાનાં રોકાણો એવાં છે કે કેમ તે જાણવાની એમની ઈચ્છા હતી. પોર્ટફોલિયો પર નજર કરતાંવેંત મેં કહ્યું કે આમાં ક્યાંય ડાઇવર્સિફિકેશન દેખાતું નથી. પહેલાં તો એમને લાગ્યું કે હું મજાક કરી રહ્યો છું, પણ પછીથી સમજાયું કે હું એ વિશે ખરેખર ગંભીર હતો.

શરદભાઈના પોર્ટફોલિયોમાં એમણે જાતે ઈક્વિટીમાં કરેલું રોકાણ, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ તથા ઈક્વિટી માર્કેટમાં રોકાણ કરવા માટેની પોર્ટફોલિયો મેનેજમેન્ટ સ્કીમનું રોકાણ હતું. આમ એમનો આખો પોર્ટફોલિયો ઈક્વિટીનો હતો.

એમનો આ પોર્ટફોલિયોને જોઈને મને ઘણાં વર્ષો પહેલાંનો બીજા એક વડીલનો કિસ્સો યાદ આવ્યો. એમનાં રોકાણોમાં બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ, કંપનીની ફિક્સ્ડ ડિપોઝિટ, નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, ડેટ મ્યુચ્યુઅલ ફંડ અને સરકારી બોન્ડ સામેલ હતાં. આમ, એમનો આખો પોર્ટફોલિયો ડેટ સાધનોથી ભરેલો હતો.

આવું ફક્ત શરદભાઈ કે પેલા વડીલ સાથે થતું નથી. મોટાભાગના રોકાણકારો અલગ અલગ સાધનોમાં રોકાણ કરતા હોય છે, અલગ અલગ ઍસેટ ક્લાસમાં નહીં. સામાન્યપણે ઈક્વિટી, ડેટ, સોનું અને રિયલ એસ્ટેટ એમ ચાર પ્રકારના ઍસેટ ક્લાસ છે. ક્યારેક આપણે એ દરેક વિશે વિગતવાર ચર્ચા કરીશું, પણ આજનો આપણો વિષય ડાઇવર્સિફિકેશનને લગતો છે.

ઉક્ત અલગ અલગ ઍસેટ ક્લાસમાં રોકાણ કરવા માટે મ્યુચ્યુઅલ ફંડ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસ, જાતે કરાતું રોકાણ, વગેરે માધ્યમ છે. ધારો કે આપણે મુંબઈથી રાજકોટ જવું છે. આપણે ટ્રેન, પ્લેન, પોતાની કાર, બસ એ બધામાંથી કોઈ પણ સાધન પસંદ કરી શકીએ છીએ. આપણું ધ્યેય રાજકોટ સુધી પહોંચવાનું છે અને તેના માટે આ બધાં અલગ અલગ સાધન છે.

પોર્ટફોલિયોના એકંદર જોખમને ઘટાડવા માટે અલગ અલગ ઍસેટ ક્લાસમાં રોકાણ કરવું જરૂરી છે. કોઈકે સાચું જ કહ્યું છે, જો તમારા પોર્ટફોલિયોનો અમુક હિસ્સો નુકસાનમાં જતો ન હોય તો સમજવું કે તમે પૂરતું ડાઇવર્સિફિકેશન કર્યું નથી.

બીજી તરફ, કેટલાક લોકોને રિયલ એસ્ટેટના રોકાણ પ્રત્યે ખાસ પ્રીતિ હોય છે. એક વાર મોટી ઉંમરનાં એક વિધવા બહેન મારી ઑફિસે આવ્યાં હતાં. પતિ એમના માટે કુલ ૮.૨૫ કરોડ રૂપિયાનો પોર્ટફોલિયો મૂકી ગયા હતા. એ ઉપરાંત તેમનું રહેણાંક પણ હતું. તેમાંથી ૭.૫૦ કરોડનું મૂલ્ય તો વરલીમાંના એક ફ્લેટનું જ હતું. અન્ય રોકાણોમાં બેન્કની ફિક્સ્ડ ડિપોઝિટ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ અકાઉન્ટ, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ અને જાતે લીધેલા કેટલાક ઈક્વિટી શેરનો સમાવેશ થતો હતો. તેમની પાસે સંપત્તિ સારી એવી કહી શકાય એટલી હતી, પરંતુ રોજિંદા ખર્ચની પળોજણ થતી હતી. ફાઇનાન્શિયલ પ્લાનર તરીકે મને વિચાર આવ્યો કે જો એમને કોઈ લાંબી બીમારી આવી જાય તો શું? આ પોર્ટફોલિયો પણ ડાઇવર્સિફાઇડ કહેવાય નહીં.

ડાઇવર્સિફિકેશન કરીએ નહીં એ પણ એક પ્રકારનું જોખમ છે. મોટાભાગના રોકાણકારો આ જોખમની અવગણના કરતા હોય છે, કારણ કે દરેકને ઈક્વિટી, સોનું, રિયલ એસ્ટેટ અને ડેટ એ બધામાંથી કોઈ એક ઍસેટ ક્લાસ પ્રત્યે વળગણ હોય છે. આવું થવાની પાછળનાં કારણો અનેક હોઈ શકે છે. અમુક ઍસેટ ક્લાસમાં એક વખત ઊંચું વળતર મળ્યું હોઈ શકે છે અથવા તો કોઈ એક પ્રકારના રોકાણમાં ખરાબ અનુભવ થયો હોઈ શકે છે. ખરાબ અનુભવની વાત આવે ત્યારે બધાને ઈક્વિટી યાદ આવતી હોય એ સહજ છે.

એક વાર ક્યાંક ખરાબ અનુભવ થઈ જાય તો તેનો અર્થ એવો નથી થતો કે એ ઍસેટ ક્લાસમાં રોકાણ કરવાનું ટાળવું. કોઈ પણ રોકાણ કાયમી ધોરણે વધુ રોકાણ આપી શકે નહીં. અંગ્રેજીની એક કહેવત છે કે 'વિજેતાઓ હંમેશાં બદલાતા રહે છે.' આથી જ જો આપણે સંતુલિત અને ડાઇવર્સિફાઇડ પોર્ટફોલિયો ઈચ્છતા હોઈએ તો અલગ અલગ ઍસેટ ક્લાસમાં રોકાણ કરવું આવશ્યક છે.

કોઈકે કહેલી આ વાત પણ અહીં યાદ રાખવા જેવી છેઃ વાસ્તવિક જીવનમાં લાંબા ગાળાનું વળતર પોર્ટફોલિયોએ જે કામગીરી બજાવી તેના પર નહીં, પરંતુ રોકાણકારે કેવો પોર્ટફોલિયો બનાવ્યો તેના પર આધાર રાખે છે. ■

વીમા સુરક્ષાકવચ

# આરોગ્ય વીમાના પ્રીમિયમમાં ઘટાડો સંભવ છેઃ કઈ રીતે?

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

આરોગ્ય વીમો દરેક પરિવારની મૂળભૂત જરૂરિયાત બની ગયો છે. આજે જીવનશૈલીને લગતી બીમારીઓનું પ્રમાણ પણ ભરપૂર વધ્યું છે. એની સામે તબીબી સારવારના ખર્ચમાં પણ સતત ધરખમ વધારો થઈ ગયો છે. આવા વખતમાં દરેક પરિવાર માટે પૂરતું આર્થિક રક્ષણ આપનારો આરોગ્ય વીમો આવશ્યક હોય છે. જો કે, આરોગ્ય વીમાના પ્રીમિયમનો બોજ માણસની કમર તોડી નાખે છે. ખાસ કરીને મધ્યમ વર્ગના લોકોને આ બોજ ઘણો ભારે પડે છે.

આવી સ્થિતિ પરિસ્થિતિમાં કવરેજ સાથે બાંધછોડ કર્યા વગર ઓછા ખર્ચે આરોગ્ય વીમો મળે એનો કોઈ વિકલ્પ છે ખરો?

આરોગ્ય વીમો તમારા ખિસ્સાને પરવડે એવો રાખવા માટેના કેટલાક રસ્તા આ પ્રમાણે છેઃ

૧) શરૂઆત વહેલી કરોઃ

હવે તો લગભગ બધા જ લોકો જાણી ગયા છે કે આરોગ્ય વીમો હોય કે જીવન વીમો હોય, નાની ઉંમરે કઢાવી લેવાય તો એનું પ્રીમિયમ ઓછું હોય છે. દાખલા તરીકે, પાંચ લાખ રૂપિયાના આરોગ્ય વીમા માટે ૨૫ વર્ષના યુવાનને લાગુ પડતું પ્રીમિયમ એ જ પોલિસી માટે ૪૦ વર્ષની વ્યક્તિને લાગુ પડતા પ્રીમિયમ કરતાં ઓછું હોય છે. વળી, નાની ઉંમરે આરોગ્ય વીમો લઈ લીધો હોય તો શક્ય છે કે કોઈ પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ હોય નહીં. પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ વગરની પોલિસીનું પ્રીમિયમ પણ ઓછું હોય છે. ઉપરાંત, કોઈ પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ હોય તો એનો વેઇટિંગ પિરિયડ પણ જલદી એટલે કે નાની ઉંમરમાં જ પૂરો થઈ જાય.

૨) વધુ ડિડક્ટિબલ રાખો અથવા કો-પે રાખોઃ

આજકાલ આપણે ત્યાં ઘણી આરોગ્ય વીમા કંપની વીમાધારકને સ્વૈચ્છિકપણે ડિડક્ટિબલનો અથવા કો-પેનો વિકલ્પ પૂરો પાડે છે. તમને એમ લાગતું હોય તો કોઈ પણ ક્લેમ આવશે તો અમુક રકમ સુધીનો ખર્ચ ભોગવવાની તમારી તૈયારી છે તો એવી સ્થિતિમાં તમે એ રકમને ડિડક્ટિબલ તરીકે રાખી શકો. બીજા શબ્દોમાં કહીએ તો, તમારો કોઈ ક્લેમ આવે તો આરોગ્ય વીમા કંપની એ ક્લેમની રકમમાંથી ડિડક્ટિબલની રકમ ઓછી કરીને ઉપરની-વધારાની રકમ તમને ચૂકવવા બંધાયેલી રહેશે. જ્યારે ક્લેમમાંથી કાપવાની રકમ ટકાવારી સ્વરૂપે હોય ત્યારે એને કો-પે કહેવામાં આવે છે. એનો અર્થ એવો થયો કે તમારો કોઈ ક્લેમ આવશે ત્યારે એ ટકાવારી પ્રમાણેની રકમ કાપીને ઉપરના પૈસાનો ક્લેમ કંપની તમને ચૂકવશે. આ કો-પે ૨૦ ટકા કે એની આસપાસની કોઈ ટકાવારી સ્વરૂપે હોય છે. ડિડક્ટિબલ અને કો-પેનો વિકલ્પ લીધો હોય તો આરોગ્ય વીમાનું પ્રીમિયમ ઓછું આવતું હોય છે. આવા પ્રકારે વીમો લેવાય ત્યારે તમારે તમારા ખિસ્સામાંથી અમુક રકમ ભરવી પડશે અને તેથી એના માટેની જોગવાઈ કરીને રાખવી પડશે એ ધ્યાનમાં લેવું ઘટે.

૩) ટોપ-અપ કે સુપર ટોપ-અપ પ્લાનની પસંદગી કરોઃ

આરોગ્ય વીમામાં બેઝ કવર ઉપરાંત ટોપ-અપ અને સુપર ટોપ-અપ એ બન્ને પ્રકારના પ્લાન ઉપલબ્ધ હોય છે. સામાન્ય રીતે બેઝ કવરનું પ્રીમિયમ જ વધારે હોય છે. ટોપ-અપ અને સુપર ટોપ-અપ પ્લાનનું પ્રીમિયમ ઓછું હોય છે. તમારા બેઝ પ્લાનની રકમ કરતાં વધારે રકમનો ક્લેમ આવે ત્યારે જ એમાંથી ચૂકવણી થવાનો સવાલ આવે છે, જેમકે તમારે બેઝ પ્લાન ૩

લાખ રૂપિયાનો છે. તમે એની ઉપર ૧૦ લાખ રૂપિયાનું સુપર ટોપ-અપ લીધું. છે તો એ સુપર ટોપ-અપનું પ્રીમિયમ ઓછું હશે, પણ તમને ૩ લાખ રૂપિયાની ઉપરના ખર્ચ માટેનું આર્થિક રક્ષણ મળી રહેશે. સામાન્ય રીતે મોટાભાગના ક્લેમ અમુક મર્યાદામાં જ આવતા હોય છે. આથી એની ઉપરની રકમ માટે ટોપ-અપ અને સુપર ટોપ-અપ આપવાનું આરોગ્ય વીમા કંપનીઓને અનુકૂળ પડતું હોય છે.

બીજી બાજુ, ન કરે નારાયણ ને વીમાધારકને બેઝ કવર કરતાં વધુ મોટી રકમનો ક્લેમ આવે તો એ સુપર ટોપ-અપ અને ટોપ-અપની મદદથી એ ખર્ચને પહોંચી વળી શકે છે.

૪) ફેમિલી ફ્લોટર પ્લાન લેવોઃ

પરિવારની દરેક વ્યક્તિનો અલગ અલગ આરોગ્ય વીમો લેવા જઈએ તો ઘણો વધારે ખર્ચ થઈ જાય. એને બદલે પતિ-પત્ની, સંતાનો અને માતા-પિતા એ બધાંનો ફેમિલી ફ્લોટર પ્લાન ઓછા ખર્ચે મળતો હોય છે. પરિવારમાં એક સાથે બધા જ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે એવું ભાગ્યે જ બનતું હોય છે. આમ, ફેમિલી ફ્લોટર પ્લાન વીમાધારક અને વીમા કંપની બન્નેને પરવડે એવો વિકલ્પ હોય છે.

૫) આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવોઃ

માંદા પડો તો જ તમને મેડિક્લેમની જરૂર પડે ને? હા, એટલે જ કહેવાનું કે આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવો તો તમારે તબીબી સારવારની જરૂર જ પડે નહીં. આ જ કારણ છે કે આરોગ્ય વીમા કંપનીઓ પણ વીમાધારકને મફતમાં કે ઓછા ખર્ચે વેલનેસ પ્રોગ્રામ ઑફર કરતી હોય છે. તમે રોજ ચાલવા જવાનો કે બીજો કોઈ વ્યાયામ કરો તો કંપનીની મોબાઇલ ઍપ્લિકેશનમાં એની નોંધ કરીને તમે પ્રીમિયમમાં રાહત મેળવી શકો છો અથવા તો વધારાના બેનિફિટ મેળવી શકો છો. ધૂમ્રપાન બંધ કરવામાં આવે, બહારનું ખાવાનું ઓછું કે બંધ કરવામાં આવે, નિયમિતપણે વ્યાયામ કરવામાં આવે તો તંદુરસ્તી જાળવવાનું સહેલું બની જાય છે. આ જ રસ્તે તમે આરોગ્ય વીમાના પ્રીમિયમની રકમમાં ડિસ્કાઉન્ટ પણ મેળવી શકો છો.

આખરે, આરોગ્ય વીમા કંપની પણ ઈચ્છે છે કે તમે માંદા પડો નહીં. જો તમે માંદા પડો તો એમણે જ તમારા ક્લેમ વખતે નાણાં ચૂકવવાં પડે છે.

૬) વીમા કંપનીઓના પ્રીમિયમની તુલના કરોઃ

આજકાલ દરેક માહિતી આંગળીને વેઢે ઉપલબ્ધ છે. તમારે અલગ અલગ આરોગ્ય વીમા કંપનીઓના પ્લાન અને એના બેનિફિટ તથા પ્રીમિયમની જાણકારી મેળવી લીધા બાદ જ વીમો ખરીદવાનો કે ખરીદેલા પ્લાનનું નવીનીકરણ કરાવવાને લગતો નિર્ણય લેવો. તમને હાલની કંપની કરતાં વધુ સારા લાભ અને ઓછા ખર્ચે બીજી કોઈ કંપનીની પોલિસી મળતી હોય તો એ લેવામાં કશું ખોટું નથી. જો કે, તમારે આ ચકાસણી ઝીણવટભરી રીતે કરવી જરૂરી છે.

૭) ઍડ ઓનની પસંદગીઃ

વીમાના લાભ અલગ અલગ ઍડ ઓન તરીકે મળતા હોય છે. એમાં મેટરનિટી કવર, ઓપીડી બેનિફિટ, રૂમ રેન્ટ વેઇવર, વગેરે જેવા ઍડ ઓન હોય છે. એ બધાં કહેવા માટે સારા, પરંતુ દરેક પરિવારની જરૂર ન હોય એવું શક્ય છે. હાલ જેની જરૂર ન હોય એ ઍડ ઓન લેવું નહીં.

દાખલા તરીકે, જે પરિવારમાં આવનારાં કેટલાંક વર્ષો સુધી કોઈને બાળક થવાનું નથી તો મેટરનિટી કવરની જરૂર જ નથી. ઍડ ઓન વિશે નિર્ણય લેતાં પહેલાં આરોગ્ય વીમાનો પ્લાન બરોબર સમજી લેવો જરૂરી છે.

૮) 'નો ક્લેમ બોનસ'નો લાભ લોઃ

આરોગ્ય વીમા કંપનીઓને તો એ જ જોઈતું હોય છે કે તમારી પોલિસીમાં કોઈ ક્લેમ આવે નહીં. આથી, એ જે વર્ષે તમારો કોઈ ક્લેમ આવ્યો ન હોય એ વર્ષ માટે 'નો ક્લેમ' બોનસ આપતી હોય છે. નો ક્લેમ બોનસને લીધે તમારું પ્રીમિયમ વધ્યા વગર તમારા મેડિકલ કવરની રકમ વધી જાય છે. નાના-નાના ક્લેમ કરવાને બદલે નો ક્લેમ બોનસ ભેગી કરવાનું ઘણી વખત ફાયદાકારક પુરવાર થતું હોય છે. આથી આ ઝીણી બાબતનું પણ ધ્યાન રાખવું.

૯) પ્રીમિયમની ચુકવણી વાર્ષિક ધોરણે કરોઃ

તમે પ્રીમિયમની ચુકવણી દર મહિને, દર ત્રણ મહિને કે વાર્ષિક ધોરણે કરી શકો છો. વાર્ષિક ધોરણે પ્રીમિયમ ચૂકવો તો એમાં ડિસ્કાઉન્ટ મળે છે. તમને એક સાથે મોટી રકમ કાઢવાનું ફાવતું હોય તો વાર્ષિક ધોરણે જ પ્રીમિયમ ચૂકવવું સારું.

ટૂંકમાં...

આરોગ્ય વીમાનું પ્રીમિયમ ઘટાડવા માટે આડેધડ માર્ગ અપનાવવાની નહીં, પરંતુ સમજી-વિચારીને પગલાં ભરવાની જરૂર હોય છે. ઉપરોક્ત મુદ્દાને ધ્યાનમાં રાખશો તો આરોગ્ય વીમીની યોગ્ય પોલિસીનો તમે યોગ્ય નિર્ણય લઈ શકશો. ■

# તરસ લાગે ત્યારે પાણી પીવું એ પ્રકૃતિ છે, તરસ વિના પાણી પીવું એ...

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

ઉનાળો માથે ચડ્યો છે. ગરમી નવા રેકોર્ડ બનાવી રહી છે. સ્વાભાવિકપણે આપણને તરસ પણ વધારે લાગે છે. નિષ્ણાતો જણાવે છે કે, તરસ એ શરીરની એક કુદરતી સંરક્ષણ પદ્ધતિ છે. આ તમારા શરીરનો સંકેત છે કે તમારા શરીરમાં પ્રવાહીનું સ્તર અસંતુલિત છે. આપણું શરીર ઘણા નાના કોષોથી બનેલું છે. દરેક કોષને યોગ્ય રીતે કાર્ય કરવા માટે (અંદર અને બહાર બંને રીતે) સંતુલિત માત્રામાં પ્રવાહીની જરૂર હોય છે.

જ્યારે કોષોની અંદર કરતાં બહાર ઓછું પ્રવાહી હોય ત્યારે તેની ભરપાઈ કરવા માટે દરેક કોષમાંથી પ્રવાહી ખેંચવામાં આવે છે.

પ્રવાહીનો અભાવ તમારા કોષોની મહત્ત્વપૂર્ણ કાર્ય કરવાની ક્ષમતાને ઘટાડે છે. તેનાથી તમારા શરીરની એકંદર કામગીરીમાં ઘટાડો થવા લાગે છે. સદભાગ્યે, પ્રવાહી પીવાથી તમારા કોષો ફરી ભરાઈ જાય છે અને એ ફરીથી સામાન્ય રીતે કાર્ય કરવાનું શરૂ કરે છે.

ગરમીની ઋતુમાં બહારના તાપમાનની સાથે શરીરની અંદરનું તાપમાન પણ વધારે હોય છે. આવી સ્થિતિમાં, શરીરને સ્વસ્થ રાખવા સારા આહારની સાથે પૂરતું પાણી પીવાની પણ સલાહ આપવામાં આવે છે. પાણી દ્વારા જ આપણા શરીરમાં ખનિજ, વિટામિન્સ, એમિનો એસિડ અને ગ્લુકોઝ શોષાય છે. જો શરીરમાં પાણીની ઊણપ હોય તો સ્વસ્થ અને પૌષ્ટિક ખોરાક ખાવા છતાં તમારા શરીરને પોષક તત્ત્વો મળી શકશે નહીં. આ ઉપરાંત, પાણીની સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા એ છે કે શરીરમાં હાજર ગંદકી અને ઝેરી પદાર્થો પેશાબના રૂપમાં દૂર કરવાની જવાબદારી એ નિભાવે છે.

નિષ્ણાતો ભલામણ કરે છે કે દરેક વ્યક્તિએ દિવસમાં ઓછામાં ઓછું ૨ લિટર એટલે કે લગભગ ૮ ગ્લાસ પાણી પીવું જોઈએ.

-અને શું તમે પણ પાણીની નિર્ધારિત માત્રા પૂરી કરવા માટે બળજબરીથી પાણી પીઓ છો? તો તો થોભો, વૈજ્ઞાનિકોએ તાજેતરમાં પીવાના પાણી સંબંધિત એક નવું સંશોધન કર્યું છે. સંશોધનમાં કેટલાક વ્યક્તિઓને તરસ ન લાગી હોય ત્યારે પણ પાણી પીવાનું સૂચન કરવામાં આવ્યું, જેથી એમનામાં કોઈ ફેરફાર થાય છે કે નહિ તે જોઈ શકાય. વૈજ્ઞાનિકોએ આ બધા સહભાગીઓ પર 'ફંક્શનલ મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ' (એફએમઆરઆઈ) પરીક્ષણો કર્યા અને પાણી પીતી વખતે મગજની ગતિવિધિઓ થતી જોઈ.

વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે જ્યારે કોઈ વ્યક્તિ બળજબરીથી પાણી પીવે છે ત્યારે એના જમણા મગજનો પ્રીફ્રન્ટલ કોર્ટેક્સ વિસ્તાર અચાનક ઝડપથી સક્રિય થઈ જાય છે, જે સારી બાબત નથી. શરીરમાં પાણીની વધુ પડતી માત્રા 'હાયપોનેટ્રેમિયા'નું કારણ બની શકે છે. હાયપોનેટ્રેમિયા એટલે એક એવી સમસ્યા છે, જેમાં વ્યક્તિના લોહીમાં સોડિયમનું પ્રમાણ ખૂબ ઓછું થઈ જાય છે. તેથી એ મહત્ત્વનું છે કે તમે તરસ લાગે ત્યારે જ પાણી પીવો, કારણ કે શરીરને તરસ ત્યારે જ લાગે છે જ્યારે શરીરમાં પાણીની ઊણપ હોય અને શરીરને ખરેખર પાણીની જરૂર હોય. પાણીની જરૂરિયાત અલગ અલગ વ્યક્તિઓ માટે અલગ અલગ હોય છે. કારણ કે તે તમારા શારીરિક શ્રમ અને હવામાન પર આધાર રાખે છે કે તમારે કેટલું પાણી પીવું જોઈએ.



આમ છતાં, ઘણાને વારંવાર તરસ લગતી હોય તેનું શું?

જો તમને પુષ્કળ પ્રવાહી પીધા પછી પણ સતત તરસ લાગે છે તો તમે તેને લગતી 'પોલિડિપ્સિયા' બીમારીથી પીડિત હોઈ શકો. 'પોલિડિપ્સિયા' એ વધુ પડતી તરસની તબીબી વ્યાખ્યા છે. વધુ પડતી તરસ તમારા શરીરમાં પ્રવાહીના નુકસાનની પ્રતિક્રિયા છે. તેની સાથે મોં સુકાવું (ઝેરોસ્ટોમિયા) અને વારંવાર પેશાબ કરવાની ઇચ્છા પણ થઈ શકે છે. જો તમને સતત તરસ લાગે અથવા પાણી પીધા પછી પણ તરસ ચાલુ રહે તો તમને ડાયાબિટીસ મેલીટસ અથવા ડાયાબિટીસ ઇન્સિપિડસ જેવી ગંભીર તકલીફ હોઈ શકે છે.

**તરસ લાગવાનાં કારણ :** તરસ લાગવા માટે મસાલેદાર અથવા ખારા ખોરાક ખાવા, વધુ પડતું કેફીન અથવા આલ્કોહોલ પીવું, કસરત કરવી અને પુષ્કળ પરસેવો થવો, તાવ, ઝાડા અને ઉલટી જેવાં લક્ષણ સાથે બીમાર હોવું, ગર્ભાવસ્થા અથવા ચોક્કસ પ્રિસ્ક્રિપ્શન દવાઓ જેવાં કારણો હોઈ શકે છે માટે પોતાની તરસનું પણ નિરીક્ષણ કરવું જોઈએ અને જરૂર પડ્યે ડોક્ટરની સલાહ લેવી જોઈએ.

એવું પણ બની શકે કે માત્ર પાણી પીવાથી તમને સંતોષ ન થતો હોય. ત્યારે કેટલાક ઘરગથ્થુ ઉપાયો અજમાવવા જેવા છે, જેમકે...

જો તમને વારંવાર તરસ લાગે તો રેફ્રિજરેટરનું ઠંડુ પાણી પીવાનું બંધ કરો. તેના બદલે, ઘડામાંથી પાણી પીવો. ખૂબ ઠંડુ પાણી પીવાથી પણ વારંવાર તરસ લાગે છે. ઉપરાંત, તમારા આહારમાં એવી વસ્તુઓનો સમાવેશ કરો કે જે ખાવાથી તમને ઠંડકનો અનુભવ થાય અને દિવસભર તમારા શરીરમાં પાણીની કમી ન રહે.

**કાકડીઃ** કાકડીમાં વિટામિન કે, પોટેશિયમ અને મેગ્નેશિયમ ભરપૂર માત્રામાં હોય છે. ફાઇબર અને પાણીથી ભરપૂર કાકડી તમને કબજિયાતથી પણ બચાવે છે. ઉપરાંત, તેને ખાધા પછી, લાંબા સમય સુધી તરસ લાગતી નથી.

**તરબૂચઃ** તરબૂચમાં ૭૦ ટકાથી વધુ પાણી હોય છે. માત્ર પાણી જ નહીં, તેમાં વિટામિન સી, વિટામિન એ અને મેગ્નેશિયમ જેવા ઘણાં પોષક તત્ત્વો પણ હોય છે. તે ખાવાથી વજન વધતું નથી અને પેટ પણ ભરાય છે.

**સંતરાઃ** સંતરામાં ભરપૂર માત્રામાં પોટેશિયમ હોય છે. તેમાં લગભગ ૯૦% પાણી હોય છે એટલે જ્યારે પણ તમને ઉનાળામાં શરીરમાં પાણીની ઊણપ લાગે ત્યારે નારંગી તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

**ફુદીનોઃ** ફુદીનાના પાનને પીસીને પાણીમાં ભેળવીને પીવો. આનાથી તમને ઠંડકનો અનુભવ પણ થાય છે અને તરસ પણ લાગતી નથી.

આ બધા ઉપરાંત, દહીંમાં થોડી લીલી એલચી મિક્સ કરીને ખાઓ. આના કારણે, તમને વારંવાર તરસ લાગશે નહીં. આ સિવાય પાણીમાં મધ મિક્સ કરો અને પછી તેનાથી કોગળા કરો. આ તમને વારંવાર તરસ લાગવાથી પણ બચાવે છે. વારંવાર તરસ લાગતી હોય તો તમારા મોંમાં લવિંગ મૂકીને ચૂસો. તેનાથી ખોટી તરસ નહીં લાગે. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# હઠયોગ
# આસન, પ્રાણાયામ ને મુદ્રાઓના પદ્ધતિસરના અભ્યાસ



(ગતાંકથી ચાલુ)

**'अमनस्कयोग'** નામના ગ્રંથમાં ગોરક્ષનાથ માત્ર શારીરિક ક્રિયાઓમાં રાચનારાઓની ઝાટકણી કાઢે છે.

આટલા વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે હઠયોગનો પ્રારંભ શરીરથી થાય છે, પરંતુ તેનો હેતુ સમાધિ છે. હઠયોગ શરીરકેન્દ્રી સાધના છે, તેમ કહેવું સાચું નથી.

(૩) હઠયોગ દીર્ઘાયુષ કે આરોગ્ય માટે નથી:

એ વાત સાચી છે કે હઠયોગની ક્રિયાઓ શરીરને નિરોગી અને સુદૃઢ બનાવવામાં ઉપયોગી છે, પરંતુ અયોગ્ય કે શરીરની દૃઢતા હઠયોગની આડપેદાશ છે, હઠયોગનો હેતુ કે પ્રધાન લક્ષ્ય નથી. હઠયોગની સાધના દ્વારા હઠયોગી દૃઢ અને નિરોગી શરીર અને બળવાન પ્રાણ પ્રાપ્ત કરે છે. પરંતુ તે પ્રાપ્તિ આખરે તો આધ્યાત્મિક વિકાસનો પાયો દૃઢ કરવા માટે છે. બળવાન પ્રાણ અને નિરોગી શરીર સાધનપથ પર સહાયક સાધનો છે, તેવી સમજપૂર્વક તેમને દૃઢ અને નિરોગી બનાવવામાં આવે છે. તેમના દ્વારા આખરે તો આધ્યાત્મિક વિકાસ સિદ્ધ કરવાનો છે અને આ આધ્યાત્મિક વિકાસ જ હઠયોગનું યથાર્થ લક્ષ્ય છે.

વળી હઠયોગની સાધનાનો હેતુ દીર્ઘાયુષની પ્રાપ્તિ જ છે, એવો ખ્યાલ પણ ભ્રામક છે. હઠયોગ દ્વારા દીર્ઘાયુષની પ્રાપ્તિ સિદ્ધ થતી હોય તો પણ તે આધ્યાત્મિક વિકાસ માટે છે, તેમ સ્પષ્ટ રીતે સમજી લેવું જોઈએ.

(૪) હઠયોગ ચમત્કારિક શક્તિઓની પ્રાપ્તિ માટે નથી :

લોકોને હેરત પમાડે તેવું અસાધારણ શારીરિક કૌવત, ચમત્કારિક શક્તિઓ, શરીર-મન પર અસાધારણ નિયંત્રણ - આમાંનું કશું હઠયોગનું લક્ષ્ય નથી. કોઈ વિશેષ શક્તિઓ હઠયોગની સાધનાની આડપેદાશરૂપે આવતી હોય તેમ ક્યારેક બનતું હશે, પરંતુ હઠયોગના સાચા સાધકની દૃષ્ટિ તે તરફ કદી હોઈ શકે નહીં.

(૫) હઠયોગની ક્રિયાઓ તાંત્રિક ક્રિયાનો નથી:

હઠયોગની સાધનાને તાંત્રિક સાધનાઓ, ખાસ કરીને વામતાંત્રિક સાધનાઓ સાથે કાંઈ સંબંધ છે, તેવો ખ્યાલ ક્યાંક ક્યાંક પ્રચલિત થયેલો જોવા મળે છે. વસ્તુતઃ આ ખ્યાલ તદ્દન ભ્રામક છે.

બ્રહ્મચર્યપાલનને હઠયોગમાં ખૂબ મહત્ત્વ અપાય છે. ગોરક્ષનાથે પોતાના શિષ્યોને 'લંગોટકા પક્કા' (બ્રહ્મચારી) રહેવાનો આદેશ આપ્યો છે. વળી હઠપ્રદીપિકામાં સ્વાત્મારામ સ્પષ્ટ કહે છે :

**वहिन स्त्री पथिसेवानामादौ वर्जनमाचरेत्।**

**ह. प्र., १.६१**

'અભ્યાસની શરૂઆતથી જ અગ્નિસેવન, સ્ત્રીસંગ અને મુસાફરીનો ત્યાગ કરવો.' વળી તે જ સ્થળે હઠપ્રદીપિકાકાર માંસ, મત્સ્ય અને મદિરા જ નહીં, પરંતુ હિંગ અને લસણનો પણ ત્યાગ કરવાનું કહે છે. હઠયોગમાં આહાર-વિહારના નિયમોના કડક પાલનની અપેક્ષા છે. આ બધું જોતા તથા હઠયોગની યોગાસન, પ્રાણાયામ આદિ સાધનાઓનું સ્વરૂપ જોતા સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે હઠયોગને વામતંત્રની સાધના સાથે કોઈ રીતે સાંકળી શકાય તેમ નથી.

હઠયોગના એક ગ્રંથમાં અમુક મુદ્રાઓનું વર્ણન એવા પ્રકારનું છે કે જેમાંથી ઉપરોક્ત ગેરસમજ થઈ હોય તેમ લાગે છે. પરંતુ આ ગેરસમજનું મૂળ તે ક્રિયાઓનું સાચું સ્વરૂપ ન સમજવાને લીધે છે. વિવેકી સાધક સમગ્ર હઠયોગની સાધનાને સમજે તો તુરત સમજશે કે જે થોડું ઘણું વિકૃત સ્વરૂપ જોવા મળે છે, તે કાં તો તેમાં પાછળથી આવી ગયેલું છે અથવા તેના મૂળ સ્વરૂપમાં પાછળથી વિકૃતિ આવી ગઈ છે. એટલે આ ક્રિયાઓ તેના વિકૃત સ્વરૂપે સાધક માટે ત્યાજ્ય છે. હઠયોગની સાધનપ્રણાલી સાથે તેમનો આવા વિકૃત સ્વરૂપે કોઈ મેળ બેસે તેમ નથી.

૩. હઠયોગ એટલે શું?

હવે આપણે જોઈએ કે હઠયોગનું યથાર્થ સ્વરૂપ શું છે.

(૧) હઠયોગનો અર્થ :

સિદ્ધસિદ્ધાંત પદ્ધતિમાં હઠયોગનો અર્થ સમજાવતા ગોરક્ષનાથ કહે છે :

**हकार कीर्तितः सूर्यष्ठकारश्चन्द्र उध्यते ।**

**सूर्याचन्द्रमसोर्योगात् हठयोगो निगद्यते ।।**

'હકાર સૂર્ય તરીકે ઓળખાય છે અને ઠકાર ચંદ્ર કહેવાય છે. સૂર્ય અને ચંદ્રનો યોગ કરવામાં આવે છે, તેથી આ યોગને હઠયોગ કહેવામાં આવે છે.'

નાભિ સૂર્યનું સ્થાન અને મસ્તક ચંદ્રનું સ્થાન છે. નાભિસ્થિત સૂર્ય (પ્રાણ) સુષુમ્ણા માર્ગે ઊર્ધ્વગમન કરીને મસ્તક સુધી પહોંચે તે ઘટનાને સૂર્ય (હકાર) અને ચંદ્ર (કઠાર)નું મિલન ગણવામાં આવે છે.

સૂર્ય અને ચંદ્ર શબ્દનો પ્રયોગ પિંગળા અને ઈડા નાડી માટે પણ થાય છે. આ બંને નાડીઓમાં વહેતા પ્રાણની સમ અવસ્થા થતાં પ્રાણ સુષુમ્ણા માર્ગે ઊર્ધ્વગમન કરે છે. આ ઘટનાને પણ સૂર્યચંદ્રનું મિલન ગણવામાં આવે છે.

(૨) હઠયોગની વ્યાખ્યા :

હઠયોગની વ્યાખ્યા કરવાનું કાર્ય દુષ્કર છે, છતાં હઠયોગના સ્વરૂપને સમજવામાં ઉપયોગી થઈ શકે એ હેતુથી આપણે પ્રયત્ન કરીએ :

'હઠયોગ એટલે આસન, પ્રાણાયામ અને મુદ્રાઓના પદ્ધતિસરના અભ્યાસપૂર્વક કુંડલિની જાગરણ દ્વારા સમાધિ અવસ્થા પ્રાપ્ત કરવા માટેની સાધનપદ્ધતિ.'

(૩) હઠયોગનાં લક્ષણો :

(અ) હઠયોગ એક વ્યવસ્થિત સાધનપદ્ધતિ છે.

(બ) હઠયોગનું ધ્યેય સમાધિ અવસ્થાની પ્રાપ્તિ છે.

(ક) હઠયોગની સાધનપદ્ધતિમાં કુંડલિની જાગરણ દ્વારા સમાધિ અવસ્થામાં પહોંચાય છે.

(ડ) આસન, પ્રાણાયામ અને મુદ્રાઓનો અભ્યાસ હઠયોગની સાધનપદ્ધતિ છે.

(ઈ) શરીરથી પ્રારંભ કરીને, પ્રાણજય સાધીને, પ્રાણજય દ્વારા મનોજય કરવાની હઠયોગની પ્રક્રિયા છે.

૪. હઠયોગની મૂળભૂત ધારણાઓ:

હઠયોગની વ્યાખ્યામાં જણાવેલી પ્રક્રિયા સમજવા માટે હઠયોગની મૂળભૂત ધારણાઓ સમજવી આવશ્યક છે.

(૧) હઠયોગ પ્રમાણે માનવશરીર ખૂબ રહસ્યપૂર્ણ ઘટના છે. આ સ્થૂળ જણાતાં શરીરમાં ચેતનાનાં અનેક સ્તરો રહેલાં છે. સ્થૂળ શરીર ચેતનાનાં આ ભિન્ન ભિન્ન સ્તરો સાથે જોડાયેલું છે. એથીયે વિશેષ તો આ વ્યષ્ટિ શરીર પ્રત્યક્ આત્માનું અધિષ્ઠાન છે. શરીર અને ચૈતન્યના આ સંબંધને સમજવામાં આવે તો શરીર ચૈતન્યના ઉદ્‌ઘાટન માટે ચાવીરૂપ ઉચ્ચાલન બની શકે તેમ છે. આપણી સામાન્ય દૃષ્ટિ કરતાં, શરીરને જોવાની હઠયોગીની દૃષ્ટિ તદ્દન જુદી જ છે. હઠયોગી શરીરને ચૈતન્યના ઉદ્‌ઘાટનનું સાધન ગણે છે.

(૨) નરી આંખે દેખાતા આ અન્નમયકોશની અંદર પ્રાણમયકોશ રહેલો છે. પ્રાણમયકોશમાં પણ મનોમયકોશ છે. મનોમયકોશમાં વિજ્ઞાનમયકોશ અને વિજ્ઞાનમયકોશમાં આનંદમયકોશ છે. અને તેમાં તે પાંચેયને અતિક્રમીને પ્રત્યક્ આત્મા વિલસે છે. અન્નમયકોશથી પ્રારંભીને આ પાંચ ક્રમે ક્રમે સૂક્ષ્માતિસૂક્ષ્મ બનતા જાય છે. આ પાંચ કોશ એકબીજાથી તદ્‌ન અળગા નથી. એકબીજાની એકબીજા પર અસર થાય છે. તેઓ અન્યોન્ય ગાઢ રીતે સંકળાયેલા છે. અન્નમયકોશમાં બનતી પ્રક્રિયાઓની પ્રાણ પર અને પ્રાણમયકોશમાં બનતી પ્રક્રિયાઓની અન્નમયકોશ અર્થાત્ સ્થૂલ શરીર પર અસર થાય જ છે. તે જ રીતે પ્રાણની મન પર અને મનની પ્રાણ પર અસર થાય જ છે.

આ પ્રકારના સંબંધના રહસ્યને ચાવીરૂપ ગણીને હઠયોગ સ્થૂળ શરીરથી પ્રારંભ કરે છે, પણ સ્થૂળ શરીર પર જ અટકી જવાનું તેમાં નથી. સ્થૂળથી સૂક્ષ્મ તરફની તેમાં યાત્રા છે. હઠયોગમાં એવી સાધન પ્રક્રિયાઓ યોજવામાં આવી છે કે જેનો પ્રારંભ અન્નમયકોશ પર થાય છે, પરંતુ તેની અસર પ્રાણમયકોશ પર અને આગળ જતાં તેથી પણ સૂક્ષ્મ મનોમય આદિ કોશો સુધી થાય છે.

(૩) હઠયોગની સાધનપ્રક્રિયાઓ સમજવા માટે ચાવીરૂપ ગણાતા કેટલાક મહત્ત્વના શબ્દો સમજવા આવશ્યક છે.

(અ) પ્રાણ :

આપણું સમગ્ર શરીર પ્રાણથી વ્યાપ્ત અને અનુપ્રાણિત છે. પ્રાણ જીવનશક્તિ છે. શરીર અને મનની ક્રિયાઓ પ્રાણશક્તિ વિના ચાલી શકતી નથી. વળી પ્રાણ શરીર અને મનને જોડનારી કડી છે. પ્રાણ મૂલતઃ એક હોવા છતાં કાર્યભેદથી એનાં પાંચ સ્વરૂપો ગણાય છે.

* પ્રાણ :

પાંચે પ્રાણમાં મુખ્ય છે. તેનું સ્થાન હૃદયમાં છે. જીવનધારણ તેનું કાર્ય છે.

* અપાન :

નાભિથી નીચેના પ્રદેશમાં તેનું સ્થાન છે. ઉત્સર્ગ તેનું કાર્ય છે.

* સમાન :

નાભિમાં તેનું સ્થાન છે. પાચન તેનું કાર્ય છે.

* ઉદાન :

કંઠમાં તેનું સ્થાન છે. ઉન્નયન તેનું કાર્ય છે.

* વ્યાન :

સમગ્ર શરીરમાં તેનું સ્થાન છે. પરિનયન તેનું કાર્ય છે.

આ ઉપરાંત નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય - આ પાંચ ઉપપ્રાણ પણ છે.

હઠયોગ પ્રાણ સંયમયોગ છે, તેથી હઠયોગમાં પ્રાણમય શરીર સૌથી મહત્ત્વનું છે.

(બ) નાડીઓ :

નાભિસ્થાનમાં રહેલ કંદમાંથી ૭૨૦૦૦ નાડીઓ સમગ્ર શરીરમાં વ્યાપીને રહેલી છે. આ નાડીઓ દ્વારા સમગ્ર શરીરમાં પ્રાણનું સંચરણ થાય છે. આ નાડીઓ સ્થૂળ શરીરનો નહીં, પરંતુ પ્રાણમય શરીરનો ભાગ છે, તેથી તેમનું સ્થાન પ્રાણમય શરીરમાં છે, તેમ સમજવું જોઈએ.

મુખ્ય નાડીઓ ત્રણ છે - ઈડા, પિંગલા અને સુષુમ્ણા. આ ત્રણે નાડીઓ પૃષ્ઠવંશમાંથી પસાર થાય છે. સુષુમ્ણા વચ્ચે છે, ઈડા ડાબી બાજુ છે અને પિંગલા જમણી બાજુ છે. સામાન્ય રીતે સુષુમ્ણા બંધ હોય છે.

(ક) ચક્રો :

મેરુદંડના નીચેના છેડાથી ટોચ (મસ્તક) સુધીમાં સાત ચક્રો આવેલાં છે. સૌથી નીચેથી લેતાં મૂલાધાર (યોનિસ્થાન), સ્વાધિષ્ઠાન (મેઢ્ર), મણિપુર (નાભિ), અનાહત (હૃદય), વિશુદ્ધ (કંઠ), આજ્ઞા (ભ્રૂમધ્ય), સહસ્રાર (મસ્તક) - આ ક્રમે સાત ચક્રો રહેલાં છે.

આ પ્રત્યેક ચક્રના આકાર, રંગ, પાંખડીઓ, વર્ણો, ધ્યાનની પદ્ધતિ, જાગૃતિનાં લક્ષણો વગેરે બાબતો વિશે હઠયોગમાં વિગતવાર વિચારણા થયેલ છે.

(ડ) ગ્રંથિ અને મંડલ :

ગ્રંથિઓ ત્રણ છે. નાભિસ્થાનમાં બ્રહ્મગ્રંથિ, હૃદયમાં વિષ્ણુગ્રંથિ અને ભ્રૂમધ્યમાં રુદ્રગ્રંથિ રહેલ છે.

નાભિવિસ્તારને યોનિમંડલ, હૃદયપ્રદેશને વહ્નિમંડલ અને મસ્તકને સોમમંડલ કહે છે.

(ઈ) કુંડલિની અને તેનું જાગરણ :

કુંડલિની અત્યંત રહસ્યપૂર્ણ શક્તિ છે. હઠયોગની ક્રિયાઓ કુંડલિનીના જાગરણ માટે છે. કુંડલિની શક્તિના જાગરણથી સમગ્ર જીવનનું રૂપાંતર શક્ય બને છે. કુંડલિની સૌથી નીચેના મૂલાધાર ચક્રમાં (અન્ય મતે મણિપુર ચક્રમાં) ગૂંચળું વળીને સુષુપ્ત અવસ્થામાં પડેલી છે. યૌગિક ક્રિયાઓથી તે જાગે છે. જાગીને જ્યારે તે સુષુમ્ણા માર્ગે ઉપર ચડે છે, ત્યારે સાધકની ચેતનામાં મોટા ફેરફારો થવા માંડે છે. આ કુંડલિની શક્તિ માર્ગમાં આવતાં ચક્રો અને ગ્રંથિઓને ભેદતી ભેદતી આગળ વધે છે. જ્યારે કુંડલિની સહસ્ત્રારમાં પહોંચે છે, ત્યારે સાધક સમાધિ અવસ્થાને પામે છે અને હઠયોગની સાધનાનું લક્ષ્ય સિદ્ધ થાય છે.

પ્રાણ, નડી, ચક્રો, ગ્રંથિઓ, કુંડલિની અને તેનું જાગરણ- આ બધી હકીકતોને આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજાવી શકાય તેમ નથી. પ્રાણમય શરીરમાં ઘટતી આ બધી ઘટનાઓ છે. આ ઘટનાઓ માનવચેતનાના રૂપાંતરમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે.

આપણા સ્થૂળ શરીરની વાઢકાપ કરવામાં આવે તો તેમાં પ્રાણ, નાડીઓ, ચક્રો, ગ્રંથિઓ આદિ મળી શકે નહીં, કારણ કે આ સર્વ પ્રાણમય શરીરમાં અવસ્થિત છે.

૫. હઠયોગની સાધનપદ્ધતિ :

હઠયોગના જુદા જુદા ગ્રંથોમાં સાધનાનાં અંગો અને તેમના ક્રમમાં ભિન્નતા જોવા મળે છે. અહીં આપણે 'હઠપ્રદીપિકા'ને હઠયોગની સાધનાનો પ્રમાણભૂત ગ્રંથ ગણીને તેને આધારે હઠયોગની સાધનપદ્ધતિનો વિચાર કરીએ.

(૧) યોગાસન :

હઠયોગમાં આસન પતંજલિપ્રણિત રાજયોગની જેમ માત્ર **स्थिरसुखमासनम्** નથી. અહીં આસનનું સ્વરૂપ અને તેનો હેતુ ભિન્ન છે. અહીં આસન એક વિશિષ્ટ શારીરિક અવસ્થા છે, જેના દ્વારા પ્રાણ સંચારનો હેતુ સિદ્ધ કરવામાં આવે છે. 'હઠયોગ પ્રદીપિકા' 'ઘેરંડ સંહિત' વગેરે હઠયોગના પ્રમાણભૂત ગ્રંથોમાં આસનોનું વર્ણન કરતી વખતે એ વાત વારંવાર કહેવામાં આવી છે કે આસનના અભ્યાસથી કુંડલિની પ્રબોધનમાં સહાયતા મળે છે. દૃષ્ટાંતતઃ આપણે અહીં 'હઠ પ્રદીપિકા'માં આપવામાં આવેલ બે આસનોના અભ્યાસનું ફળકથન જોઈએ.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
ફોકસ
રશ્મિ શુકલ

# પ્લાસ્ટિક બોટલમાં પાણી પીવો છો?
# સાવધાન, હૃદયરોગના હુમલાનું જોખમ વધી જશે!



પ્લાસ્ટિક બોટલોમાં પાણી પીવું: જો તમે પ્લાસ્ટિક બોટલોમાં પાણી પીઓ છો, તો તે ફક્ત સામાન્ય સમસ્યાઓનું કારણ બની શકે છે, પરંતુ તે હૃદયરોગના હુમલાનું જોખમ પણ વધારી શકે છે. અમને જણાવો કેવી રીતે?

આધુનિક સમયમાં પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ ખૂબ જ સામાન્ય બની ગયો છે. ઘરે હોય, ઓફિસમાં હોય કે મુસાફરી કરતી વખતે, મોટાભાગના લોકોને પ્લાસ્ટિકની બોટલોમાં પાણી પીવું સરળ અને અનુકૂળ લાગે છે. પરંતુ શું તમે જાણો છો કે પ્લાસ્ટિકની બોટલોમાં પાણી પીવું તમારા હૃદયના સ્વાસ્થ્ય માટે ખતરનાક બની શકે છે? તાજેતરના સંશોધનમાં જાણવા મળ્યું છે કે પ્લાસ્ટિકમાં રહેલા કેટલાક ખતરનાક રસાયણો શરીરમાં પ્રવેશી શકે છે અને હૃદયરોગના હુમલા અને અન્ય ગંભીર રોગોનું જોખમ વધારી શકે છે. ચાલો જાણીએ આ પાછળનું સાચું કારણ-

## પ્લાસ્ટિક બોટલ હૃદયરોગના હુમલાનું જોખમ કેવી રીતે વધારે છે?

પ્લાસ્ટિક બોટલોમાં ઇઙ્અ અને ાવિંફહફયિંત હોય છે, જે શરીરના કુદરતી હોર્મોન્સને અસર કરે છે, જેના કારણે અસામાન્ય બ્લડ પ્રેશર થઈ શકે છે, જે હાર્ટ એટેકનું મુખ્ય કારણ છે. આ ઉપરાંત, પ્લાસ્ટિક રસાયણોને કારણે, શરીરમાં બળતરા વધી શકે છે અને ધમનીઓ સંકોચાઈ શકે છે, જે શરીરમાં રક્ત પ્રવાહને અવરોધે છે, જેના કારણે હાર્ટ એટેક આવી શકે છે.

કેટલાક અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે ઇઙ્અ ના સંપર્કમાં આવવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ (કઉક) વધી શકે છે અને સારા કોલેસ્ટ્રોલ (ંઉક) નું સ્તર ઘટી શકે છે, જે હૃદય રોગનું જોખમ વધારે છે. એટલું જનહીં, પ્લાસ્ટિકમાં રહેલા રસાયણો શરીરમાં મુક્ત રેડિકલનું પ્રમાણ વધારે છે, જે કોષોને નુકસાન પહોંચાડે છે અને હૃદય પર ખરાબ અસર કરે છે.

## તમારી જાતને કેવી રીતે સુરક્ષિત રાખવી?

- પીવાના પાણી માટે પ્લાસ્ટિકની જગ્યાએ કાચ કે સ્ટેનલેસ સ્ટીલની બોટલોનો ઉપયોગ કરો.
- જો તમે પ્લાસ્ટિક બોટલનો ઉપયોગ કરી રહ્યા છો, તો ઇઙ્અ-મુક્ત બોટલ ખરીદો અને તેમના લેબલ તપાસો.
- ફરીથી ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિક બોટલો સમય જતાં વધુ જોખમી બની શકે છે. તેથી, તેનો વારંવાર ઉપયોગ કરવાનું ટાળો.
- પ્લાસ્ટિકની બોટલમાં ગરમ પાણી ભરવાથી અથવા બોટલને તડકામાં રાખવાથી કેમિકલ લીચિંગ વધે છે, આ ટાળવું જોઈએ.
- ઘરની બહાર નીકળતા પહેલા, સ્ટીલ અથવા કાચની પાણીની બોટલ તમારી સાથે રાખો, જેથી તમારે બહાર પ્લાસ્ટિકની બોટલોનું પાણી ન પીવું પડે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# સુખી કૌન સોનેકી ચેનવાલા કી ચેનસે સોનેવાલા?



હું ઓફિસથી જેવો ઘરે પહોંચ્યો ને બુલેટ ટ્રેનની ગતિએ ચંપા સડસડાટ ચાલુ જ થઈ ગઈ;

'કેવા છો તમે, આવાં મા-બાપ વસાવાતા હશે આ તો તમારાં બા છે કે મારા ગયા જન્મના વેરી? હમણા મને કીધું 'વહુબેટા, તમને પેટમાં મરચું લાગશે, પણ હવેથી ઘરના રસોડામાં દાળ-શાકમાં કાશ્મીરી મરચું બંધ ને હોટલમાં કાશ્મીરી પુલાવ ખાવાનો બંધ, સમજી? કાશ્મીરની ઘટના પછી એટલી તો દેશદાઝ હોવી જ જોઈએ. હમણાં હું જઉ છું કથામાં. મે કીધું 'જુઓ બા, કથાનું માંડી વાળો ને તમે સીધેસીધી રસોઈ બનાવો મારે કીટી પાર્ટીમાં જવાનું છે એ પહેલાં મહિલા ગેરેજમાં એટલે કે બ્યુટી-પાર્લરમાં જવાનું છે' તો બા બોલ્યાં 'તમે બહારથી સુંદર થતાં પહેલાં અંદરથી સુંદર થતાં શીખો' તો શું અંદરથી મેલી છું? ને રસોઈ ન થાય તો હું પાર્ટીમાં પહોંચું કઇ રીતે? મેં કીધું 'બા કથામાં નઇ જાઓ તો પણ રામ તો વનવાસ જશે, સીતાનું અપહરણ પણ થશે ને રામ- રાવણનુ યુદ્ધ પણ ચોક્કસ થશે, પણ હું જો પાર્ટીમાં નઇ પહોંચું ને બધીઓ અહીં આવી પહોંચી તો લોચો... મેં બધીઓને કઇ દીધું છે કે બાને ઉપર ગયે છ મહિના થયા ને હવે તમને જીવતા જુવે તો હું કેવી ભોઠી પડું. ?! ને આ તમારા બાપુ, સાલુ રકતદાન ને કીર્તિદાન બે ભાઈ નથી એટલું સમજાવતાં અઢી કલાક લાગ્યા તોયે ડાયરામાં જવાના ધખારા ઊપડ્યા.

આવા અજ્ઞાની જીવને ઘરમાં કેમ રખાય? પ્લીઝ, તમે મને આમાંથી મુક્ત કરો. અત્યારે અમદાવાદની ગરમી કરતાં મારા મગજની ગરમી વધુ છે..'

'અરે સ્ટોપ ઈટ, તારી જીભમાં પોઝનું બટન છે કે નઇ? હજી તો ઘરમાં પગ મૂક્યો તો જરાક રિલેક્સ તો થવા દે'

'ઓત્તારીની તો અમારે રિલેક્સ ન થવું હોય, હજી સોના વિશે ઘણું કહેવું છે,

પણ તમે રિલેક્સ થાઓ પછી કઉ ..હાશ, હવે હું થોડી રિલેક્સ થઈ! '

'જો બકા, લગ્ન પહેલાં તારા બાપુજીએ જા.ખ.માં તારી ઉંમર, વજન, હાઇટ, બીકોમ. બધુ લખ્યું, પણ જીભડી બાર ઇંચ લખવાનું કેમ ભૂલી ગયા? જો, હમણાં થાકી ગયો છું. આપણે રાત્રે ચર્ચા કરીએ.'

એ રાત્રે કીડીનો પણ પગરાવ સંભળાય એવી પરમ શાંતિ છવાઈ ચૂકી હતી. રાતના ૧૧.૩૦ વાગે ઘુવડ સિવાય કોઈ કશું જોઈ ન શકે એવો કાળો ડિબાંગ અંધકાર ચારે તરફ વ્યાપી ચૂક્યો હતો આ શરીર મારું, આ રૂપ મારું, આ નામ મારું, આ પરિવાર મારો, આ સંપત્તિ મારી, આ પ્રતિષ્ઠા મારી એ બધુ ઈશ્વરને હવાલે સાંપી દીધું.. પણ રાત્રે બે વાગે કૂકરની સિટી જેવા વાઈફના નસકોરાંનો અવાજ કાનમાં પ્રવેશ્યો. નસકોરાં સંગીતનું એવું વાદ્ય છે કે જે વગાડે છે એ સાંભળી શકતો નથી ને સાંભળે છે એ સહન કરી શકતો નથી ને ત્યાં અચાનક બાજુમાં સૂતેલી વાઈફે ઢસડાતા કબાટ જેવા અવાજે ઉપાડ્યું : 'ઓ મેરે સોનારે સોનારે સોનારે, દેદુન્ગી જાન જુદા મત હોનારે'

હું ચમક્યો કહેવાય છે કે દીવાલને પણ કાન હોય છે તેથી દીવાલને પણ પહેલીવાર આવું સાંભળી આઘાત લાગ્યો.

બે-ચાર મોટાં કહી શકાય એવાં પોપડા ખરી પડ્યા, છતાં અમારું સદભાગ્ય કે બચી ગયા નઇતર થોડીવાર પછી અમે જ ખરી પડ્યા હોત ને સમાજ અમારી લાશ કાઢવાની તૈયારી કરતો હોત.. મેં ઓશિકાના કવરનો મુખ પર હળવો પ્રહાર કર્યો ને સફાળી બેઠી થઈ ગઈ ને મેં પૂછ્યું :

'પ્રિયે શું થયું? કેમ અચાનક આમ ..'

'અરે , તમે તો મને જિંદગીમાં ક્યારેય પ્લાસ્ટિકનાં ઘરેણાં પણ નથી અપાવ્યાં પણ આજે સપનામાં સોનાનાં ઘરેણાં આખા શરીર પર પહેરી ગાવા લાગી 'ઓ મેરે સોનારે... તમારે સપનામાં પણ સુખી થવા નથી દેવી, પણ માઇન્ડ વેલ, તમે ચાલુ સપનાએ મને જગાડવાનું અધમ પાપ કર્યું છે પણ મારા સોનાના સપના તોડનારને માતાજી માફ નઇ કરે જાઓ, હું તમને શરાપ આપું છું.'

'પણ હું ક્યાં શરાબ પીવું છું?'મે કીધું

'અરે શરાબ નઇ- શરાપ આપું છું તમે સપનામાં પણ સૂઈ નઇ શકો, તમારી ઊંઘો ખરાબ થશે.'

'અરે થઈ જ ગઈ છે, તેરી સોનેકી જિદને મેરા રાતકા સોના હરામ કર દિયા હૈ' એટલું બોલી અડધી રાતે હું કોફીનો કપ હાથમાં લઈ દીવાલ તરફ જોઈ રહ્યો હતો.

ને આંખના આંસુને લૂછી રહ્યો હતો ત્યાં એણે પૂછ્યું :

'શું થયું, ડિયર? કેમ અડધી રાત્રે આમ..'

ગંભીર મુખમુદ્રા ધારણ કરી હું બોલ્યો :

'યાદ છે તને વર્ષો પહેલા તું અઢારની ને હું વીસનો હતો..ને તારા જજ બાપુજી મારા લમણા પર બંદૂક મૂકી બોલેલા 'કાં તું મારી દીકરી સાથે લગ્ન કર અથવા ચૌદ વર્ષ જેલમાં જવા તૈયાર થઈ જા.'

ભાવવિભોર થઈ એ બોલી : 'બધુ બરાબર યાદ છે એ થોડું ભૂલાય પણ એનું આજે શું છે?'

'આજે હું છૂટી ગયો હોત'(સમજાયું?)' આટલું બોલતા આંસુનું બીજું ટીપું ખરી પડ્યું.

'પણ તું બંધનમાંથી ન છૂટી શકી, પણ ડાર્લિંગ તું જે સોનાના બંધનમાં, ધનના બંધનમાં, મોહના બંધનમાં બંધાઈ છે એમાંથી ક્યારે છૂટીશ? યાદ રાખ જબ તક ગલેમેં ચેન તબ તલક મન બેચેન. સોનાને વળગી 'ઓ મેરે સોનારે .. દેદુન્ગી જાન જુદા મત હોનારે' ગાય છે એના કરતાં સોનાનો મોહ છોડી ઈશ્વર આગળ 'ન માગું સોના-ચાંદી, ન માગું હીરા-મોતી યે મેરે કિસ કામકે' ગાઇશ તો ક્યારેય દુઃખી થવાનો વારો જ ન આવે. હવે તું જ વિચાર સુખી કોન? સોનેકી ચેનવાલા કી ચૈનસે સોનેવાલા?'

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# તંદુરસ્તી જાળવી રાખવાનો ઉત્તમ વિકલ્પઃ સમુદ્રી શેવાળ



આજનો ભારતીય યુવાવર્ગ જાપાનીઝ વાનગી તથા તેના સ્વાદનો દીવાનો બની ગયો છે. ભારતીય વાનગીઓ જેવી કે ગુજરાતી થાળી, પંજાબી ભોજન કે પછી દક્ષિણ ભારતીય વાનગીનો રસાસ્વાદ વારંવાર માણતો જ રહે છે. ખાસ પ્રસંગે કે ખાસ દિવસને યાદગાર બનાવવા માટે રેસ્ટોરાંમાં ખાસ જાપાનીઝ, થાઈ કે ચાઈનીઝ વાનગીની લહેજત માણવાનું પસંદ કરે છે. તેમાં પણ સૂશી તેમની પ્રિય વાનગી ગણાય છે. આજે આપણે સમુદ્રી શેવાળની વાત કરવાના છે તેનો ઉપયોગ જાપાનીઝ વાનગીમાં ખાસ કરવામાં આવે છે. 'સમુદ્રી શેવાળ'ને અંગ્રેજીમાં 'સી-વીડ' કહેવામાં આવે છે. ઝરણાં, નદી, સમુદ્ર, તળાવ જેવા વિવિધ જળ સ્તોત્રમાં તે સરળતાથી ઊગી નીકળે છે. કેટલીક શેવાળ અત્યંત નાની હોય છે. દેખાવમાં તે પાલકની કૂણી ભાજી જેવી લાગે છે, જ્યારે કેટલીક મોટી હોય છે. જે કેલ્પ તરીકે જાણીતી છે. મધ્યમ આકારના સમુદ્રી શેવાળ દરિયાઈ તટો ઉપર જોવા મળે છે. રંગની વાત કરીએ તો તે લાલ, લીલા, કાળા તથા કથ્થાઈ હોય છે. સમુદ્રી શેવાળમાં પોષ્ટિક તત્ત્વોનો ખજાનો સમાયેલો છે, એવી માન્યતા છે. સૌથી શ્રેષ્ઠ સમુદ્રી શેવાળ કેલ્પ ગણાય છે. વેકમેનો રંગ કથ્થાઈ હોય છે. નુરીનો રંગ લાલ હોય છે. મુરીનો મુખ્યત્વે ઉપયોગ જાપાનીઝ વાનગી સૂશી બનાવવામાં થાય છે. સમુદ્રી શેવાળ દરિયાના પાણીને શુદ્ધ બનાવવામાં ઉપયોગી ગણાય છે.

સમુદ્રી શેવાળ એટલે શું?

ધરતી ઉપર સમુદ્રનો હિસ્સો ૭૦થી ૭૫ ટકા છે. વળી ૨૫થી ૩૦ ટકા ધરતી ઉપર નદી, ઝરણાં તથા જંગલો છે. સમુદ્રમાં વિવિધ પ્રકારના જીવ-જતું જીવી રહ્યા છે. સમુદ્રમાં હજારો એવી વસ્તુઓ સમાયેલી છે જે માનવીના જીવનને તંદુરસ્ત બનાવવા માટે ઔષધીય ઓસડ તરીકે ગુણકારી છે. જેમાં આયુષ્ય વધારવાથી લઈને પાચન સંબંધિત વ્યાધિ કે ત્વચાની ચમક, વાળની તંદુરસ્તી માટે ઉત્તમ ગણાય છે. કહેવાય છે કે સમુદ્રમાં અનેક દૈવીય વસ્તુઓ સમાયેલી છે, જે આપની પાસે હોય કે આપના ઘરમાં હોય તો આપને શારીરિક તથા આર્થિક લાભ કરાવે છે. તેમાંથી એક છે સમુદ્રી શેવાળ. સમુદ્રી શેવાળનો ઉપયોગ પાણીની અંદર થતાં શાકભાજી કે વૃક્ષારોપણ માટે કરવામાં આવે છે. જે કુદરતી રીતે ખાદ્ય છે. સમુદ્રી શેવાળની ૧૦,૦૦૦થી વધુ પ્રજાતિ જોવા મળે છે. કોરિયાઈ, જાપાનીઝ તથા ચાઈનીઝ વાનગીમાં સમુદ્રી શેવાળનો ઉપયોગ ખાસ કરવામાં આવતો હોય છે.

સમુદ્રી શેવાળને એશિયાઈ દેશોનો મનપસંદ ખાદ્ય પદાર્થ ગણવામાં આવે છે. કેમ કે તેનો ઉપયોગ ચીન, દક્ષિણ કોરિયા, જાપાન, ઈન્ડોનેશિયા, ફિલિપિન્સ જેવા દેશોમાં સૌથી વધુ થાય છે. ફિલિપિન્સ, નોર્વે, ચિલી, ફ્રાંસ, તથા યુનાઈટેડ કિંગડમમાં સમુદ્રી શેવાળનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. આયર્લેન્ડમાં સમુદ્રી શેવાળનો ભોજનમાં ઉપયોગ થતો આવ્યો છે. કેમ કે સન ૧૮૦૦માં અન્નની અછત ઊભી થઈ ત્યારે સ્થાનિક લોકોએ સમુદ્રી શેવાળ ખાઈને પોતાની ભૂખ સંતોષી હતી. સ્કૉટલૅન્ડમાં સમુદ્રી શેવાળનો ઉપયોગ પ્રચલિત છે. રોમમાં સમુદ્રી શેવાળનો ઉપયોગ વાગ્યું હોય કે દાઝી ગયા હોય ત્યારે મલમ તરીકે કરવામાં આવે છે.

સમુદ્રી શેવાળના સ્વાદની વાત કરીએ તો તે માછલી જેવો આવે છે. તેથી તેના અન્ય વિકલ્પનો ઉપયોગ કરી શકાય છે. જેમ કે તેની સૂકવણી કે તેનાં પાઉડરનો ઉપયોગ અન્ય વાનગીમાં કરીને તેના પૌષ્ટિક ગુણોનો લાભ મેળવી શકાય છે. ઓરેગન યુનિવર્સિટીના કેટલાંક વૈજ્ઞાનિકો દ્વારા એવી સમુદ્રી શેવાળની શોધ કરવામાં આવી છે જે તળવામાં આવે તો બૅકન જેવી લાગે છે. સમુદ્રી શેવાળમાં વિટામિન, મિનરલ્સ તથા ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે.

શાકાહારી માટે સમુદ્રી શેવાળ એક સારો વિકલ્પ ગણાય છે.

લાલ રંગ ધરાવતા શેવાળનો ઉપયોગ સરળતાથી કરી શકાય છે. જેમાં પ્રોટીનની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. આહાર તજજ્ઞો દ્વારા જાણવા મળે છે કે દક્ષિણ કોરિયાની મહિલાઓ પ્રસૂતિ બાદ સમુદ્રી શેવાળનો સૂપ ખાસ પીવે છે. એવું માનવામાં આવે છે કે નવી માતા ને આ સૂપ દ્વારા પૂરતાં પ્રમાણમાં મિનરલ્સ તથા પૌષક તત્ત્વો મળી રહે છે. સુમદ્રી શેવાળમાં કૅલ્શિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, ઝીંક, રાઈબોફ્લેવીન, થિયામિન, કૉપર તથા આયર્નની માત્રા ભરપૂર હોય છે. વિટામિન એ, વિટામિન બી, વિટામિન સી, તથા વિટામિન કે સમાયેલાં છે. ઓમેગા-૩ ફેટી એસિડ પણ જોવા મળે છે.

## સમુદ્રી શેવાળના સ્વાસ્થ્યવર્ધક ગુણો :

**શરીરને સુડોળ બનાવવા માટે ઉપયોગી :** સમુદ્રી શેવાળનું સેવન કરવાથી પેટની ક્ષમતા મર્યાદિત બની જતી હોય છે. જેથી ડાયેટરી ફેટ ધીમે ધીમે અવશોષિત થાય છે. વળી ફાઈબરની માત્રા વધુ હોય છે. જેથી શેવાળના સેવન બાદ વ્યક્તિને પોતાનું પેટ લાંબા સમય સુધી ભરાયેલું લાગે છે. પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જેથી અંકરાતિયાની જેમ ભોજન ખાતા રહેવાની આદતથી બચાવે છે.

**બ્રેસ્ટ કેન્સરનો ખતરો ઘટે છે :** સમુદ્રી શેવાળનું સેવન વારંવાર કરતાં રહેવાથી મહિલાઓમાં ભરડો જમાવતાં કૅન્સરના ખતરાથી બચાવે છે. એક અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે પેટના બૅક્ટેરિયા વારંવાર બદલતાં રહે છે. જેને કારણે શેવાળનું સેવન કર્યા બાદ ચયાપચયની પ્રક્રિયામાં સુધારો થવા લાગે છે. જે હોર્મોન્સના વિકાસને પ્રભાવિત કરે છે. જે બ્રેસ્ટ કૅન્સરમાં એક અહમ્ ભૂમિકાનું નિર્માણ કરે છે.

**હૃદય રોગથી બચાવે છે :** સમુદ્રી શેવાળમાં બાયો-ઍક્ટિવ પેપ્ટાઈડસ્ હોય છે. જે વ્યક્તિના શરીર ઉપર હાર્મોન જેવો પ્રભાવ બનાવે છે. બ્લડ પ્રેશર નિયંત્રિત કરવામાં લાભદાયક ગણાય છે. નિષ્ણાત ડૉક્ટરો વારંવાર દર્દીને સલાહ આપતાં હોય છે કે પ્રત્યેક વ્યક્તિએ પોતાની કાળજી સ્વયં લેવી જોઈએ. બ્લડ પ્રેશર તથા કૉલેસ્ટ્રોલની માત્રા નિયંત્રણમાં રાખવી જરૂરી છે. જેને કારણે વ્યક્તિ હૃદય રોગથી બચી શકે છે. હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે છે.

**ડાયાબિટીસને નિયંત્રિત રાખવામાં ગુણકારી :** ફાઈબરયુક્ત ભોજન કરવાથી ડાયાબિટીસની વ્યાધિને કાબૂમાં રાખી શકાય છે. ફાઈબરની અધિક માત્રા બ્લડ ગ્લુકૉઝના લેવલને નિયંત્રિત કરવામાં મદદરૂપ બને છે. વળી ઈન્સ્યુલિનની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. જેને કારણે લોહીમાં શર્કરાનું પ્રમાણ ઘટાડવામાં મદદ કરે છે.

**પેટના સ્વાસ્થ્ય માટે લાભકારી :** સમુદ્રી શેવાળમાં કુદરતી રીતે જ ડાયેટરી ફાઈબર પોલિસૈકરાઈડસ્‌ની માત્રા હોય છે. એટલે કે પેટમાં શેવાળ હજારો સારા બૅક્ટેરિયાનું ઉત્પાદન શરૂ કરી શકે છે. કેમ કે સમુદ્રી શેવાળ પેટમાં બનતાં બૅક્ટેરિયાનું મનભાવતું ભોજન ગણાય છે. વળી ભોજન આરોગ્યા બાદ ભોજનને પેટની અંદર પહોંચાડતી નળીને તંદુરસ્ત રાખવા માટે ઉપકારી ગણાય છે. વળી શેવાળમાં એવા તત્ત્વ સમાયેલાં છે જે એસિડ રિફ્લેક્સથી બચાવે છે. પેટમાં સારા બૅક્ટેરિયાનું નિર્માણ પાચનતંત્ર માટે વરદાન સમાન ગણાય છે. જેને કારણે પેટ સંબંધિત અનેક સમસ્યાનો અંત આવે છે. પેટ માટે ગુણકારી ગણાય છે.

**રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છે :** સમુદ્રી શેવાળના સેવન બાદ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધી જતી હોય છે. સમુદ્રી શેવાળમાં ફ્યૂકોક્સૈન્થિન જેવા ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય છે. જે વાઈરસથી બચાવવાની સાથે કોશિકાને વધુ મજબૂત બનાવવામાં મદદ કરે છે. શેવાળમાં વિવિધ પ્રકારના ફાઈટોકેમિકલ્સ, વિટામિન સી, વિટામિન કેની માત્રા સમાયેલી છે. જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. વ્યક્તિ વાઈરસને લીધે થતાં ચેપી રોગ, હવામાં રહેલાં પ્રદૂષણને કારણે ઝડપથી રોગ-સંક્રમણના સકંજામાં જકડાઈ જતો નથી. સમુદ્રી શેવાળનો ઉપયોગ સલાડમાં મીઠાંને બદલે ઉપર કરી શકાય છે. સૂપનો સ્વાદ વધારવા શેવાળને સૂપ ઉપર મૂકીને પી શકાય છે. સલાડ ડ્રેસિંગમાં શેવાળનો ઉપયોગ કરી શકાય છે. ■

### જાપાનીઝ સૂશી બનાવવાની રીત



**સામગ્રી :** ૪ કપ સૂશી ચોખા(રાંધેલા), અડધો કપ ખાંડ, ૧ કપ સિરકા, મનપસંદ શાકભાજી જેવાં કે ઍવાકૅડો, ગાજર, સિમલા મરચું બધું જ મળીને ૧ કપ ઝીણું સમારેલું, નોરી શીટસ્ ૧ (જાપાનમાં ઊગતી એક પ્રકારની શેવાળ છે જેનો ઉપયોગ સૂશી રોલ બનાવવામાં ખાસ કરવામાં આવે છે. સ્વાદ પ્રમાણે મીઠું, ખાંડ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક મોટા વાસણમાં રાંધેલાં ગરમ સૂશી ચોખા લેવા.ગરમ સિરકામાં સ્વાદ મુજબ મીઠું તથા ખાંડ ભેળવીને મિક્સ કરી લેવું. હવે ગરમ સિરકાનું મિશ્રણ રાંધેલા સૂશી ચોખામાં ભેળવી દેવું. હવે એક ટ્રેમાં નોરી શીટસ્ ગોઠવી દેવી. તેની ઉપર સિરકામાં ભેળવેલાં સૂશી ચોખાનું પડ બનાવવું. નોરી સીટના મધ્ય ભાગમાં જ સૂશી ચોખા ગોઠવવાં. તેમાં ઝીણાં સમારેલાં શાકભાજી ગોઠવવાં. હળવે હાથે તેના રોલ બનાવી લેવાં. નોરી શીટસ્‌ના કિનારે પાણી લગાવીને રોલ બંધ કરી દેવાં. ત્યારબાદ ચાકુને ભીનું કરી રોલને કાપી લેવાં. જેથી સૂશી ભાત ચાકુને ચોંટશે નહીં. રોલ અકબંધ રહેશે. જાપાનીઝ સૂશી રોલનો સ્વાદ માણવો. ■

feedback@bombaysamachar.com
વિશેષ
નિધી ભટ્ટ

# ઘણા લોકો પાર્કમાં કારણ વગર જોરથી હસે છે, જાણો, આ કરવાથી કયા રોગ મટે છે?



વિશ્વ હાસ્ય દિવસ ૨૦૨૫: હાસ્ય તમને રોગોથી દૂર રાખી શકે છે, પરંતુ સંશોધન કહે છે કે પહેલા લોકો દિવસમાં ૧૮ મિનિટ હસતા હતા પરંતુ હવે તે સમય ઘટીને માત્ર ૬ મિનિટ થઈ ગયો છે.

આ ઉતાવળિયા અને ઝડપી જીવનમાં, હસવું ખરેખર ખૂબ મોંઘું થઈ ગયું છે. યાદ છે તમે છેલ્લે ક્યારે મોટેથી હસ્યા હતા? એવું હાસ્ય કે આંખોમાંથી આંસુ નીકળી જાય, જોરથી હસવાથી પેટમાં દુખાવો થવા લાગે, હસવાથી મોઢું થાકી જાય પણ હૃદય તૃપ્ત થતું નથી. મને યાદ નથી, ખરું ને? ખરેખર લોકો પાસે દરેક વસ્તુ માટે સમય હોય છે પણ હસવા અને બીજાને હસાવવા માટે નહીં, પણ લોકો કદાચ જાણતા નથી કે હસવું માત્ર ખુશી માટે જ ફાયદાકારક નથી પણ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. આજે વિશ્વ હાસ્ય દિવસ પર અમે તમને હાસ્ય પાછળ છુપાયેલા ફાયદાઓ વિશે જણાવીશું જેના વિશે કદાચ તમે હજુ પણ અજાણ હશો.

આપણે હંમેશાં સાંભળ્યું છે કે હાસ્યથી સારી કોઈ દવા નથી, પરંતુ બહુ ઓછા લોકો આ વાત માને છે. સંશોધન કહે છે કે પહેલા લોકો દિવસમાં ૧૮ મિનિટ હસતા હતા પરંતુ હવે તે સમય ઘટીને માત્ર ૬ મિનિટ થઈ ગયો છે. ચાલો તમને જણાવી દઈએ કે જે લોકો દિલથી હસે છે તેઓ ઓછા બીમાર પડે છે અને જે લોકો બીમાર હોય છે તેઓ પણ હસવાથી ઝડપથી સ્વસ્થ થઈ જાય છે.

**લોકો પાર્કમાં કેમ હસે છે?**

તમે ઘણીવાર પાર્કમાં લોકોનાં જૂથોને મોટેથી હસતા જોયા હશે. આ જોઈને તમારા મનમાં આ પ્રશ્ન થયો હશે કે આ બધા લોકો આટલા જોરથી કેમ હસી રહ્યા છે? કોઈ પણ કારણ વગર મોટેથી હસવું એ પાર્કમાં એક સામાન્ય બાબત છે, અને તેને હાસ્ય યોગ તરીકે ઓળખવામાં આવે છે. આ યોગમાં, હસવું આવે છે અને લોકોને હસવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ યોગ તણાવ ઘટાડે છે, હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે અને તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.

### હસવાના ફાયદા

**હાર્ટ એટેકનું જોખમ ઓછુંઃ** હસવાથી હૃદયના ધબકારા વધે છે. આ દરમિયાન જો તમે ઊંડા શ્વાસ લો છો, તો શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે. હસવાથી શરીરમાં એક પ્રકારનું રસાયણ બહાર આવે છે, જે હૃદયના સ્વાસ્થ્ય માટે જરૂરી માનવામાં આવે છે. આ સાથે, ડોપામાઇન નામના હોર્મોનનું સ્તર વધવા લાગે છે, જેનાથી તમને ખુશીનો અનુભવ થાય છે અને હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ ઘટે છે.

**તણાવ ઘટાડે છેઃ** હાસ્ય શરીરમાં તણાવ ઘટાડે છે અને સ્નાયુઓનો તણાવ ઘટાડે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છેઃ** દરરોજ હસવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થાય છે અને શરીર રોગો સામે વધુ સારી રીતે લડવામાં સક્ષમ બને છે.

**હૃદયના સ્વાસ્થ્ય માટે સારુંઃ** હાસ્ય રક્ત પરિભ્રમણને સુધારે છે, જે હૃદય રોગનું જોખમ ઘટાડે છે.

**મૂડ સુધારે છેઃ** હાસ્ય ડોપામાઇન અને એન્ડોર્ફિન જેવા 'ખુશીના હોર્મોન્સ' મુક્ત કરે છે, જે મનને ખુશ કરે છે.

**ઓછો દુખાવો અનુભવે છેઃ** હાસ્ય કુદરતી પીડા નિવારક તરીકે કામ કરે છે. હસવાથી માત્ર રોગ મટે છે જ નહીં પણ રોગથી થતા દુખાવામાં પણ રાહત મળે છે.

**સંબંધોને મજબૂત બનાવે છેઃ** સાથે હસવાથી સંબંધોમાં નિકટતા આવે છે અને સમજણ વધે છે.

**મનને શાંત કરે છેઃ** હાસ્ય તમામ પ્રકારના તણાવને દૂર કરે છે અને માનસિક શાંતિની અનુભૂતિ કરાવે છે.

**આત્મવિશ્વાસ વધે છેઃ** જે લોકો ખૂબ હસતા હોય છે તેઓ વધુ આત્મવિશ્વાસપૂર્ણ અને સકારાત્મક દેખાય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# આયુર્વેદિક દિનચર્યા

## ગયા અઠવાડિયે આપણે આયુર્વેદિક દિનચર્યાના કેટલા પાસા વિષેશ વાત જાણી... હવે આગળ

### શરીરની માલિશ

શિયાળામાં અઠવાડિયામાં ૧ થી ૨ વાર તેલથી માલિશ કરવાથી શરીર સ્ફૂર્તિલું તથા ચમકીલું રહે છે અને રોગપ્રતિકારક શક્તિ વધે છે. ત્રણેય પ્રકૃતિવાળાએ આ મુજબના તેલનો ઉપયોગ કરવો.

વાતઃ તલનું તેલ

પિત્તઃ નારિયેળ અથવા સૂર્યમુખીનું તેલ

કફઃ સરસવ અથવા મકાઈનું તેલ

ફાયદાઃ

વાયુ અને કફને હરનાર છે.

ચામડીને સુંવાળી અને સ્વચ્છ રાખે છે. તેમ જ ચામડીના છિદ્રોને પારદર્શક રાખે છે.

લોહીના પરિભ્રમણમાં અને નિદ્રામાં ખૂબ જ ફાયદાકારક છે.

શરીરને પુષ્ટ કરે છે.

### શારીરિક શ્રમ

શરીર નિભાવવા માટે આહારની જેટલી જરૂર છે તેટલી જ શારીરિક શ્રમની પણ આવશ્યકતા છે. તેમાં પણ હેમંત અને શિશિર ઋતુમાં વ્યાયામ વિશેષ કરવો જોઈએ. કાયમી આરોગ્ય દવાઓ લેવાથી પ્રાપ્ત નથી થતું, પરંતુ વ્યાયામ કરવાથી પ્રાપ્ત થાય છે. સવારના સમયમાં શરીરમાં કફનું પ્રમાણ મુખ્ય હોવાથી આ સમયે પ્રાણાયામ, યોગ વગેરે કસરતો કરવાથી શરીરમાં આળસ, સુસ્તી વગેરે દૂર થાય છે. વ્યાયામનો નિયમ એ છે કે, શરીરમાં જેટલું બળ હોય તેનાથી ૫૦% શ્રમ કરવો.

### કઈ પ્રકૃતિવાળા માટે કયો વ્યાયામ અને પ્રાણાયામ શ્રેષ્ઠ?

| પ્રકૃતિ | શ્રમ | પ્રાણાયામ |
|---|---|---|
| વાત | હળવો શ્રમ<br>ચાલવું, તરવું વગેરે | અનુલોમ-વિલોમ<br>વા, કબજિયાત વગેરે રોગમાં ખૂબ જ લાભ થાય છે. |
| પિત્ત | મધ્યમ શ્રમ<br>તરવું તે શ્રેષ્ઠ | શીતલી પ્રાણાયામ<br>એસિડિટી, માઈગ્રેન, માથાનો દુઃખાવો વગેરે રોગમાં રાહત થાય છે. |
| કફ | અતિશય શ્રમ<br>વજન ઊંચકવું, દોડવું, દંડ કરવા વગેરે પરસેવો નીકળે તેવો શ્રમ કરવો. | કપાલભાતી અને સૂર્યભેદન<br>શ્વાસબંધી તથા શરદી-કફ જેવા રોગ મૂળમાંથી નાબૂદ થઈ શકે છે. |
| **નોંધઃ** અનુલોમ - વિલોમ, ભ્રામરી અને નાડીશોધન પ્રાણાયામ ત્રણેય પ્રકૃતિવાળા માટે ફાયદાકારક છે | | |


### સ્નાનક્રિયા

સ્નાન કરવાથી શરીરમાં બળ અને ઓજ વધે, ચામડી પર રહેલા બેક્ટેરિયાઓ નાશ પામે છે. સ્નાન માત્ર દેહશુદ્ધિ માટે નથી, પરંતુ મનની શુદ્ધિ માટે પણ છે. કોઈ પણ પવિત્ર કાર્ય સ્નાન કર્યા વિના કરવું તે શાસ્ત્રોક્ત રીતે યોગ્ય નથી.

* 'ઠંડા પાણીના સ્નાનથી શરીરમાં જે ઊર્જા આવે છે તે ગરમ પાણીના સ્નાનથી આવતી નથી માટે ઠંડા પાણીથી સ્નાન કરવું ઉત્તમ છે. તેમ છતાં પોતાની પ્રકૃતિ અને ઋતુના આધારે ફેરફાર કરી શકાય છે.

**પ્રકૃતિ પ્રમાણે સ્નાન માટે કયું પાણી શ્રેષ્ઠ**

| | શિયાળો | ઉનાળો | ચોમાસુ |
|---|---|---|---|
| વાત | હૂંફાળું | ઠંડું | ઠંડું |
| પિત્ત | ઠંડું | ઠંડું | ઠંડું |
| કફ | ઠંડું | ઠંડું | હૂંફાળું |



* જમ્યા પહેલાં સ્નાન કરવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, પરંતુ જમ્યા પછી તરત જ સ્નાન કરવાથી જઠરાગ્નિ મંદ થાય છે.

* સ્નાનની શરૂઆતમાં પ્રથમ પગને પાણીથી પલાળી ધીરે-ધીરે પેટ, માથું આદિક અંગોને ક્રમશઃ પલાળવા.

* માથે કદી ગરમ પાણી નાખવું નહીં, કેમ જે, તેનાથી આંખનું આયુષ્ય ઘટે છે.

* સ્નાન કર્યા બાદ ભગવદ્‌પૂજા, આરતી, દેવસેવા આદિ કરવું.

* સવારનો નાસ્તો :

* વાયુ અને પિત્ત પ્રકૃતિવાળા સવારમાં નાસ્તો લઈ શકે છે.

* કફ પ્રકૃતિવાળા માટે સવારનો નાસ્તો હિતકર નથી. કેમ કે, સવારનો સમય કફપ્રધાન હોવાથી નાસ્તો કરવાથી કફની માત્રા વધી જાય છે.

* બપોરનું ભોજન :

* બપોરનો સમય પિત્તપ્રધાન હોવાથી જઠરાગ્નિ ખૂબ જ પ્રદિપ્ત હોય છે. માટે ૧૨થી ૧ની વચ્ચે બપોરનું ભોજન લઈ લેવું.

* સાંજનું ભોજન :

* સાંજે જઠરાગ્નિ મંદ હોવાથી ખૂબ જ હળવું ભોજન લેવું. સાંજે ૬થી ૮ની વચ્ચે ભોજન લઈ લેવું. જેથી પાચન થઈ જતા રાત્રે ઘાટી ઊંઘ આવી શકે.

* રાત્રિ વિશ્રામઃ

* રાત્રે વ્યાવહારિક વિચારો કે મોડે સુધી ટી.વી. જોવાની આદત ન પાડતાં ભગવત્સ્મરણ કે ધ્યાન કરતાં-કરતાં ૧૦.૩૦ સુધીમાં સૂઈ જવું.

### આધ્યાત્મિક દિનચર્યા :

અત્યાર સુધી આપણે શારીરિક દિનચર્યા કેવી હોવી જોઈએ, તે વિશે જાણ્યું,પરંતુ તે દિનચર્યામાં જ્યાં સુધી ભગવાનનો સમાવેશ થતો નથી ત્યાં સુધી તે આદર્શ દિનચર્યા ન કહેવાય. ભગવાન આપણાથી અલગ થઈ શકે તેવી કોઈ વ્યવસ્થા જ નથી તો ભગવાનને આપણા જીવનમાંથી અલગ કેવી રીતે પાડી શકાય?

-અને એટલે જ દિનચર્યા એવી હોવી જોઈએ કે, દરેક ક્રિયા ભગવાનની સ્મૃતિ સહિત, કેવળ ભગવાનને અર્થે અને તેમની આજ્ઞા પ્રમાણે જ થાય. માટે ખાવું-પીવું, સૂવું-જાગવું, ઊઠવું-બેસવું વગેરે જે કાંઈ ક્રિયા કરીએ, તેમાં પરમ કૃપાળુ શ્રીહરિ જ મુખ્ય હોવા જોઈએ. જે ભગવાન સર્વથા અને સદૈવ આપણું હિત કરવા જ તત્પર હોય છે, તેમને આપણે કેવી રીતે વિસરી શકીએ!

ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે,

'હે કુંતીપુત્ર! તું ભોજન, યજ્ઞ, દાન અને તપ આદિ જે કાંઈ કર્મ કરે છે, તે બધું મને અર્પણ કર...'

આમ, ભગવાન માટે જીવનારા સંસારમાં રહેવા છતાં પણ સંસારમાં નહીં, પરંતુ ભગવાનમાં રહેતા હોય છે. આ રીતે જેના જીવનમાં ભગવાન વણાયેલા હોય છે એ ચોવીસે કલાક સહજ રીતે આનંદ અને ભક્તિમય વિતાવે છે. ■



**ડિમોલિશન ડ્રાઈવઃ** દિલ્હીના તૈમુર નગર વિસ્તારમાં ડીડીએ દ્વારા હાથ ધરવામાં આવેલી ડિમોલિશન ડ્રાઈવ દરમિયાન ગેરકાયદે માળખાને તોડી પાડવા બૅકહો લૉડરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (એજન્સી)

# યુ ટ્યૂબ ચેનલ 'ફૉર પીએમ' બ્લૉક કરવાને પડકારતી અરજીને મામલે સુપ્રીમે કેન્દ્ર સરકારની પ્રતિક્રિયા માગી

નવી દિલ્હીઃ વ્યાપકપણે જોવાતી યુ ટ્યૂબ ચેનલ 'ફૉર પીએમ' બ્લૉક કરવાના આદેશને રદ કરવાની માગણી કરતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકાર અને અન્યોની પ્રતિક્રિયા માગી હતી.

ચેનલને બ્લૉક કરવા માટે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર વ્યવસ્થાનું અસ્પષ્ટ કારણ આપ્યું હતું જેનું સંબંધિતો દ્વારા અનુસરણ કરવામાં આવ્યું હોવાનો અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો.

કોર્ટે નોટિસ પાઠવીને કેન્દ્ર સરકાર તેમ જ અન્યો પાસે આ અંગે પ્રતિક્રિયા માગી હતી.

ન્યાયાધીશ બી. આર. ગવઈ અને કે વી વિશ્વનાથનની બનેલી ખંડપીઠે આ અરજીની સુનાવણી હાથ ધરવા સહમતી દર્શાવી હતી.

૭૩ લાખ કરતાં વધુ ગ્રાહકો ધરાવતા ડિજિટલ ન્યૂઝ પ્લેટફોર્મ 'ફૉર પીએમ'ના ઍડિટર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સરકારનો આ નિર્ણય પત્રકારત્વની સ્વતંત્રતા અને જનતાની સાચી માહિતી મેળવવાના અધિકાર પરનો હુમલો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

અરજકર્તા વતી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબલે ખંડપીઠને જણાવ્યું હતું કે ચેનલ બ્લૉક કરવાનો આદેશ બહાર પાડતા અગાઉ અરજકર્તાને એ અંગે જાણ કરતી કોઈ નોટિસ પાઠવવામાં નહોતી આવી.

કોઈપણ કારણ જણાવ્યા વિના જ ચેનલને બ્લૉક કરી દેવામાં આવી હતી. મને પણ આની જાણકારી ત્રીજી વ્યક્તિ પાસેથી મળી હતી, એમ સિબલે કહ્યું હતું.

સરકારનો આ નિર્ણય ગેરબંધારણીય હોવાનું તેમણે કહ્યું હતું.

નોટિસને મામલે આદેશ બહાર પાડી કોર્ટે આ કેસની સુનાવણી આવતા અઠવાડિયે કરવાની જાહેરાત કરી હતી. (એજન્સી) ■

# સિગ્નલના કેબલ ચોરાઈ જતાં સ્પેનમાં હાઈ સ્પીડ ટ્રેન વ્યવહાર ખોરવાયો

મેડ્રિડ : મેડ્રિડ અને સેવિલે વચ્ચેની હાઈ સ્પીડ લાઈન ચાર સ્થળે સિગ્નલના ચાર કેબલ ચોરાઈ જતાં ખોરવાઈ ગઈ હતી અને હજારો ઉતારુ રઝળી પડ્યા હતા, એવી માહિતી સ્પેનના રેલ સત્તાવાળાઓએ આપી હતી. વીકએન્ડની રજા પછી રાજધાની પાછા ફરી રહેલા જનારા લોકો હેરાન થયા હતા. રવિવારે રાત્રે કેબલની ચોરી થતાં મેડ્રિડ અને એન્ડાલુસિયા વચ્ચે મુસાફરી કરતી બાર ટ્રેન રદ કરવી પડી હતી. સોમવારે સ્પેનની સરકારી માલિકીના રેલ ઓપરેટર રેન્ફેએ ઉતારુને સૂચના આપી હતી કે સવારના આઠ વાગ્યે પહેલાં મેડ્રિડના અટોચા સ્ટેશનમાંથી રવાના થતી ટ્રેનો માટે સમય કરતા પહેલાં ન આવતા જેથી ભીડને ટાળી શકાય. સ્પેનના રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની એડીઆઈએએફે 'એક્સ'માં લખ્યું હતું કે મધ્ય સ્પેનના ટોલેડોમાં હાઈ સ્પીડ લાઈનમાં ચાર સ્થળોએ કેબલની ચોરી થઈ હતી.

અહીં ઉલ્લેખનીય છે કે એક અઠવાડિયા પહેલાં સ્પેન અને પોર્ટુગલમાં વીજળી પુરવઠો ખોટકાતાં હાઈ સ્પીડ ટ્રેન ટ્રાફિક બંધ થઈ ગયો હતો. આને લીધે ટ્રેનના હજારો પેસેન્જર રઝળી પડ્યા હતા. (એજન્સી) ■

# મધ્ય પ્રદેશમાં માર્ગ અકસ્માતમાં ચારનાં મોત, છ ઘાયલ

ભિંડઃ મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં સોમવારે વહેલી સવારે એક કાર મોટરસાઇકલ સાથે અથડાયા બાદ પલટી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર લોકોનાં મોત થયા હતા. જ્યારે છ લોકો ઘાયલ થયા હતા. આ માહિતી એક પોલીસ અધિકારીએ આપી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આ ઘટના પિયોદોરા ગામ નજીક રાત્રે એક વાગ્યાની આસપાસ બની હતી. બારોહી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અતુલ ભદોરિયાએ જણાવ્યું કે પોરસાથી ભિંડ જઇ રહેલી એક કારે વળાંક પર મોટરસાઇકલને ટક્કર મારી હતી. જેના કારણે ટુ-વ્હિલર પર સવાર ત્રણેય લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તેમણે જણાવ્યું કે ત્યારબાદ કાર પલટી જતાં તેમાં સવાર એકનું મોત થયું અને છ અન્ય ઘાયલ થયા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે ઘાયલોમાંથી ત્રણની હાલત ગંભીર છે અને તેમને સારવાર માટે ગ્વાલિયર રિફર કરવામાં આવ્યા છે. અધિકારીએ જણાવ્યું કે મૃતકોની ઓળખ સુજાન સિંહ(૫૦), બિહારીલાલ બઘેલ(૩૮), ઋષિકેશ સિંહ(૨૪) અને મહમૂદ ખાન(૨૩) તરીકે થઇ છે. અકસ્માત સમયે ત્યાંથી પસાર થઇ રહેલા સ્થાનિક ધારાસભ્ય નરેન્દ્ર સિંહ કુશવાહાએ પીડિતોને બચાવવામાં મદદ કરી હતી. ધારાસભ્યએ અકસ્માત અંગે પોલીસને પણ જાણ કરી હતી. ■

# કેરળમાં સારવાર છતાં હડકવાથી સાત વર્ષની બાળકીનું મોત

તિરુવનંતપુરમઃ કેરળમાં સોમવારે સવારે સાત વર્ષીય બાળકીનું હડકવાથી મોત થયું હતું. બાળકીને સારવાર દરમ્યાન હડકવાની રસી આપવામાં આવી હતી. તેમ છતાં તેનું મૃત્યુ થયું હોવાનું પરિવારનાં સૂત્રોએ જણાવ્યું હતું.

મૃતક નિયા કોલ્લમ જિલ્લાના કુન્નીકોડની રહેવાસી હતી. તેણી હડકવાનું સંક્રમણ થયાનું નિદાન થયા બાદથી છેલ્લા કેટલાક દિવસોથી શ્રી અવિથમ થિરુનલ(એસએટી) હોસ્પિટલમાં વેન્ટિલેટર સર્પોટ પર હતી. આ બનાવ મલપ્પુરમ જિલ્લામાં છ વર્ષની એક બાળકીનું રસીકરણ કરાવવા છતાં હડકવાથી મૃત્યુ થયાના થોડા દિવસો બાદ બન્યો છે.

મૃતક બાળકીના પરિવાર અને હોસ્પિટલના ડોક્ટરોએ શુક્રવારે પુષ્ટિ કરી કે તેણીને યોગ્ય સમયાંતરે હડકવા વિરોધી રસીના ડોઝ લીધા છતાં વાયરસનો ચેપ લાગ્યો હતો. નિયાની માતાના જણાવ્યા મુજબ ૮ એપ્રિલના રોજ જ્યારે તે તેના ઘરની નજીક ઊભી હતી, ત્યારે એક રખડતું કૂતરું તેને કોણી પર કરડ્યું હતું. કરડ્યા પછી તરત જ પરિવારના સભ્યોએ તેના ઘાને સારી રીતે ધોયા બાદ તેને નજીકના પારિવારિક આરોગ્ય કેન્દ્રમાં લઇ ગયા હતા. જ્યાં તેને હડકવા વિરોધી રસી આપવામાં આવી હતી.

ત્યારબાદ બાળકીને પુનાલુર તાલુકા હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જ્યાં તેને વધારાની દવાઓ અને રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. જો કે થોડા દિવસો પહેલા બાળકીને અચાનક ઘાવાળી જગ્યાએ તીવ્ર દુખાવો થયો અને તાવ આવ્યો. જેથી તેનાં માતા-પિતા તેને તાત્કાલિક હોસ્પિટલ લઇ ગયા હતાં.

એસએટી હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે જો કૂતરું બરાબર નસ પર કરડે છે તો વાયરસ સીધો મગજમાં પહોંચી શકે છે. તેમણે કહ્યું કે આવી સ્થિતિમાં રસી કેટલી અસરકારક રહેશે તે નક્કી કરવું અશક્ય બને છે. આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે જણાવ્યું કે કેરળની સરકારી હોસ્પિટલોમાં રસીઓની ગુણવત્તા સુનિશ્ચિત કર્યા પછી જ આપવામાં આવે છે. ■

# સંરક્ષણ સચિવ પીએમ મોદીને મળ્યા

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાને મામલે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો હોવાને પગલે સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંહ સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

ચીફ ઑફ ઍર સ્ટાફ ઍર ચીફ માર્શલ એ. પી. સિંહ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યાના એક દિવસ બાદ સંરક્ષણ સચિવે પણ મોદી સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સુરક્ષાની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી શનિવારે મોદીને મળ્યા હતા અને અરબી સમુદ્રના સંવેદનશીલ વિસ્તારની એકંદરે પરિસ્થિતિ અંગે તેમને માહિતી આપી હતી.

ગયા મંગળવારે સંરક્ષણ ક્ષેત્રના ટોચના અધિકારીઓ સાથેની બેઠકમાં મોદીએ સુરક્ષા દળને લક્ષ્ય નક્કી કરવા સહિત, ક્યારે, ક્યાં અને કઈ રીતે હુમલો કરવો તે નક્કી કરવાની સંપૂર્ણ છૂટ આપી હતી.

મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે ભારતે આતંકવાદને કચડી નાખવાનો ઠરાવ કર્યો છે. (એજન્સી) ■

'હાજર થાવ, નહીં તો કાર્યવાહી કરીશું',

# દિવ્યાંગોની મજાક કરવા બદલ પાંચ ઇન્ફ્લુએન્સર્સને સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે જાણીતા યુટ્યૂબર અને સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈના સહિત પાંચ અન્ય ઇન્ફ્લુએન્સર્સને કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો હતો. આ નિર્દેશ એક એનજીઓની અરજી પર આપવામાં આવ્યો છે. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તેમણે દિવ્યાંગોની મજાક ઉડાવી છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટે મુંબઈ પોલીસ કમિશનરને આ ઇન્ફ્લુએન્સર્સને નોટિસ જાહેર કરવા કહ્યું જેથી તેઓ કોર્ટમાં હાજર થઈ શકે. નહીં તો તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ' ના હોસ્ટ સમય રૈના પર એક એનજીઓ દ્વારા આરોપ મૂકવામાં આવ્યો છે કે તેઓ તેમના શોમાં 'સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી' નામની દુર્લભ બીમારીથી પીડિત લોકોની મજાક ઉડાવે છે. આ આરોપ બાદ ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે મુંબઈ પોલીસ કમિશનરને પાંચ ઇન્ફ્લુએન્સર્સને નોટિસ જાહેર કરવા અને તેમને કોર્ટમાં હાજર રહેવા માટે કહેવાનો આદેશ આપ્યો હતો. ખંડપીઠે એમ પણ કહ્યું કે જો તે કોર્ટમાં હાજર નહીં થાય તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. બેન્ચે એનજીઓ 'ક્યોર એસએમએ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા' દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર એટોર્ની જનરલ આર વેંકટરમણીની પણ મદદ માંગી છે. બેન્ચે આ સહાયતા દિવ્યાંગ લોકો અને દુર્લભ વિકારોથી પીડિત લોકો સંબંધિત સોશિયલ મીડિયા કન્ટેન્ટને નિયંત્રિત કરવા માટે માંગી છે. બેન્ચે આવા લોકોની મજાક ઉડાવનારા ઇન્ફ્લુએન્સર્સને હાનિકારક અને મનોબળને નુકસાન પહોંચાડનારા ગણાવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે આવી ઘટનાઓ ફરી ન બને તે માટે ગંભીર સુધારાત્મક અને દંડાત્મક પગલાં લેવાની જરૂર છે. એનજીઓ તરફથી હાજર રહેલા વકીલ અપરાજિતા સિંહે બેન્ચને કહ્યું હતું કે ''આ ખૂબ જ નુકસાનકારક અને નિરાશાજનક છે. એવા કાયદા છે જે દિવ્યાંગોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કરે છે અને એક ઘટના સમગ્ર પ્રયાસને બગાડે છે. તમારે કાયદાની અંદર કેટલાક સુધારાત્મક અને દંડાત્મક પગલાં વિશે વિચારવું જોઈએ.''

બેન્ચે કહ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકારના નામે કોઈનું પણ અપમાન કરવાની મંજૂરી આપી શકાય નહીં. બેન્ચે દિવ્યાંગો સંબંધિત સોશિયલ મીડિયા કન્ટેન્ટ પર માર્ગદર્શિકા ઘડવા પર વિચારણા કરી હતી. એનજીઓએ હાલના કાનૂની માળખામાં ખામીઓને ટાંકી હતી અને બેન્ચને ઓનલાઈન કન્ટેન્ટ પર દિશા નિર્દેશ જાહેર કરવા વિનંતી પણ કરી હતી. ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કળી | LEAF |
| ખાતર | POT |
| પર્ણ | BUD |
| બી | MANURE |
| કૂંડું | SEED |

### ઓળખાણ પડી?

વિદેશમાં જાઝ મ્યુઝિકમાં સંભળાતું અને હિન્દી ફિલ્મોનાં ગીતોની પાશ્ચાત્ય શૈલીની ધૂનમાં પણ વગાડવામાં આવતા વાજિંત્રની ઓળખાણ પડી?



અ) સેક્સોફોન બ) સેલો ક) ટ્રમ્પેટ ડ) ક્લેરિનેટ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | પ | ૨ ચા | ૩ ર | પ | ૪ દ | | ૫ આ | ળ | ૬ સુ |
| ક્તિ | | ૭ ક | ક્ષા | | ૮ સ | ૯ કં | પ | | ખા |
| | ૧૦ ટા | ર | | ૧૧ ર | | પ | | ૧૨ શાં | કા |
| ૧૩ આ | | | ૧૪ સા | દ | | ૧૫ ન | કશ | | રી |
| ૧૬ વ | મ | ૧૭ ન | | | ૧૮ કા | શી | | ૧૯ લ | |
| ર્ત | | ૨૦ ગ | લ | કં | બ | લ | | ૨૧ સ | ૨૨ ભા |
| ૨૩ ન | ૨૪ કા | ર | | | ર | | ૨૫ પ્ર | ણ | વ |
| | ય | | ૨૬ અ | ચ્છા | | ૨૭ સુ | ત | | ના |
| ૨૮ હ | ર | ૨૯ દ | મ | | ૩૦ અ | મે | | ૩૧ આ | ત્મ |
| ૩૨ વા | તા | વ | ર | ણ | | ળ | | ૩૩ શ | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | ૯ | ૧૦ | | | | | |
| ૧૧ | | | ૧૨ | | | | | ૧૩ | |
| | | ૧૪ | | | | | ૧૫ | | |
| ૧૬ | ૧૭ | | | | | ૧૮ | | | |
| ૧૯ | | | | ૨૦ | ૨૧ | | ૨૨ | | ૨૩ |
| | | ૨૪ | | | | | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | | | ૨૮ | | | | | |
| | | | ૨૯ | | | | ૩૦ | ૩૧ | |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. પૂજા વખતે --- થાય (૪)
૪. નકારવાળું, નિષેધક (૫)
૮. --- બેસવી એટલે મેળ ખાવો (૨)
૯. સભાનું વ્યવસ્થાસર કામ ચલાવવું તે (૫)
૧૧. લવારી કરું (૨)
૧૨. --- ખેલવો એટલે રમત રમવી (૨)
૧૩. --- કરાવવો એટલે બહાદુરી મારવી (૨)
૧૪. ગિરનારને લગતું (૪)
૧૫. છૂટાછેડા (૩)
૧૬. સારો વર (૩)
૧૯. દરિયો ખેડનાર કોમ (૩)
૨૦. નરસિંહ મહેતા --- વગાડતા (૪)
૨૪. સરવાળા ગણતાં આવે (૨)
૨૫. માણસ મુશ્કેલીમાં --- ઊઠે (૩)
૨૬. ખુશ થવું (૩)
૨૮. અંદરની વાત (૪)
૨૯. --- ને આંચ નહીં (૨)
૩૦. પાર્ટી, મહેફિલ (૩)
૩૨. વાસ્તવિકતા, સાચી વાત (૪)
૩૩. પારસીઓ અહીં આવી --- થઇ ગયા (૪)

**ઊભી ચાવી**

૧. શુભ (૩)
૨. ચૂંટવું, ભાંગવું, ફોડવું (૩)
૩. રસથી ભરેલું (૪)
૪. --- ખોરી એટલે વ્યસનમાં ચકચૂર રહેવું (૨)
૫. સંદેશવાહક (૩)
૬. વેરાન, સૂમસામ, જંગલ (૨)
૭. કર્મમાર્ગની સાધના (૪)
૧૦. ભાવનાથી ભરેલું (૫)
૧૩. નાળિયેર પાણીથી --- હોય (૩)
૧૪. ગીરવે મુકાવવું (૫)
૧૬. હું તમારી --- ઇચ્છું છું (૪)
૧૭. શ્રેષ્ઠ (૨)
૧૮. દાનવીર (૨)
૨૧. ચાંદી (૩)
૨૨. લચકવાળું (૫)
૨૩. એકત્રિત, સમન્વિત (૪)
૨૭. નાનું બાળક --- ને જાગી જાય (૩)
૨૮. સાચને --- નહીં (૨)
૨૯. અઠવાડિયાના દિવસ (૨)
૩૧. વસ્તુ, ચીજ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પ્રભાત' પંક્તિમાં 'અરુણું' આ શબ્દનો અર્થ જણાવો.

અ) અણદીઠું બ) સવિસ્તર ક) સુંદર ડ) આહ્લાદક

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ LINGUISTICS ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) લાવા બ) સંસ્કૃતિ ક) વર્તન ડ) ભાષા

### માતૃભાષાની મહેક

અખાએ ગણિતની પરિભાષા દ્વારા વાત એવી રીતે કહી છે કે સોંસરવું ઊતરી જાયઃ 'દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વધ્યો શેર, ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો, અખા એમ હલકાથી ભારે હોય, આતમજ્ઞાન મૂળગું ખોય.' વાત વાંચવા જેવી છે અને એની ઊંડાઈ સમજવા જેવી છે.

### ઈર્શાદ

આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે,
આ સરવર જળ તે કાનજી ને પોયણી તે રાધા રે.

– પ્રિયકાન્ત મણિયાર

### સુડોકુ-૮૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | | ૫ | ૬ | | |
| | ૭ | ૫ | | | ૮ | | | ૨ |
| | ૬ | ૨ | ૩ | ૪ | ૯ | | ૫ | |
| | ૮ | ૩ | | | | | ૯ | ૧ |
| | | | ૮ | | ૪ | | | |
| ૬ | ૨ | | | | | ૮ | ૭ | |
| | ૩ | | ૧ | ૭ | ૬ | ૯ | ૮ | |
| ૫ | | | ૪ | | | ૧ | ૩ | |
| | | ૬ | ૯ | | ૩ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૮ | ૭ | ૪ | ૧ | ૬ | ૫ | ૯ |
| ૯ | ૭ | ૬ | ૨ | ૩ | ૫ | ૮ | ૪ | ૧ |
| ૧ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ | ૭ | ૨ | ૩ |
| ૮ | ૬ | ૧ | ૪ | ૭ | ૨ | ૩ | ૯ | ૫ |
| ૪ | ૯ | ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૬ | ૮ |
| ૨ | ૩ | ૫ | ૬ | ૮ | ૯ | ૪ | ૧ | ૭ |
| ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૪ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૧ | ૯ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ | ૪ |
| ૫ | ૪ | ૨ | ૮ | ૧ | ૭ | ૯ | ૩ | ૬ |

### માઈન્ડ ગેમ

વિદેશીઓના સમૂહથી બનેલા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનો સ્વાતંત્ર્ય દિવસ કયો એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢશો?

અ) ૨૮ ફેબ્રુઆરી બ) ૪ જુલાઈ ક) ૩૦ ઓગસ્ટ ડ) ૧૪ સપ્ટેમ્બર

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઠરાવ | RESOLUTION |
| બળવાખોર | REBELLION |
| વાસ્તવિકતા | REALITY |
| શરણાર્થી | REFUGEE |
| ક્રાંતિકારી | REVOLUTIONARY |

માઈન્ડ ગેમ: ૧૯૫૧

ઓળખાણ પડી? એકતારો

ગુજરાત મોરી મોરી રે: પાણી

ચતુર આપો જવાબ અર્થ જણાવો: અનુભવ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) હર્ષા મહેતા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજિતા ખોના (૧૨) અંબરીશ ઓઝા (૧૩) પુષ્પા પટેલ (૧૪) પ્રવીણ વોરા (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જયોતી ખાંડવાલા (૧૮) નિખીલ બંગાળી (૧૯) અમીષી બંગાળી (૨૦) મહેશ એન. સંઘવી (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) મહેશ દોશી (૨૮) અલકા વાણી (૨૯) હરીશ મનુભાઈ ભટ્ટ (૩૦) અંજુ ટોલીયા (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબદુલ્લા એફ. મનીમ (૩૪) વિણા સંપટ (૩૫) દેવેન્દ્ર સંપટ (૩૬) જગદીશ ઠાકર (૩૭) પુષ્પા ખોના (૩૮) અરવિંદ કામદાર (૩૯) નિતીન જે. બજરીયા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) હિના દલાલ (૪૨) ઈનાક્ષી દલાલ (૪૩) રમેશ દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી

# ગુજરાત બોર્ડનું પરિણામ જાહેરઃ ધો. ૧૨ સાયન્સનું ૮૩.૫૧ ટકા, સામાન્ય પ્રવાહનું ૯૩.૭ ટકા પરિણામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની આતુરતાનો સોમવારે અંત આવ્યો હતો. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની (જીએસઈબી)એ ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે બન્ને પ્રવાહનું પરિણામ વધારે આવ્યું છે. આ વખતે વિજ્ઞાન પ્રવાહનું ૮૩.૫૧ ટકા પરિણામ જાહેર થયું છે. જ્યારે સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા સાયન્સનું પરિણામ ૧.૦ ટકા જ્યારે સામાન્ય પ્રવાહનું ૧.૧૪ ટકા વધુ પરિણામ આવ્યું છે.

સાયન્સમાં ૯૨.૯૧ ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો સતત બીજા વર્ષે મોખરે રહ્યો હતો. સામાન્ય પ્રવાહમાં બનાસકાંઠા જિલ્લો અવ્વલ રહ્યો હતો. સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી માધ્યમમાં ૯૩.૯૭ ટકા પરિણામ, જ્યારે ગુજરાતી માધ્યમનું ૯૩.૭ ટકા પરિણામ આવ્યું છે. સામાન્ય પ્રવાહમાં વડોદરાનું સૌથી ઓછું ૮૭.૭૭ ટકા પરિણામ જ્યારે સૌથી ઓછું પરિણામ દાહોદ જિલ્લાનું નોંધાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહના મળી કુલ પાંચ લાખથી વધુ વિદ્યાર્થીનું પરિણામ બોર્ડની વેબસાઈટ અને વોટ્સએપના માધ્યમથી જાણી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, વિદ્યાર્થીઓને ગુણપત્રક આપવા અંગેની જાણ બોર્ડ દ્વારા હવે પછી કરવામાં આવશે. મહત્ત્વનું છે કે, ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧.૧૧ લાખ વિદ્યાર્થી નોંધાયા હતા. જેમાં નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૧ લાખ જેટલી હતી. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૪.૨૩ લાખ વિદ્યાર્થી નોંધાયા હતા. જેમાંથી નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૩.૬૪ લાખ જેટલી હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવાઇ હતી. જેમાં ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ૧૦ માર્ચના રોજ પૂર્ણ થઈ હતી. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૭ માર્ચે પૂર્ણ થઈ હતી.

વિદ્યાર્થીઓની માર્કશીટ, પ્રમાણપત્ર અને એસઆર શાળામાં મોકલવા અંગેની જાણ પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવે પછીથી પ્રસિદ્ધ કરાશે તથા માર્કશીટ અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે. ■

## અમદાવાદની દિવ્યાંગ વિદ્યાર્થિનીએ ૯૦ ટકા પ્રાપ્ત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધોરણ ૧૨નું સામાન્ય પ્રવાહનું ૯૩.૦૭ ટકા પરિણામ આવતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદની એક દિવ્યાંગ વિદ્યાર્થિનીએ ૯૦ ટકા પ્રાપ્ત કર્યા છે. જન્મથી જ આંખે દેખી નહીં શકતી દિવ્યાંગ વિદ્યાર્થિની ઉર્વી રાઠી અમદાવાદના મેમનગરની એચ.બી.કે. સ્કૂલમાં અભ્યાસ કરે છે. આ દિવ્યાંગ વિદ્યાર્થિની ઉર્વી રાઠીએ મહેનત કરી ૯૮ ટકા પર્સન્ટાઈલ અને ૯૦ ટકા મેળવ્યા હતા.તે જન્મથી જ જોઈ શકતી નથી છતાં તેણે સામાન્ય વિદ્યાર્થીની જેમ જ ભણીને ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યું છે.

ઉર્વી આગળ બીબીએ અને એમબીએ કરવા માગે છે. તેમણે જણાવ્યું હતું કે તેણીએ પોતાની બ્લાઈન્ડનેસને કોઈ દિવસ વિકનેસ ગણી ન હતી. શરૂઆતના સમયમાં થોડું ઓછું વિઝન હતું ધીમે ધીમે સાવ બંધ થઈ ગયું હતું. તેણે અભ્યાસ માટે હેલ્પર અને રીડર સાથે રાખીને અભ્યાસ કરી ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. ■

# ગુજરાતમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહીઃ કેરીના પાકને નુકસાનની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ત્યારે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી હતી. હવામાન વિભાગે બીજા ધોધમાર વરસાદ સાથે અનેક વિસ્તારોમાં કરા અને વાવાઝોડું આવવાની પણ આગાહી આપવામાં આવી હતી.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર એ.કે. દાસે આગાહી કરતા જણાવ્યું હતું કે, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવે છે. રાજ્યમાં મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન બેથી ચાર ડિગ્રી ઘટશે. રાજ્યમાં આગામી ૩ દિવસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે. ભારે પવન ગાજવીજ સાથે બરફના કરા પડવાની પણ આગાહી છે.

કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, મોરબી અને રાજકોટમાં વરસાદ અને કરા પડવાની આગાહી સાથે ઓરેન્જ અલર્ટ આપવામાં આવી છે. કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠામાં છૂટાછવાયા સ્થળો પર ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે જ મોરબી, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, આણંદ, ભરૂચ, નર્મદામાં ભારે વરસાદની સાથે ગાજવીજ સાથે કરા પડવાની પણ આગાહી છે. સાતમી તારીખને બુધવારે કચ્છ, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર, સાબરકાંઠામાં છૂટાછવાયા સ્થળો પર ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. જ્યારે આઠમી તારીખે સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, અમરેલી, ભાવનગરમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

હવામાન વિભાગે ભારે પવન, કરા અને ગાજવીજ સાથે માવઠાંની આગાહી કરતાં કેરી પકવતા ખેડૂતોની ચિંતા વધી છે. વલસાડ, નવસારી, કચ્છ, જૂનાગઢ, ગીર સોમનાથમાં કેરીના બગીચાઓ આવેલા છે. હાલ બજારમાં કેરીની આવક ચાલુ થઈ ગઈ છે, પરંતુ મોટા ભાગનો પાક હજી ઊતરવાનો બાકી હોય ત્યારે જો ભારે પવન અને માવઠું થાય તો કેરીના પાકને નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. ■

# અમદાવાદ મનપા શહેરના પૂર્વ વિસ્તારમાં મિલકતોની આકારણી શરૂ કરશે

### ▸ આઠ વોર્ડમાં ૪.૫૦ લાખથી વધુ મિલકતોનો સર્વે થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરનો પ્રતિદિન ચોમેર વિકાસ થઈ રહ્યો છે. નવા વિસ્તારોમાં બાંધકામો બની રહ્યા છે, ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા મિલકતોની આકારણી કરવામાં આવતી હોય છે. પૂર્વ વિસ્તારમાં આવેલા રામોલ, હાથીજણ, વસ્ત્રાલ, નિકોલ, વિરાટનગર, ઓઢવ, ભાઈપુરા, હાટકેશ્વર, અમરાઈવાડી અને ગોમતીપુર સહિતના વિસ્તારોના મિલકતોની આકારણી ટેક્સના વેલ્યુએશન વિભાગ દ્વારા કરવામાં આવશે. પૂર્વ વિસ્તારમાં અંદાજિત ૨૫૦૦૦થી વધારે મિલકતો ચાલુ વર્ષે વધી છે, જેથી આકારણી થયા બાદ કોર્પોરેશનના પૂર્વ ઝોનમાં ૪.૭૫ લાખ જેટલી અંદાજિત મિલકતો નોંધાય તેવી શક્યતા છે. જેનાથી કોર્પોરેશનની આવકમાં પણ વધારો થશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ ખાતાના વેલ્યુએશન વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ, પૂર્વ ઝોનના સમગ્ર વિસ્તારની મિલકતોનું જીપીએમસી એક્ટ ૧૯૪૯માં થયેલી જોગવાઇ અનુસાર કાર્પેટ એરિયા બેઇઝ નવી ફોર્મ્યુલા મુજબ ૨૦૨૫-૨૬ના વર્ષ દરમિયાન ચતુરવર્ષીય આકારણી (સર્વે/માપણી) કરવાની કામગીરી વેલ્યુએશન વિભાગ દ્વારા આગામી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. પૂર્વ ઝોન વિસ્તારમાં આવતા મિલકતધારકોને કોર્પોરેશન દ્વારા જાણ કરવામાં આવે છે કે, મિલકતની માપણી કરવા સ્થળ પર આવનાર મ્યુનિ. અધિકારીઓ-કર્મચારીઓને આપની મિલકતની માપણી કરવા દેવાની રહેશે. મિલકતને લગતી માહિતી-પુરાવા તૈયાર રાખી ફિલ્ડ સ્ટાફને સમયસર ઉપલબ્ધ કરાવી જરૂરી સહકાર આપવાનો રહેશે.

લોકો પોતાની મિલકતોમાં રિડેવલપમેન્ટ, રિપેરિંગ અને નવું બાંધકામ કરતા હોય છે. ત્યારે મિલકતોના ક્ષેત્રફળ અને કાર્પેટ એરિયા સહિતમાં વધારો થતો હોય છે. મિલકતોમાં વધારો થતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મિલકતધારકના ટેક્સની ગણતરી માટે આકારણી કરાતી હોય છે. ટેક્સ વિભાગના સૂત્રોના મુજબ, પૂર્વ ઝોન વિસ્તારમાં અંદાજિત ૪.૫૦ લાખ જેટલી મિલકતો આવેલી છે. એસપી રિંગ રોડ, નિકોલ, હાથીજણ અને વસ્ત્રાલની આસપાસના વિસ્તારોમાં અનેક નવી બિલ્ડિંગો બનીને તૈયાર થઈ ગઈ છે. નવી મિલકતોનો ઉમેરો અને કેટલાક મિલકતધારકો દ્વારા બાંધકામ તોડીને નવું પણ બનાવ્યું હોય છે, જેથી હવે નવી આકારણી આગામી દિવસોમાં શરૂ કરવામાં આવશે. ■

# ઉનાળામાં દેશી ફળોની બોલબાલા, રાયણ, સેતૂર, સફેદ જાંબુ, તાડગોળાના ભાવ આસમાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજની આધુનિક પેઢી ગ્લોબલ ટ્રેન્ડિંગના નામે મોંઘા વિદેશી ફળો ખાય છે. સુપરફૂડના નામે વિદેશી ફળો ખૂબ લોકપ્રિય બન્યા છે. લોકો તેમના આહારમાં ક્વિનોઆ, કીવી, ડ્રેગન ફ્રૂટ જેવા વિકલ્પોને ચોક્કસ સ્થાન આપે છે. આ ફળો મોંઘા તો છે જ પણ સરળતાથી ઉપલબ્ધ પણ નથી. જો કે હવે લોકોને આરોગ્યવર્ધક દેશી ફળોનું મહત્ત્વ પણ સમજાયું છે. તેથી જ ઉનાળાની સીઝનમાં અમદાવાદ સહિતના રાજ્યના વિવિધ શહેરોમાં બખાઈ, આંબલી અથવા ગોરસ આંબલી, રાયણ, સેતૂર, ખાટા આમલા, કરમદા, સફેદ જાંબુ, તાડગોળા, લીચી જેવા દેશી ફળો પણ લારીઓ પર વેચાઈ રહ્યા છે.

દરેક રાજ્ય-દેશમાં તેની ભૌગોલિક સ્થિતિ અનુસાર ફળ ઊગતા હોય છે. ઉનાળાના આ ફળો ખાવાથી તાજગી અને સ્ફૂર્તિ રહે છે. આ દેશી ફળો સાથે બાળપણની ઘણી યાદો પણ જોડાયેલી હોય છે. જોકે આ ફળ હાલમાં મોંઘા ભાવે મળે છે. રાયણ અને સેતૂરનો ભાવ ૬૦૦થી ૭૦૦ રૂપિયે કિલો છે. અમુક વિસ્તારમોમાં સેતૂર ૧૦૦૦ રૂપિયે કિલો પણ મળે છે. આ ફળો વેચનારા વેપારીઓના જણાવ્યા અનુસાર ફળોનો પાક ઓછો થયો હોવાથી તે મોંઘા ભાવે વેચાય છે. આ ફળોનો આટલો બધો ભાવ સાંભળીને ઘણા ગ્રાહકો આશ્ચર્ય વ્યક્ત કરે છે.

જોકે આજની પેઢીને દેશી ફળો વિશે જાણકારી ઘણી ઓછી છે. તો ઘરના મોટા લોકો તેમને આ ફળો વિશે પણ માહિતી આપે અને ઘરમાં આ બધા દેશી ફળો આવે અને અબાલ-વૃદ્ધ સૌ કોઈ તેનો આસ્વાદ માણે તે પણ જરૂરી છે. ■

# વર્ષ ૨૦૨૪માં ૧.૭૦ કરોડથી વધુ મુસાફરે હવાઈ સેવાઓનો લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતનું નાગરિક ઉડ્ડયન સેક્ટર ઝડપથી વિકસી રહ્યું છે, જેનો લાભ રાજ્યના લાખો નાગરિકોને મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં રાજ્યનાં ચાર આંતરરાષ્ટ્રીય અને ૧૫ ડોમેસ્ટિક એરપોર્ટ મળી કુલ ૧૯ કાર્યરત એરપોર્ટ પરથી અંદાજે ૧.૪૩ લાખ જેટલા વિમાનોની આવન-જાવન નોંધાઈ હતી. આ હવાઈ સેવાઓનો લાભ રાજ્યના ૧.૭૦ કરોડથી વધુ યાત્રીઓએ લીધો હતો, જે દર્શાવે છે કે રાજ્યમાં હવાઈ મુસાફરીનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. આ ઉપરાંત, આ વર્ષે અંદાજે ૧૦૯.૯ હજાર ટન માલસામાનની પણ હવાઈ માર્ગે હેરફેર કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારની ઉડ્ડયન યોજના હેઠળ રાજ્યમાં હાલમાં ૦૭ ફ્લાઇટ સેવાઓ કાર્યરત છે, જેનો લાભ સામાન્ય નાગરિકોને મળી રહ્યો છે. આ ઉપરાંત, રાજ્ય સરકારની વાયબિલિટી ગેપ ફંડિંગ યોજના હેઠળ પણ વિવિધ આંતરિક હવાઈ સેવાઓ શરૂ કરવામાં આવી છે.

રાજ્ય સરકારે નાગરિકોને તાત્કાલિક તબીબી સેવાઓ મળી રહે તે માટે એર-એમ્બ્યુલન્સ સેવાઓ પણ ઉપલબ્ધ કરાવી છે. ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં આવી કુલ ૫૮ જેટલી ફ્લાઇટનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં ૨૯ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ માટે અને ૨૯ મેડિકલ ઇમરજન્સી માટેની ફ્લાઇટનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારે રૂ.૩૪૦૦૦ કરોડના ખર્ચે સુરતમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને રૂ. ૧૪૦૫ કરોડના ખર્ચે રાજકોટમાં હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ કર્યુ છે. આ ઉપરાંત, ડિસામાં એરફોર્સ સ્ટેશનના રન-વેને પણ રૂ. ૩૯૪ કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યું છે. ■

# ચંડોળાના મુખ્ય સૂત્રધારને ભાજપનું સંરક્ષણ હતું, રાજકીય ફાયદા માટે ભાજપ ગુંડાઓને છાવરે છેઃ શક્તિસિંહ ગોહિલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામ આતંકી હુમલાની ઘટના બાદ ગુજરાત પોલીસે અમદાવાદ સહિતના શહેરોમાં ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓને શોધીને ડિપોર્ટની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ઐતિહાસિક ડિમોલીશન કાર્યવાહી હાથ ધરી ૪૦૦૦ જેટલા ગેરકાયદે મકાનો તોડી પાડ્યા હતા. જેમાં કેટલાક ભારતીયો પણ બેઘર થયા હોય કૉંગ્રેસ તેઓની વ્હારે આવી હતી અને તેઓને આશરો આપવાની માગ કરી હતી. આ સાથે જ કૉંગ્રેસે ચંડોળાના મુખ્ય સૂત્રધાર લલ્લા બિહારીને રાજકીય સંરક્ષણ આપવા મુદ્દે ભાજપ પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. લલ્લા બિહારી સામે વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૩માં સ્થાનિક કોર્પોરેટરે રજૂઆત કરી હોવા છતાં તંત્રએ કામગીરી ન કરી હોવાનો આક્ષેપ કરાયો હતો. ૨૦૨૩માં નામજોગ ફરિયાદ કરી છતાં પગલા લીધા ન હતા. રાજકીય ફાયદા માટે ભાજપ ગુંડાઓને છાવરે છે.

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોઈ પણ દેશમાં પરદેશી વ્યક્તિ બિનઅધિકૃત રીતે રહે તો આંતરિક સુરક્ષા માટે અને દેશ માટે મોટું જોખમ ઊભું થતું હોય છે. સરકાર બિનઅધિકૃત વ્યક્તિને બહાર ફેંકે તેને સંપૂર્ણ સમર્થન છે. કાશ્મીરમાં નિર્દોષ વ્યક્તિઓના જીવ ગયા જે ઘટના બાદ કલાકોમાં જાદુઈ છડીને જેમ ૧૮૦ બાંગ્લાદેશીઓને પકડ્યા છે. ત્યારે મારો સવાલ છે કે આપણા લોકો શહીદ થાય અને મૃત્યુ પામે ત્યારબાદ ગણતરીના લોકોને પકડે છે, એટલે કે તંત્રને જાણ હતી કે અહીંયા બાંગ્લાદેશી રહેતા હતા. આ માટે કોણ જવાબદાર? વર્ષોથી ભાજપનું શાસન છે. બાંગ્લાદેશી લોકો અહીંયા પહોંચ્યા તેની તપાસ ન થઈ. સરકાર કડક પગલાં લે અમે સરકારની સાથે છીએ. આતંકવાદની ઘટના બાદ કલાકોમાં બાંગ્લાદેશી કેમ પકડાયા છે. થોડા કલાકમાં પકડ્યા એટલે તમને અગાઉથી જાણ હતી. આટલા રાજ્યો પસાર કરીને અહીંયા કેવી રીતે આવ્યા? તે અંગે પણ કૉંગ્રેસે સવાલો ઉઠાવ્યા હતા.

પ્રદેશ કૉંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ચંડોળાનો મુખ્ય સૂત્રધાર ચૂંટણી સમયે કૉંગ્રેસ વિરુદ્ધ કામ કરતો હતો જેથી ભાજપને તેનું સંરક્ષણ હતું. આતંકી ઘટનાના ગણતરીના કલાકોમાં જ બાંગ્લાદેશીઓ મળી આવ્યા તે અંગે પણ કૉંગ્રેસે સવાલો ઉઠાવ્યા હતા. ■

# અમદાવાદના મકરબા વિસ્તારમાં ભૂવો પડતા રિક્ષા પલટીઃ મુસાફરોનો બચાવ




**ભૂવોઃ** અમદાવાદના મકરબા વિસ્તારમાં સોમવારે રસ્તા પર પડેલા ભૂવામાં એક રિક્ષા ગરક થઈ ગઈ હતી. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ભૂવા પડવાની ઘટનાઓ સામાન્ય બની છે. સોમવારે અમદાવાદના મકરબા વિસ્તારમાં મેઈન રોડ પર ભૂવો પડતા રિક્ષા પલટી જતા રિક્ષા ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયો હતો.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર મકરબા વિસ્તારના મેઈન રોડ પર ભૂવો પડતા રિક્ષાનો આગળનો ભાગ ખાડામાં ઘૂસી ગયો હતો. રિક્ષામાં બે લોકો સવાર હતા. આ બનાવમાં રિક્ષાચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આસપાસના લોકો એકઠા થઈ ડ્રાઈવરને બહાર કાઢી હૉસ્પિટલે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સદ્નસીબે રિક્ષામાં મુસાફરી કરતા મહિલા અને બાળકને કોઈ પણ ઈજા પહોંચી ન હતી. ત્યાર બાદ બનાવની જાણ થતા મનપા તંત્રએ બેરીકેટ લગાવી રોડ બંધ કરી દીધો હતો. ■

# ગટર સફાઈ કામદારોનાં મોત મામલે હાઈ કોર્ટની સરકારને ફટકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગટર સફાઈ કામદારોનાં મોતના કેસમાં તેના પરિવારજનોને વળતર ચૂકવવા, મેન્યુઅલ સ્કવેન્જિંગ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ અને આવા કિસ્સાઓમાં અધિકારીઓની જવાબદારી નક્કી કરવા મુદ્દે ગુજરાત હાઇ કોર્ટમાં માનવ ગરીમા સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬માં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી.

ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ પ્રણવ ત્રિવેદીની બેંચ સમક્ષ આ મુદ્દે વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં હાઇ કોર્ટની છેલ્લી સૂચના મુજબ એડવોકેટ જનરલ આ મેટરમાં ઉપસ્થિત રહ્યા હતા.

અરજદારે જણાવ્યું હતું કે જામનગરમાં ૦૨ દિવસ પહેલા સેપ્ટિક ટેન્કની સફાઈ કરવા ઉતારેલા ૦૪ લોકોને ઝેરી ગેસની અસર થઈ છે. ૦૪ પૈકી ૦૧ અસરગ્રસ્ત આઈસીયુમાં છે. એડવોકેટ જનરલે પણ સ્વીકાર્યું હતું કે મેન્યુઅલ સ્કેવેન્જિંગ રોકવા તાત્કાલિક પગલાની જરૂર છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન વતી ઉપસ્થિત થયેલા સરકારી વકીલે જણાવ્યું હતું કે, અમદાવાદના જજિસ બંગલો ખાતે સેપ્ટિક ટેન્કની સફાઇમાં કામદારના મૃત્યુ મામલે કોન્ટ્રાકટરનો કોન્ટ્રાક્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તેને ૧૦ વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવા શો કોઝ નોટિસ આપવામાં આવી છે. અમદાવાદમાં ગટર સફાઈના કામ સાથે ૨૩ કોન્ટ્રાકટર સંકળાયેલા છે.

એડવોકેટ જનરલે કહ્યું હતું ગટરમાં ઉતરવા અને મેન્યુઅલ સ્કેવેન્જિંગ ઉપર જ પ્રતિબંધ છે. ત્યારે ગટરની સફાઈ યાંત્રિક સાધનોથી જ કરવાની થાય, કોઈને ગટરમાં ઉતરવા ફરજ પાડી શકાય નહીં. આ માટે એક એસઓપી તૈયાર કરવામાં આવી છે. ગટરમાં કામદારને ઉતરવા ફરજ પાડનાર કોન્ટ્રાકટર વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. લોકોમાં જાગરૂકતા લાવવા માટે જાહેર સ્થળોએ મેન્યુઅલ સ્કેવેન્જિંગ પ્રતિબંધિત હોવાની જાહેરાત કરતા હોર્ડિંગ્સ લગાવાશે.

હાઈ કોર્ટે પૂછ્યું હતું કે, શું કોન્ટ્રાક્ટરને ગટર સફાઈ કામનો કોન્ટ્રાક્ટ સોંપાતા કોન્ટ્રાકટમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ ઉપર પ્રતિબંધનો ઉલ્લેખ કરવામાં આવે છે કે શરતોમાં કામદારોને આપવાના જરૂરી સાધનો અને જવાબદારી અંગે શરત હોય છે? અરજદારે જણાવ્યું હતું કે કોન્ટ્રાકટર મેન્યુઅલ સ્કેવેન્જિંગ નહીં કરાવે તેવી બાહેંધરી આપે છે, છતા આ પ્રકારના બનાવો બને છે.

કોન્ટેક્ટરો પાસે પૂરતા સાધનો પણ હોતા નથી. હાઇ કોર્ટે કહ્યું હતું કે જે કોન્ટ્રાકટર પાસે પૂરતા સાધનો ના હોય તેનો કોન્ટ્રાક્ટ રદ કરી નાખવો જોઈએ. આ મુદ્દે વધુ સુનાવણી ૦૭ જુલાઈએ યોજાશે. ■

# અમદાવાદમાં દારૂની પરમિટ માટે નવી ૯૦૦૦થી વધુ અરજી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ આ વર્ષે પરમિટ લઈને દારૂ પીનારાની સંખ્યામાં વધારો થયો છે. અસારવા સિવિલમાં આ વર્ષે પ્રથમ ચાર મહિનામાં જ નવી પરમિટ માટે ૨૨૧ જેટલી નવી અરજીઓ આવી હતી.

અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલમાં વર્ષ ૨૦૨૩થી એપ્રિલ ૨૦૨૫ સુધી દારૂની પરમિટ માટે નવી ૧૭૫૯ અને રિન્યુ માટે ૭૨૫૫ અરજીઓ આવી હતી. પ્રત્યેક નવી અરજી માટે ૨૦ હજાર રૂપિયા જેટલો ચાર્જ લેવામાં આવે છે. આ નવી પરમિટની અરજી સિવિલ હૉસ્પિટલમાંથી નશાબંધી કચેરીમાં મોકલવામાં આવે છે, જ્યાંથી રિજેક્ટ થવાનું પ્રમાણ લગભગ ૧૦ ટકા જેટલું હોય છે.

આ ઉપરાંત અરજી કરનારાઓની ઉંમર અને આવકના દાખલાની ચકાસણી કરવામાં આવે છે. આ બધી વિગતોની તપાસ કર્યા બાદ હેલ્થ પરમિટ આપવી કે કેમ તે નક્કી થાય છે. તે ઉપરાંત જો અરજીમાં કોઈ શંકા લાગે તો તેને રિજેક્ટ કરવામાં પણ આવે છે. ■

# અમરેલીની શેત્રુંજી નદીમાં ૪ યુવાનો ડૂબ્યા, સમગ્ર પંથકમાં શોકનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સુસવાટા મારતા પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો ત્યારે અમરેલી તાલુકામાં ગોઝારી ઘટના બની હતી. અમરેલીના ગાવડકા નજીક શેત્રુંજી નદીમાં ૪ યુવાનો નાહવા પડ્યા હતા. જેમાં નદીના ઊંડા પાણીમાં ડૂબ્યા હતા.

મળતી પ્રાથમિક વિગતો મુજબ, શેત્રુંજી નદીમાં નહાવા માટે પડેલા ૪ યુવાનો ડૂબ્યા હતા. નદી કાંઠેથી તેમના કપડાં મળી આવ્યા હતા. યુવકો સ્થાનિક વિસ્તારના હોવાનું અનુમાન છે. સમગ્ર ઘટનાની જાણ થતાં જ અમરેલી તાલુકા પોલીસ અને ફાયર ટીમ જવાનો ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. ફાયરના જવાનોએ યુવાનોને નદીમાં શોધી બહાર કાઢવા ઓપરેશન હાથ ધર્યું હતું. નદીમાં ડૂબી જવાની ઘટનામાં ૪ યુવકોના મૃતદેહ બહાર કઢાયા હતા. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોક છવાયો છે. મૃતકોમાં ભાર્ગવ રમેશભાઈ રાઠોડ (ઉં.વ. ૨૦, મુ.મીઠાપુર ડુંગરી, તા. ધારી), નરેન્દ્ર પ્રેમજીભાઈ વાળા (ઉં.વ. ૧૮), કૌશિક મુળજીભાઈ રાઠોડ (ઉં.વ. ૨૧), કમલેશ ઉર્ફે સાગર ખોડાભાઈ દાફડા (ઉં.વ. ૨૭)નો સમાવેશ થાય છે.




# રબાડા પાછો આવી ગયો, આજે વાનખેડેમાં મુંબઈ સામે રમશે

## સાંજે ૭.30 વાગ્યાથી મુંબઈ-ગુજરાતનો જંગ

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે રમાનારી મૅચમાં ગુજરાત ટાઇટન્સ (જીટી)ની ટીમ ધાર્યા કરતાં વધુ મજબૂત થઈને મેદાન પર ઊતરશે, કારણકે એ ટીમમાં સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર કૅગિસો રબાડાનું પુનરાગમન થયું છે. જાન્યુઆરીમાં પ્રતિબંધિત ડ્રગ્સનું સેવન કર્યું એ બદલ રબાડાના રમવા પર પ્રતિબંધ લાગુ કરાયો હતો. જોકે એ તબક્કો પૂરો કરીને તે પાછો ભારત આવી ગયો છે અને આજે મુંબઈ સામેની મૅચમાં રમશે એવી પાકી સંભાવના છે.

આ મૅચ જીતનારી ટીમ પ્લે-ઑફમાં સ્થાન લગભગ પાકું કરી લેશે.

મુંબઈ અને ગુજરાત ૧૪-૧૪ પૉઇન્ટ સાથે ૧૦ ટીમના પૉઇન્ટ્સ ટેબલમાં અનુક્રમે ત્રીજા અને ચોથા નંબરે છે. બેંગલૂરુની ટીમ ૧૬ પૉઇન્ટ સાથે પહેલા નંબરે અને પંજાબની ટીમ ૧૫ પૉઇન્ટ સાથે બીજા ક્રમે છે. ચારેય ટીમમાં મુંબઈનો નેટ રનરેટ (+૧.૨૭૪) સર્વશ્રેષ્ઠ છે.

મુંબઈ અને ગુજરાતની ટીમ પ્લે-ઑફમાં પહોંચવા માટે ફેવરિટ છે.

પાંચ ટાઇટલ જીતી ચૂકેલી મુંબઈની ટીમની આજની અને ત્યાર પછીની મૅચ વાનખેડેમાં છે. આ હોમ-ગ્રાઉન્ડ પર મુંબઈ પાંચમાંથી ચાર મૅચ જીતી ચૂકી છે. આઇપીએલ-૨૦૨૫ના શ્રેષ્ઠ બૅટ્સમેનોમાં ટોચના છ સ્થાનમાંથી ત્રણ ગુજરાત ટાઇટન્સના છે અને એક જ મુંબઈ ઇન્ડિયન્સનો છે. ગુજરાતના આ ત્રણ બૅટ્સમેનોમાં સાઇ સુદર્શન (૫૦૪ રન), જૉસ બટલર (૪૭૦ રન) અને શુભમન ગિલ (૪૬૫ રન)નો સમાવેશ છે. મુંબઈના સૂર્યકુમાર યાદવે ૪૭૫ રન કર્યા છે.

ટોચના પાંચ બોલર્સમાં એક ગુજરાતનો (પ્રસિદ્ધ ક્રિષ્ના-૧૯ વિકેટ) અને એક મુંબઈનો (ટ્રેન્ટ બૉલ્ટ-૧૬ વિકેટ) છે. ■

# ભારતનો ગુજરાતી ફાસ્ટેસ્ટ ટી-૨૦ સેન્ચુરિયન ઉર્વિલ પટેલ ચેન્નઈની ટીમમાં!

ચેન્નઈઃ મહેસાણામાં જન્મેલા ગુજરાતની રણજી ટીમના ૨૬ વર્ષીય બૅટ્સમૅન ઉર્વિલ પટેલને ગયા વર્ષે આઇપીએલ-૨૦૨૫ માટેની હરાજીમાં એક પણ ટીમે નહોતો લીધો, પણ તેણે પછીથી એક રેકૉર્ડ કર્યો હતો જેને ધ્યાનમાં લઈને છેક હવે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)એ તેને પોતાની સ્ક્વૉડમાં સમાવ્યો છે.

ઉર્વિલ મુકેશ પટેલ ભારતનો ફાસ્ટેસ્ટ ટી-૨૦ સેન્ચુરિયન છે અને તેને ચેન્નઈના ફ્રૅન્ચાઇઝીએ પગની ઘૂંટીમાં ઈજા પામેલા વંશ બેદીના સ્થાને સ્ક્વૉડમાં સમાવ્યો છે. ઉર્વિલને ૩૦ લાખ રૂપિયાની બેઝ પ્રાઇઝમાં મેળવવામાં આવ્યો છે.

ઉર્વિલે ગયા વર્ષે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ત્રિપુરા સામેની મૅચમાં ફક્ત ૨૮ બૉલમાં સદી ફટકારી હતી. ત્યારે તેણે રિષભ પંત (૩૨ બૉલમાં સદી) અને રોહિત શર્મા (૩૫ બૉલમાં સદી)નો ભારતીય રેકૉર્ડ તોડ્યો હતો. ત્યારે ઉર્વિલ પટેલે કુલ ૩૫ બૉલમાં બાર સિક્સર અને સાત ફોરની મદદથી કુલ ૧૧૩ રન કર્યા હતા.

આ પહેલાં ચેન્નઈએ કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડના સ્થાને મુંબઈના ૧૭ વર્ષીય આયુષ મ્હાત્રેને સ્ક્વૉડમાં સામેલ કર્યો હતો.



ઉર્વિલ પટેલ વિકેટકીપર-બૅટ્સમૅન છે. રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન ઉર્વિલે ૧૦ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં એક સદીની મદદથી કુલ ૪૨૩ રન કર્યા છે જેમાં ૧૭ સિક્સર અને ૪૧ ફોરનો સમાવેશ છે.

૨૦૨૩માં ઉર્વિલને ગુજરાત ટાઇટન્સે મેળવ્યો હતો, પણ ત્યારે તેને મૅચ રમવા નહોતી મળી. ઉર્વિલે સ્થાનિક ટી-૨૦ ક્રિકેટ સહિત કુલ ૪૭ ટી-૨૦ મૅચમાં બે સદીની મદદથી ૧,૧૬૨ રન કર્યા છે જેમાં ૫૪ સિક્સર અને ૧૩૪ ફોર સામેલ હતી. ■

# હૈદરાબાદે દિલ્હીને મુસીબતમાં મૂક્યા પછી મેઘરાજાએ હેરાન કર્યા

## કમિન્સની પહેલી ત્રણેય વિકેટમાં કિશને ઝીલ્યો કૅચ

હૈદરાબાદઃ દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ આઇપીએલ-૨૦૨૫ની સીઝનની પ્લે-ઑફની રેસની બહાર થઈ ગયેલી સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ની ટીમ સામે ગઈ કાલે અહીં બૅટિંગ મળ્યા બાદ અત્યંત ખરાબ શરૂઆત કરી હતી અને છેલ્લે ૨૦મી ઓવરને અંતે એનો સ્કોર સાત વિકેટે ૧૩૩ રન હતો. જોકે આ ઇનિંગ્સ બાદ વરસાદ શરૂ થતાં હૈદરાબાદની ઇનિંગ્સને આડે મોટું વિઘ્ન આવ્યું હતું. આ મૅચ આગળ ન રમાતાં ધોવાઈ જાય તો હૈદરાબાદ સત્તાવાર રીતે પ્લે-ઑફ રાઉન્ડની બહાર થઈ જાય એવું સમીકરણ બન્યું હતું.

દિલ્હીના ૧૩૩ રનમાં ટ્રિસ્ટને સ્ટબ્સ (૪૧ રન, ૩૬ બૉલ, ચાર ફોર) અને આશુતોષ શર્મા (૪૧ રન, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર)નું ટીમમાં એકસરખું સાધારણ યોગદાન હતું.

દિલ્હીની ઇનિંગ્સની સૌથી મોટી વિશેષતા એ હતી કે પહેલી ત્રણેય વિકેટ હૈદરાબાદના કૅપ્ટન પૅટ કમિન્સે લીધી હતી. ત્રણેય વિકેટમાં વિકેટકીપર ઇશાન કિશને કૅચ પકડ્યો હતો. કરુણ નાયર (૦)ને કમિન્સે મૅચના પહેલા જ બૉલમાં આઉટ કર્યો હતો, જ્યારે કમિન્સે પછીની ઓવરમાં ફાફ ડુ પ્લેસી (ત્રણ રન) અને ત્યાર બાદની ઓવરમાં અભિષેક પોરેલ (આઠ રન)ની વિકેટ લીધી હતી. આ ત્રણેય વિકેટ માત્ર ૧૫ રનમાં પડી હતી. દિલ્હીની ચોથી વિકેટ અક્ષર પટેલ (છ રન)ની પડી હતી જેમાં પણ કમિન્સની ભૂમિકા હતી. હર્ષલ પટેલના બૉલમાં કમિન્સે અક્ષરનો કૅચ ઝીલ્યો હતો. ૨૬મા રને અક્ષર આઉટ થયા બાદ ૨૯મા રને કે. એલ. રાહુલ (૧૦ રન) આઉટ થયો હતો અને એમાં ફરી કિશનનો રોલ હતો. જયદેવ ઉનડકટના બૉલમાં કિશને રાહુલનો કૅચ પકડ્યો હતો.

ટ્રિસ્ટેન અને આશુતોષ વચ્ચેની સાતમી વિકેટ માટે ૬૬ રનની ભાગીદારીએ દિલ્હીની ટીમની થોડી આબરૂ સાચવી હતી અને એને ૧૩૩ રનનો સન્માનજનક સ્કોર અપાવ્યો હતો.

સીએસકેની પ્લેઇંગ-ઇલેવનમાંથી પેસ બોલર મોહમ્મદ શમીને પડતો મૂકવામાં આવ્યો છે અને નીતીશ કુમાર રેડ્ડીને ઇમ્પૅક્ટ પ્લેયર માટેના પાંચ વિકલ્પમાં પણ નથી સમાવાયો.

ગયા વર્ષે નીતીશ રેડ્ડી ઘણી ધમાકેદાર ઇનિંગ્સ રમ્યો હતો, પણ ભારત વતી પાંચ ટેસ્ટ અને ચાર ટી-૨૦ રમી ચૂકેલા આ વખતે આઇપીએલની નવમાંથી એક પણ મૅચમાં પૂરા ૩૫ રન પણ નથી કર્યા.

ટી. નટરાજનને આ વખતે પહેલી વાર રમવાનો મોકો અપાયો છે અને તે દિલ્હી કૅપિટલ્સ વતી તે પહેલી વાર રમતો જોવા મળશે. ■

# રિયાન પરાગ ૬,૬,૬,૬,૬,૬ના વિક્રમ પછી પણ નિરાશ

## રાજસ્થાનના કૅપ્ટને કહ્યું, 'મારે છેક સુધી ક્રીઝમાં રહીને મૅચ ફિનિશ કરવી જોઈતી હતી'

કોલકાતાઃ આઈપીએલના પ્લે-ઑફ રાઉન્ડની રેસમાંથી આઉટ થઈ ચૂકેલી રાજસ્થાન રોયલ્સની ટીમનો કાર્યવાહક કૅપ્ટન રિયાન પરાગ (૯૫ રન, ૪૫ બૉલ, આઠ સિક્સર, છ ફોર) રવિવારે આઈપીએલમાં નવો ઇતિહાસ રચવા છતાં નિરાશ હતો. કારણ એ હતું કે તે પોતાની વિકેટ વિશે ખૂબ નારાજ હતો અને કોલકાતા નાઈટ રાઇડર્સ સામે રાજસ્થાનને વિજય નહોતો અપાવી શક્યો.

રિયાને મૅચ પછી કહ્યું હતું કે 'હું મારી જ વિકેટ વિશે ખૂબ હતાશ છું. ૧૬મી અને ૧૭મી ઓવરમાં ખાસ કંઈ રન નહોતા થઈ શક્યા એટલે હું છેલ્લી ઓવર સુધી ક્રીઝ પર ટકી રહેવા મક્કમ હતો. એટલે જ મેં મોઇન અલીની ૧૮મી ઓવરમાં જોરદાર ફટકાબાજી કરી હતી. જોકે મેં જરાક ખોટી ગણતરી કરી અને વિકેટ ગુમાવી બેઠો. મારે ગમે તેમ કરીને મૅચ ફિનિશ કરવી જોઈતી જ હતી.'

### રિયાને ગેઈલ, પૉલાર્ડ, રિન્કુનો રેકોર્ડ તોડ્યો

રિયાન પરાગ રવિવારે આઈપીએલની એક ઈનિંગ્સમાં સતત છ બૉલમાં છ (એક ઓવરના છ બૉલમાં નહીં) છ સિક્સર ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો હતો. તેની આ છ સિક્સર ફક્ત એક બોલરની એક ઓવરમાં જ નહોતી પરંતુ તેણે ઉપરાઉપરી છ બૉલમાં છ છગ્ગા માર્યા હતા. એક મૅચમાં સતત છ બૉલમાં છ સિક્સર ફટકારનાર તે આઇપીએલનો પહેલો જ ખેલાડી બન્યો હતો. લાગલગાટ પાંચ બૉલમાં પાંચ સિક્સર ફટકારી ચૂકેલા ક્રિસ ગેઈલ, કિરૉન પૉલાર્ડ અને રિન્કુ સિંહનો રેકોર્ડ રિયાન પરાગે રવિવારે છ છગ્ગાથી તોડ્યો હતો.

### સતત છ સિક્સર કેવી રીતે?

રિયાન પરાગે રવિવારે પહેલાં તો કોલકાતાના સ્પિનર મોઇન અલીના સતત પાંચ બૉલમાં પાંચ સિક્સર (૬, ૬, ૬, ૬, વાઇડ, ૬) ફટકારી હતી અને એ ઓવર બાદ વરુણ ચક્રવર્તીની ઓવરમાં પોતાના પહેલા જ બૉલમાં છગ્ગો ફટકારીને પોતાના લાગલગાટ છ બૉલમાં છ છગ્ગાનો વિક્રમ રચ્યો હતો. રિયાન આ છ છગ્ગાની મદદથી ૪૫ રન પરથી ૮૧ રન પર પહોંચી ગયો હતો. જોકે તે પોતાના ૯૫ રનના સ્કોર પર હર્ષિત રાણાના બૉલમાં સીધા શૉટમાં વૈભવ અરોરાને આસાન કૅચ આપી બેઠો હતો. પોતે આઉટ થતાં જ રિયાન નિરાશ હાલતમાં પાછો આવ્યો હતો.

રાજસ્થાને જીતવા માટે ૨૦૭ રન કરવાના હતા પરંતુ રિયાન ૧૭.૪ ઓવર વખતે આઉટ થયો અને ફક્ત પાંચ રન માટે પહેલી સેન્ચુરી ચૂકી ગયો ત્યારે રાજસ્થાનનો સ્કોર સાત વિકેટે ૧૭૩ રન હતો અને ત્યારે રાજસ્થાને બાકીના ૧૬ બૉલમાં ૩૪ રન કરવાના હતા.

### શુભમ દુબેએ પણ આશા અપાવી

રિયાનની વિકેટ બાદ શુભમ દુબે (પચીસ અણનમ, ૧૪ બૉલ, બે સિક્સર, એક ફોર) સાથે જોફ્રા આર્ચર જોડાયો હતો.



જોકે શુભમ અને જોફ્રા જોડીમાં રિયાનની વિકેટ પછીના સાત બૉલમાં ફક્ત ૧૨ રન કરી શક્યા હતા. ૨૦મી (છેલ્લી) ઓવરમાં પંજાબે ૨૨ રન કરવાના આવ્યા હતા જે મુશ્કેલ હતા પરંતુ અસંભવ પણ નહોતા. કેકેઆરના કૅપ્ટન અજિંક્ય રહાણેએ ૨૦મી ઓવરની જવાબદારી વૈભવ અરોરાને સોંપી હતી. જોફ્રા એ નિર્ણાયક ઓવરના પહેલા બે બૉલમાં ફક્ત ત્રણ રન કરી શક્યો હતો. ત્યાર પછી શુભમે બાજી હાથમાં લીધી હતી. શુભમે ત્રીજા, ચોથા અને પાંચમાં બૉલમાં અનુક્રમે ૬, ૪, ૬ ફટકારીને બાજી ઑલમોસ્ટ ફેરવી નાખી હતી. મૅચના છેલ્લા બૉલમાં રાજસ્થાને ત્રણ રન કરવાના બાકી હતા. સુપરઓવર માટે બે રન જરૂરી હતા. શુભમે બૉલને લૉંગ-ઑફ તરફ મોકલ્યો હતો અને રન દોડવાનું શરૂ કર્યું હતું. તેણે અને જોફ્રાએ એક રન તો પૂરો કર્યો હતો, પરંતુ બીજો રન દોડતી વખતે રિન્કુ સિંહના થ્રોમાં વૈભવે બૉલ કલેક્ટ કરીને જોફ્રાને રનઆઉટ કરી દીધો હતો. રીતે રાજસ્થાનની ટીમ જીતવા માટે જરૂરી ત્રણને બદલે એક જ રન કરી શકી હતી અને કોલકાતાનો એક રનથી રોમાંચક વિજય થયો હતો.

### વૈભવની વિકેટ વૈભવે લીધી

રાજસ્થાનના અન્ય બેટ્સમેનમાં ઓપનર યશસ્વી જયસ્વાલના ૩૪ રન સામેલ હતા. તેનો સાથી ઓપનર ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી (ચાર રન, બે બૉલ, એક ફોર) પ્રથમ બૉલના ચોક્કા બાદ બીજા જ બૉલ પર આઉટ થઈ ગયો હતો. તેની વિકેટ પેસ બોલર વૈભવ અરોરાએ લીધી હતી. સિમરન હેટમાયરે ૨૯ રન અને જોફ્રાએ ૧૨ રનનું યોગદાન આપ્યું હતું. ત્રણ બેટ્સમેન ઝીરોમાં આઉટ થઈ ગયા હતા. કોલકાતાના મોઈન અલી, હર્ષિત રાણા અને વરુણ ચક્રવર્તીએ બે-બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, કોલકાતાએ આન્દ્રે રસેલના ૫૭ રન, અંગક્રિશ રઘુવંશીના ૪૪ રન, ઓપનર ગુરબાઝના ૩૫ રન અને કેપ્ટન રહાણેના ૩૦ રનની મદદથી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૬ રન કર્યા હતા.

કોલકાતાના રસેલને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

### ટેસ્ટના રૅન્કિંગમાં ટીમ ઈન્ડિયા નીચે ઊતરી

# વન-ડે અને ટી-૨૦માં ભારત હજી પણ નંબર-વન

## આઇસીસીએ ટી-૨૦માં પહેલી વાર ૧૦૦ દેશને ગણતરીમાં લીધા, ગામ્બિયા ૧૦૦મા નંબરે

નવી દિલ્હીઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ટેસ્ટના નવા રૅન્કિંગ જાહેર કર્યા છે જેમાં ટીમ ઇન્ડિયા વધુ નીચે ઊતરી છે, પરંતુ વન-ડે અને ટી-૨૦માં ભારતે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે.

ટેસ્ટના રૅન્કિંગમાં સાઉથ આફ્રિકાને પણ નુકસાન થયું છે, પણ ઇંગ્લૅન્ડે ઊંચી છલાંગ મારી છે.

ટેસ્ટના ક્રમાંકોમાં ઑસ્ટ્રેલિયા ૧૨૬ રેટિંગ સાથે હજીયે નંબર-વન છે. ઉલ્લેખનીય છે કે આવતા મહિને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે મુકાબલો થવાનો છે.

ઇંગ્લૅન્ડે બે ક્રમની છલાંગ મારી છે. ઇંગ્લૅન્ડનું પ્રદર્શન ખાસ કંઈ રહ્યું છે એમ છતાં આખા વર્ષના પર્ફોર્મન્સનો હિસાબ-કિતાબ થતો હોવાથી એને ૧૧૩ પૉઇન્ટ સાથે બીજા નંબર પર આવવા મળ્યું છે. સાઉથ આફ્રિકાની ટીમ ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં રમવાની છે, પરંતુ રૅન્કિંગમાં બીજું સ્થાન ઇંગ્લૅન્ડે લેતાં સાઉથ આફ્રિકા ૧૧૧ પૉઇન્ટ સાથે ત્રીજા નંબરે ધકેલાયું છે.

ભારતની વાત કરીએ તો એણે ટેસ્ટના ક્રમાંકોમાં નુકસાન જોવું પડ્યું છે અને હાલમાં ૧૦૫ પૉઇન્ટ સાથે ચોથા નંબરે છે.

આ તો રેડ બૉલ ફૉર્મેટની વાત થઈ. વાઇટ બૉલ ફૉર્મેટમાં (વન-ડે અને ટી-૨૦માં) ભારતે પ્રભુત્વ જાળવ્યું છે. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપના રનર-અપ ભારતના વન-ડેમાં રેટિંગ પૉઇન્ટ ૧૨૨થી સુધરીને ૧૨૪ થયું છે. ચૅમ્પિયન્સ ટ્રોફીનું રનર-અપ ન્યૂ ઝીલૅન્ડ બીજા નંબરે છે. એણે ઑસ્ટ્રેલિયાનું સ્થાન લીધું છે.

ટી-૨૦માં ભારત વર્લ્ડ ચૅમ્પિયન છે અને એના રૅન્કિંગમાં ભારત ૨૬૯ રેટિંગ સાથે અવ્વલ છે, જ્યારે બીજા નંબરનું ઑસ્ટ્રેલિયા (૨૫૯ પૉઇન્ટ) ભારતથી બહુ દૂર નથી. ઇંગ્લૅન્ડ (૨૫૪) ત્રીજા ક્રમે છે.

પહેલી વાર આઇસીસીએ ટી-૨૦ ફૉર્મેટના વાર્ષિક રૅન્કિંગના અપડેટમાં ૧૦૦ દેશને ગણતરીમાં લીધા છે જેમાં ભારત પ્રથમ સ્થાને અને ગામ્બિયા ૧૦૦મા સ્થાને છે. આ યાદીમાં પાકિસ્તાન છેક સાતમા સ્થાને છે.

# બે દિવસમાં દુબે અટકવાળા બે બૅટ્સમેન ૨૦મી ઓવરના અંતિમ બૉલમાં જિતાડવામાં નિષ્ફળ!

## ચેન્નઈને શિવમ દુબે અને રાજસ્થાનને શુભમ દુબે વિજય ન અપાવી શક્યો

નવી દિલ્હીઃ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)એ ઈજાગ્રસ્ત લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન સ્મરણ રવિચન્દ્રનના સ્થાને ઑલરાઉન્ડર હર્ષ દુબેને સ્ક્વૉડમાં સમાવ્યો છે જેના પરથી આઇપીએલની વર્તમાન સીઝનની શનિવાર અને રવિવારની મૅચમાં દુબે અટકવાળા ખેલાડીની નિષ્ફળતાની ચર્ચા થઈ રહી છે.

વાત એવી છે કે શનિવારે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને શિવમ દુબે અને રવિવારે રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ને શુભમ દુબે વિજય નહોતા અપાવી શક્યા.

બેંગલૂરુમાં શનિવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ ચેન્નઈને ૨૧૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ૨૦મી ઓવર પેસ બોલર યશ દયાલને આપવામાં આવી હતી. તેણે ૧૫ રન ડિફેન્ડ કરવાના હતા. બીજી રીતે કહીએ તો પ્લે-ઑફની રેસમાંથી સૌથી પહેલા જ બહાર થઈ ગયેલી ચેન્નઈની ટીમે આ મૅચ જીતવા ૧૫ રન કરવાના હતા. જોકે એ ઓવરની શરૂઆતમાં રવીન્દ્ર જાડેજા સાથે રમી રહેલો એમએસ ધોની ૧૨ રન કરીને એલબીડબ્લ્યૂ થયો ત્યાર બાદ શિવમ દુબે બૅટિંગમાં આવ્યો હતો. તેણે અને





જાડેજાએ મળીને બાકીના ત્રણ બૉલમાં ૧૩ રન કરવાના હતા. લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન શિવમ દુબેએ યશ દયાલના ચોથા બૉલમાં સિક્સર ફટકારી હતી. એ નો-બૉલ હતો એટલે ચેન્નઈને સાત રન મળ્યા હતા. હવે ત્રણ બૉલમાં છ રન કરવાના હતા. ફરી ચોથો બૉલ ફેંકાયો જેમાં શિવમ દુબેએ એક રન લીધો, પાંચમા બૉલમાં જાડેજાએ પણ એક રન બનાવ્યો અને અંતિમ બૉલમાં ચાર રન બાકી હોવાથી શિવમ દુબેએ ચોક્કો મારીને ચેન્નઈને વિજય અપાવવાનો હતો. જોકે તે એક જ રન લઈ શક્યો અને પાંચ ટાઇટલ જીતી ચૂકેલા ચેન્નઈનો બે રનથી પરાજય થયો હતો.

રવિવારે રાજસ્થાનને જિતાડવાની શુભમ દુબેને તક હતી જેમાં તે પણ નિષ્ફળ ગયો હતો. કોલકાતાએ ચાર વિકેટે ૨૦૬ રન કર્યા બાદ રાજસ્થાનની ઇનિંગ્સમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા બાદ અને ખાસ કરીને કૅપ્ટન રિયાન પરાગ આઠ સિક્સર તથા છ ફોરની મદદથી બનેલા ૯૫ રનની લડાયક ઇનિંગ્સ રમ્યો ત્યાર બાદ છેલ્લી ઓવરમાં બાવીસ રન કરીને રાજસ્થાનને જીતવાની છેલ્લી તક મળી હતી. કોલકાતાના સુકાની અજિંક્ય રહાણેએ એ નિર્ણાયક ઓવરની જવાબદારી પેસ બોલર વૈભવ અરોરાને સોંપી હતી જેણે બાવીસ રન ડિફેન્ડ કરવાના હતા. જોફ્રા આર્ચરે પ્રથમ બે બૉલમાં ત્રણ રન કર્યા બાદ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન શુભમ દુબેએ ત્રીજા બૉલમાં સિક્સર, ચોથા બૉલમાં ફોર અને પાંચમા બૉલમાં સિક્સર ફટકારીને બાજી સુલટાવી નાખી હતી અને વિજય રાજસ્થાનના હાથમાં લગભગ આવી જ ગયો હતો. આખરી બૉલમાં ત્રણ રન કરવાના હતા અને શુભમ દુબેએ બૉલ લૉન્ગ-ઑફ તરફ મોકલીને દોડવાનું શરૂ કર્યું હતું. તેણે અને જોફ્રા આર્ચરે એક રન હેમખેમ પૂરો કર્યો, પરંતુ રિન્કુ સિંહના થ્રોમાં બોલર વૈભવે બૉલ કલેક્ટ કરીને સ્ટમ્પ્સ ઉખાડી નાખ્યા હતા. એ સાથે, જોફ્રા રનઆઉટ થયો હતો અને દિલધડક અંતિમ ઓવરને અંતે કોલકાતાનો ફક્ત એક રનથી વિજય થયો હતો. શુભમ દુબે અને જોફ્રા વધુ એક રન દોડી ગયા હોત તો એ મૅચ ટાઇ થતાં સુપરઓવરમાં ગઈ હોત અને પરિણામ કદાચ જૂદું હોત. ■




# ક્રિકેટર ખિસ્સામાં મોબાઇલ લઈને રમવા આવ્યો!

## કાઉન્ટી ક્રિકેટમાં અજબ ઘટનાઃ રન દોડતી વખતે ફોન નીચે પડ્યો એટલે ક્રિકેટ જગતમાં રમૂજ ફેલાઈ ગઈ

લંડનઃ એક તરફ ભારતમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં એક પછી એક રોમાંચક મૅચ જોવા મળી રહી છે અને હવે તો પ્લે-ઑફ માટેની રેસ વધુ ઉગ્ર બની છે ત્યારે ઇંગ્લૅન્ડમાં કાઉન્ટી ક્રિકેટની મૅચોની ક્રિકેટજગતમાં ખાસ કંઈ ચર્ચા તો નથી, પરંતુ એક ઘટનાએ ક્રિકેટની દુનિયામાં સારી રમૂજ ફેલાવી છે.

વાત એવી છે કે લેન્કશર કાઉન્ટી ક્લબની ટીમના ઑલરાઉન્ડર ટૉમ બેઇલીએ કંઈક એવું કર્યું જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય.

બેઇલી એક શૉટ માર્યા બાદ રન લેવા દોડ્યો ત્યારે તેના ખિસ્સામાંથી મોબાઇલ નીચે પડી ગયો હતો. આ રમૂજી ઘટના કૅમેરામાં કેદ થઈ ગઈ અને એનો વીડિયો તેમ જ ફોટો પળવારમાં વાઇરલ થઈ ગયા.

બેઇલીના પૉકેટમાંથી મોબાઇલ બહાર આવી ગયો હતો અને બેઇલ પૂરપાટ દોડી રહ્યો હતો એટલે ફોન છેક નૉન-સ્ટ્રાઇક એન્ડની નજીક પડ્યો હતો.

આ મૅચ ગ્લુસ્ટશર સામે રમાઈ રહી હતી અને એનો બોલર જૉશ શૉએ મોબાઇલ ઉપાડીને બેઇલીને પાછો આપી દીધો હતો. બેઇલીએ ફોન લઈ તો લીધો, પણ તે શરમમાં મુકાઈ ગયો હતો. આજે ટેક્નોલૉજી એટલી બધી આગળ વધી ગઈ છે કે સારી કે ખરાબ, કોઈ પણ બાબત જો જાહેરમાં કરવામાં આવી હોય તો ક્ષણવારમાં વાઇરલ થઈ જાય છે.

આ ઘટના વિશે સોશિયલ મીડિયામાં રમૂજી ટિપ્પણીઓ કરવામાં આવી છે. એક ક્રિકેટપ્રેમીએ 'એક્સ' પર લખ્યું, 'અરે! આવું ગામડાંની ક્રિકેટ મૅચમાં બને તો માની શકાય, પણ ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં બન્યું!'

બીજા એક ક્રિકેટ લવરે લખ્યું, 'મને લાગે છે કે એ બૅટ્સમૅન પોતાના પગલાંની ગણતરી માટે મોબાઇલ ખિસ્સામાં લાવીને મેદાન પર ઊતર્યો હશે.'

ઉલ્લેખનીય છે કે ખેલાડી મોબાઇલ પોતાની પાસે લઈને ક્રિકેટના મેદાન પર ઊતરી ન શકે. ■

# ક્રૂડ ઑઈલના ભાવ ઘટાડા સાથે એફઆઈઆઈની એકધારી લેવાલીના ટેકા વચ્ચે સેન્સેક્સ ૨૯૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦,૮૦૦ની નિકટ પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડા સાથે સ્થાનિક શેરબજારમાં વિદેશી ફંડોની એકધારી લેવાલીના ટેકાએ વચ્ચે સેન્સેક્સ ૨૯૫ પોઇન્ટના ઉછાળા સાથે ૮૦,૮૦૦ની નિકટ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૪,૫૦૦ તરફ આગળ વધ્યો હતો. આ ઉપરાંત વૈશ્વિક વેપાર તણાવમાં ઘટાડો થવાથી પણ સેન્ટિમેન્ટમાં સુધારો હતો. બેન્ચમાર્ક શેરઆંકોએ આ સાથે ૨૦૨૫માં અત્યાર સુધીના સૌથી લાંબા ગાળાની આગેકૂચનો સિલસિલો લંબાવ્યો છે. જેને સંભવિત ભારત-યુએસ વેપાર સોદાની આસપાસ વધતા આશાવાદ દ્વારા જોરદાર ટેકો મળ્યો છે.

ઓપેક દ્વારા સપ્તાહના અંતે ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરવા માટે કરાર થયા પછી, વૈશ્વિક પુરવઠામાં વધારો થયો હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે સતત ૧૨મા સત્ર માટે ભારતીય ઇક્વિટી બજારમાં નેટ બાયર્સ રહ્યાં હતા, જે બે વર્ષમાં તેમની સૌથી લાંબી ખરીદીનો સિલસિલો છે.

સેન્સેક્સ ૨૯૪.૮૫ પોઈન્ટ અથવા ૦.૩૭ ટકા વધીને ૮૦,૭૯૬.૮૪ પર સ્થિર થયો, દિવસ દરમિયાન, તે ૫૪૭.૦૪ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૮૧,૦૪૯.૦૩ સુધી આગળ વધ્યો હતો. એનએસઈનો નિફ્ટી બેન્ચમાર્ક ૧૧૪.૪૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા વધીને ૨૪,૪૬૧.૧૫ પર સ્થિર થયો છે.

ગૌતમ અદાણીના પ્રતિનિધિઓએ લાંચની તપાસમાં ગુનાહિત આરોપોને રદ કરવા માટે યુએસ વહીવટી અધિકારીઓ સાથે મુલાકાત કરી હોવાના અહેવાલો વચ્ચે સેન્સેક્સ કંપનીઓમાંથી, અદાણી પોર્ટ્સ ૬.૨૯ ટકા ઉછળીને બંધ થયા. અદાણી એન્ટરપ્રાઇઝ, અદાણી પોર્ટ્સ, અદાણી પાવર અને અદાણી ગ્રીન એનર્જી સહિત અન્ય તમામ લિસ્ટેડ અદાણી જૂથના શેરોમાં તીવ્ર તેજી જોવા મળી.બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એટરનલ, પાવર ગ્રીડ, આઈટીસી, ટાટા મોટર્સ, એશિયન પેઇન્ટ્સ અને હિન્દુસ્તાન યુનિલિવર વધ્યા હતા. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એક્સિસ બેંક, ટાઇટન અને ઇન્ડસઇન્ડ બેંક ટોપ લુઝર્સમાં સામેલ હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારે રૂ. ૨,૭૬૯.૮૧ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. વિદેશી રોકાણકારોએ એપ્રિલમાં દેશના ઇક્વિટી બજારમાં રૂ. ૪,૨૨૩ કરોડનું રોકાણ કર્યું છે. માર્ચમાં રૂ. ૩,૯૭૩ કરોડ, ફેબ્રુઆરીમાં રૂ. ૩૪,૫૭૪ કરોડ અને જાન્યુઆરીમાં રૂ. ૭૮,૦૨૭ કરોડના ચોખ્ખા આઉટફ્લો પછી ગયા મહિને વિદેશી મૂડીનો પ્રવાહ આવ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ વાયદો ૧.૪૫ ટકા ઘટીને ૬૦.૪૦ ડોલર પ્રતિ બેરલ બોલાયો હતો.

અમેરિકા સાથે સંભવિત વેપાર કરાર અંગેના આશાવાદ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની એકધારી લેવાલીના પ્રવાહને કારણે સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં બજાર પોઢિટિવ જોનમાં આગળ વધાવમાં સફળ રહ્યું હતું, પરંતુ ભૂરાજકીય તણાવ અને ચાલુ ટેરિફ યુદ્ધ વચ્ચે વિશ્વબજારના નાજુક વાતાવરણને કારણે ઇક્વિટી સંદર્ભે રોકાણકારો સાવચેતીનો અભિગમ દાખવશે.

બજારના વિશ્લેષકો જણાવે કે યુએસ ફેડરલના વ્યાજ દરના નિર્ણય, વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ અને કોર્પોરેટ્સ તરફથી ત્રિમાસિક કમાણીના આંકડા આ અઠવાડિયે ઇક્વિટી માર્કેટમાં મોટાભાગે ગતિ લાવશે. અલબત્ત, પહેલગામ આતંકવાદી હુમલા સંદર્ભે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલો તણાવ પણ રોકાણકારોના રડાર પર રહેશે. એ જ સાથે, આ અઠવાડિયે મેક્રોઇકોનોમિક ડેટા જાહેરાતોમાં, મેન્યુફેક્ચરિંગ બાદ સર્વિસ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ પર પણ રોકાણકારોની નજર રહેશે.

ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૧,૨૮૯.૪૬ પોઈન્ટ અથવા ૧.૬૨ ટકા ઊછળ્યો હતો અને એનએસઇ નિફ્ટી ૩૦૭.૩૫ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા ઊછળ્યો હતો. એપ્રિલમાં ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી) કલેક્શન વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકા વધીને લગભગ ૨.૩૭ લાખ કરોડ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હોવા સાથે ભારતીય ઉત્પાદન એપ્રિલમાં જૂન ૨૦૨૪ પછી સૌથી ઝડપી ગતિએ વધ્યું છે. એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) માર્ચના ૫૮.૧ના સ્તર સામે વધીને એપ્રિલમાં ૫૮.૨ થયો, જે દસ મહિના માટે ક્ષેત્રના સ્વાસ્થ્યમાં સૌથી મજબૂત સુધારો દર્શાવે છે.

કોર્પોરેટ હલચલમાં કોટક મહિન્દ્રા બેંકે ત્રિમાસિક નફામાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો નોંધાવ્યા બાદ તેના શેરમાં લગભગ છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. સ્ટેટ બેન્કના પરિણામની જાહેરાત બાદ તેના શેરમાં બે ટકાનો કડાકો હતો. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં તેના સંયુક્ત ચોખ્ખા નફામાં ૮.૩૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો, જે એક વર્ષ પહેલા રૂ. ૨૧,૩૮૪ કરોડ હતો, જે ચોખ્ખા વ્યાજ માર્જિનમાં ઘટાડાને કારણે પ્રભાવિત થયો હતો.

અદાણી પોર્ટસે માર્ચ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૦ ટકાનો ઉછાળો નોંધાવ્યો છે. અદાણી એન્ટપ્રાઇઝે ચોથા ક્વાર્ટરના પરિણામમાં પાછલા વર્ષના સમાન સમયગાળાના રૂ. ૪૫૦.૫૮ કરોડ સામે ૭.૫૦ ગણો ઉછાળા સાથે રૂ. ૩૮૪૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગોદરેજ પ્રોપર્ટીઝનો ચોથા ક્વાર્ટરનો નફો ૧૯ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૮૨ કરોડ નોંધાયો છે.

દરમિયાન, અમેરિકામાં યીલ્ડમાં વધારો અને ભૂરાજકીય તણાવ વચ્ચે વિદેશી રોકાણકારોએ ભારતીય બોન્ડમાંથી રૂ. ૧૩,૩૫૯ કરોડ ઉપાડી લીધા છે. વૈશ્વિક બોન્ડ સૂચકાંકોમાં સ્થાનિક દેવાનો સમાવેશ થયા પછી એપ્રિલમાં વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય બોન્ડનું ચોખ્ખું વેચાણ સૌથી વધુ વધ્યું હતું. ભારતીય બોન્ડની વેચવાલીનો આ વધારો અમેરિકામાં ઊંચા વળતરના સતત આકર્ષણ અને મહિનાના ઉત્તરાર્ધમાં પાકિસ્તાન સાથે વધતા તણાવની અસરને પ્રતિબિંબિત કરે છે, એમ બજાર નિષ્ણાતોએ જણાવ્યું હતું.

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ પ્રારંભિક જાહેર ઓફર (આઇપીઓ) પહેલાં પ્રમોટર્સ, ડિરેક્ટર્સ અને પાત્ર સંસ્થાકીય ખરીદદારો સહિત મુખ્ય શેરધારકો દ્વારા રાખવામાં આવેલા શેરનું ડિમટીરિયલાઈઝેશન ફરજિયાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે સ્ટોક બ્રોકર્સ, નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપનીઓ અને સિક્યોરિટીઝ ધરાવતી અન્ય કોઈપણ નિયમનકારી સંસ્થાઓને ઓફર દસ્તાવેજ ફાઇલ કરતા પહેલા ડિમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં આવા હોલ્ડિંગ રાખવાની જરૂર પડશે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ત્રણ મહિનાની વેચવાલીનો દોર બાદ, વૈશ્વિક સંકેતો અને મજબૂત ફંડામેન્ટલ્સ વચ્ચે એપ્રિલમાં ભારતીય શેરબજારમાં રૂ. ૪,૨૨૩ કરોડ ઠાલવ્યા છે. માર્ચમાં રૂ. ૩,૯૭૩ કરોડ, ફેબ્રુઆરીમાં રૂ. ૩૪,૫૭૪ કરોડ અને જાન્યુઆરીમાં રૂ. ૭૮,૦૨૭ કરોડના ચોખ્ખા આઉટફ્લો પછી ગયા મહિને વિદેશી મૂડીનો પ્રવાહ ઠલવાતો જોવા મળ્યો છે. તાજેતરના આંતરપ્રવાહે ૨૦૨૫માં અત્યાર સુધીના આઉટફ્લોને ઘટાડીને રૂ. ૧.૧૨ લાખ કરોડ કરવામાં મદદ કરી છે.બજારના નિષ્ણાતો માને છે કે, આગળ જતાં એફઆઇઆઇ પ્રવાહ સ્થિર રહી શકે છે, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫માં લગભગ પાંચ ટકાની સામાન્ય કમાણી વૃદ્ધિને કારણે તે મર્યાદિત રહેશે.

સપ્તાહના પહેલા દિવસે શેરબજારના બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સ વધ્યા હતા. સેકટરલમાં એકમાત્ર બેન્કેક્સ ઈન્ડેક્સ ઘટ્યો હતો. ખાસ કરીને સર્વિસીસ સેગેમેન્ટના શેરોમાં ઉછાળો જોવા મળ્યો હતો. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૦,૫૦૧.૯૯ના બંધથી ૨૯૪.૮૫ પોઈન્ટ્સ (૦.૩૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૦,૬૬૧.૬૨ ખૂલીને ઊંચામાં ૮૧,૦૪૯.૦૩ સુધી અને નીચામાં ૮૦,૬૫૭.૭૧ સુધી જઈને અંતે ૮૦,૭૯૬.૮૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૨૩.૨૪ લાખ લાખ કરોડથી રૂ. ૪.૨૪ લાખ કરોડ વધીને રૂ. ૪૨૭.૪૮ લાખ કરોડ રહ્યું હતું.સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૨૦૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૬૩ સ્ટોક્સ વધ્યા હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો વધારો

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં એકંદરે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો વધારો જોવા મળ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની ખપપૂરતી માગ રહી હતી.

### પશ્ચિમ રેલવે – રતલામ ડિવિઝન
### ઈ–ટેન્ડર નોટીસ

DRM (S & T) વર્કસ રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે: ટેન્ડર નં.: SandT- RTM- ૨૪-Tele -૧૩ - R તારીખ ૦૨.૦૫.૨૦૨૫. કામનું નામ: રતલામ ડિવિઝન સાથેના સંબંધમાં ટેલિકોમ મટેરિઅલની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ:- સર્કિટ વિશ્વસનીયતામાં સુધારણા માટે મીડિયા વિવિધતાની જોગવાઈ માટે ૪૮ કોર ઓપ્ટિકલ ફાયબરની જોગવાઈ. બીડિંગ/ ટેન્ડર ટાઈપ & સિસ્ટમ: વર્કસ નોર્મલ ઓપન ઈ-ટેન્ડર, સિંગલ પેકેટ સિસ્ટમ, (IREPS પોર્ટલ) ટેન્ડર જાહેરાત મૂલ્ય: ₹ ૧,૩૪,૩૯,૮૮૫.૨૮ બીડ સુરક્ષા/ બાના રકમ: ₹ ૨,૧૭,૨૦૦/- ' ટેન્ડર દસ્તાવેજની કિંમત: NIL પ્રી-બીડ કોન્ફરન્સ: NA બીડ પ્રારંભ તારીખ: બંધ થવાની તારીખથી ૧૫ દિવસ પહેલા બીડની બંધ થવાની તારીખ અને સમય: ૨૩/૦૫/૨૦૨૫ના ૧૫.૦૦ ક. બીડની ખોલવાની તારીખ અને સમય: ૨૩/૦૫/૨૦૨૫ના ૧૫.૩૦ ક. ઓફરની માન્યતા: ટેન્ડર ખોલવાનાથી ૬૦ દિવસ. પૂર્ણતાનો સમયગાળો: ૧૨ મહિના. JV મંજૂર: મંજૂરી નથી. ટેન્ડરીંગ સેકશન ઓફિસ ઈનચાર્જ & બીડની ખોલવાનું સ્થળ: Sr. DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર જોઈ શકાય છે અને ઓફર ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરી શકાય છે.

Span/6/1/018 DRM (S & T) WR રતલામ

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પબ્લિક નોટિસ

ખબર આપવામાં આવે છે કે મારા અસીલ, બાન્દ્રા સંગમ કો-ઓપ.હા.સો.લિ. (''સોસાયટી''), ૫/૯/૧૯૭૫ના રોજ ૧૯૭૫ના નોંધણી નં. BOM/HSG/૪૫૭૯ હેઠળ મહારાષ્ટ્ર કો-ઓપ. સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલ, ''સંગમ એપાર્ટમેન્ટ'', ફાઇનલ પ્લોટ નં. ૩૨૮, TPS-III, ડૉ. આંબેડકર રોડ, બાન્દ્રા (૫), મુંબઈ-૫૦ ખાતે સરનામું ધરાવનાર, અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ મુજબ મિલકતના માલિક હોઈ (''શેડ્યુલ મિલકત'') વી. લક્ષ્મી બીલ્ડટેક LLP (''વિકાસક'')ની તરફેણમાં વિકાસ હક્કો મંજૂર કરવાની પ્રક્રિયામાં છે.

૨. કે અસલમાં (i) શ્રીમતી એની ડ્રેગો (ii) શ્રીમતી ડોરોથી ડ્રેગો (iii) શ્રીમતી માર્થી ડ્રેગો શેડ્યુલ મિલકતના માલિકો હતા.

૩. કે તા. ૧૮-૭-૧૯૭૪ના વેચાણ ડીડના અન્વયે, શેડ્યુલ મિલકત પ્લોટ નં. ૩૯૩, ૧૬મો રોડ, TPS-III બાન્દ્રા (૫), મુંબઈ-૫૦ ખાતે તેમનું સરનામું ધરાવનાર, એક ભાગીદારી પેઢી, એક મે. એસ. અબ્બાસ અલી & કાં., જે સયદ અબ્બાસ અલી & કાં., તેમજ સૈયદ અબ્બાસ અલી & કાં., તરીકે પણ ઓળખાય છે તેની તરફેણમાં વેચેલું. નામ એસ. અબ્બાસ અલી & કાં., તદ્અનુસાર ૨૩-૧૧-૧૯૭૬ના પ્રોપર્ટી રજીસ્ટ્ર કાર્ડમાં મ્યુટેટ કરવામાં આવેલ છે.

૪. તા. ૧૮-૭-૧૯૭૪ના સદર વેચાણ ડીડના અન્વયે શેડ્યુલ મિલકતના વેચાણ પેન્ડીંગ રાખતાં, સદર મે. એસ. અબ્બાસ અલી & કાં., એ વર્ષ ૧૯૭૨ થી ''સંગમ એપાર્ટમેન્ટસ'' નામવાળા બીલ્ડીંગનું બાંધકામ કરીને શેડ્યુઅલ મિલકતનો વિકાસ કરેલ અને વિવિધ ખરીદારોને વિવિધ કરારો દ્વારા રહેણાંક યુનિટો વેચેલ, જેઓએ મારા અસીલની સોસાયટીની રચના કરેલ અને રજીસ્ટર કરેલ.

૫. સદર મે. એસ. અબ્બાસ અલી & કાં., ૨૦૨૨ની અરજી નં. ૨૬ ધરાવતી મારા અસીલની સોસાયટી દ્વારા કરાયેલ અરજી પર શેડ્યુલ મિલકત કન્વે કરવા નિષ્ફળ ગઈ હોવાથી, કોમ્પીટન્ટ ઓથોરીટી તા. ૧૩-૩-૨૦૨૫ના અનું નં. મુંબઈ-૧૧/૪૧૮૮/૨૦૨૫ હેઠળ સબ-રજીસ્ટ્રાર ઓફ એસ્યોરન્સીઝ સાથે યોગ્યપણે નોંધાયેલ તા. ૧૩-૩-૨૦૨૫ના ડીડ ઓફ કન્વેયન્સ (ડીમ્ડ/ યુનિલેટરલ) સાથે વંચાતા તા. ૨-૫-૨૦૨૨ના નં. મુંબઈ/DDR-૩/ડીમ્ડ કન્વેયન્સ/બાન્દ્રા સંગમ હાઉ/૨૦૨૨/ ૧૩૧૬ ધરાવતા સર્ટિફિકેટ અન્વયે મહારાષ્ટ્ર ઓનરશીપ ફલેટ્સ એક્ટ ૧૯૬૩ની કલમ ૫-એ હેઠળ એટલે કે ડીસ્ટ્રીક્ટ ડેપ્યુટી રજીસ્ટ્રાર ઓફ કો-ઓપ. સોસાયટીઝ, મુંબઈ શહેર (૩) એપોઇન્ટ થયેલ અને મારા અસીલની તરફેણમાં શેડ્યુલ મિલકત કન્વે કરેલ અને યુનિલેટરલ ડીમ્ડ કન્વેયન્સ મંજૂર કરેલ. મારા અસીલની સોસાયટીનું નામ તા. ૨૮-૩-૨૦૨૫ના મ્યુટેશન એન્ટ્રી નં. ૨૬૩ અન્વયે ૨૮-૩-૨૦૨૫ના પ્રોપર્ટી રજીસ્ટર કાર્ડમાં યોગ્યપણે મ્યુટેટ કરાયેલ છે.

૬. મારા અસીલ વિકાસકની તરફેણમાં વિકાસ હક્કો મંજૂર કરવાની અને પ્રદાન કરવાની પ્રક્રિયામાં છે. આથી ખબર આપવામાં આવે છે કે કોઈપણ પાર્ટી અને/કે શખ્સ/સો જે શેડ્યુલ મિલકત અને/કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં કે તેની સામે વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, એસાઇનમેન્ટ, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, ગીરો, લાયસન્સ, ઇઝમેન્ટ, ભેટ, વારસો, ચાર્જ, લીયન, લીસ-પેન્ડન્સ, ટ્રસ્ટ, પાર્ટીશન, એક્વીઝીશન, રીક્વીઝીશન, જપ્તી, કબજો અને/કે બેનીફીશીયલ હક્ક કે કોઈપણ કરાર હેઠળ હક્ક કે વ્યવસ્થાની દ્વારા કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, હિત, કોઈપણ પ્રકારની માંગણી ધરાવતા હોય, અને/કે બીજી રીતે શેડ્યુલ મિલકત કે તેના કોઈપણ ભાગના પઝેશન સહિત કોઈપણ દાવો કરતા હોય અને/કે કોઈપણ પ્રકારના દાવા અને/કે વાંધો ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં તેના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને શ્રી **નિતિન તભાણે**, એડવોકેટ, ૧લો માળ, ન્યુ એપોલો કો-ઓપ. હા. સો. લિ., ૧૪મો રોડ, ખાર (૫), મુંબઈ-૫૨ ખાતે આ છપાયાના ૧૪ દિવસમાં સુપ્રત કરે અને તેની કોપી nitin.t01@gmail.com ખાતે ઈ-મેઈલ કરે. જો નોટિસની છપાયાની જણાવેલ મુદતમાં આવા દાવા અને/કે વાંધા પ્રાપ્ત થશે નહીં અથવા દાવા અને/કે વાંધા બિનકાયદાકીય (not legal) તરીકે જણાશે, સંતોષકારક, ખરેખરા કે બોનાફાઈડ, આવી પરિસ્થિતિમાં એવું માની લેવાશે કે શેડ્યુલ મિલકતની બાબતમાં અને તેની પર સોસાયટીના ટાઈટલમાં કોઈ વિવાદ અને/કે પડકાર નથી અને સોસાયટીનું ટાઈટલ તદ્અનુસાર સ્પષ્ટ અને બિનબોજાવાળા તરીકે માની લેવાશે અને સ્વીકારી લેવાશે અને વિકાસ માટે ઓપન છે એમ માની લેવાશે. જો કોઈ દાવા અને/કે વાંધા, નોટિસની મુદત પછી પ્રાપ્ત થશે તો વિચારણા કરાશે નહીં અને સદરને ગેરકાયદેસર ગણાશે અને ત્યજી દીધેલ ગણાશે અને અસરકારક રહેશે નહીં અને મારા અસીલ અને/કે સોસાયટી પર બંધનકર્તા રહેશે નહીં અને એવી બાબતમાં મારા અસીલ અને તેના સભ્ય સાથે સોસાયટી વિકાસ કરારની બજવણી અને નોંધણી પૂર્ણ કરવાની આગળની વધુ કાર્યવાહી કરવા સ્વતંત્ર અને હક્કદાર રહેશે.

**ઉપર ઉલ્લેખેલ મિલકતનું પરિશિષ્ટ:**

ડૉ. આંબેડકર રોડ, બાન્દ્રા (૫), મુંબઈ-૫૦ ખાતે TPS III માં આવેલ તેની પર ઊભેલા ''સંગમ એપાર્ટમેન્ટ્સ'' તરીકે જાણીતા ગ્રાઉન્ડ અને આઠ ઉપરના માળાના બનેલ બિલ્ડિંગ સાથે, ભરતમાં ૪૦૮ ચો. મી. કે તે સુમારે ગામ બાન્દ્રા, તા. અંધેરી, મુંબઈ પરા જીલ્લા ખાતે પ્લોટ નં. ૩૨૮, C.T.S. નં. એફ/૧૨ ધરાવતા અને બાન્દ્રા (પશ્ચિમ) ખાતે આવેલ તેની પર ઊભેલા સ્ટ્રકચર્સ સાથે મેદાન કે જમીનનો તે તમામ ટુકડો કે કકડો.

મુંબઈ, તા. ૬ટ્ઠી મે, ૨૦૨૫

સહી/-
(નિતિન તભાણે)
એડવોકેટ

## બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ૬૧ ડૉલરની અંદર જતાં રૂપિયો ૨૮ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૨૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૧ ડૉલરની અંદર ઊતરવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત સ્થાનિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં સુધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગત શુક્રવારે રૂ. ૨૭૬૯.૮૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૮ પૈસા ઊંચકાઈને ૮૪.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૫૭ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૪૭ અને ઉપરમાં ૮૪.૧૦ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૨૮ પૈસાના ઉછાળા સાથે ૮૪.૨૯ની સપાટીએ બંધ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં સાધારણ ત્રણ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

હાલના તબક્કે રૂપિયાને મુખ્યત્વે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી લેવાલીનો ટેકો મળી રહ્યો છે તેમ જ ક્રૂડતેલના ભાવમાં ઘટાડાને કારણે ભારતનાં આયાત બિલમાં ઘટાડો થવાથી રૂપિયાની તેજીને ઈંધણ મળી રહ્યું હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં વિશ્લેષક જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૮ ટકા ઘટીને ૯૯.૬૪ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૨૬ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૬૦.૫૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી બે ટકાનો ઉછાળો

## સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૧૩૨૮ ઝળકીને ₹ ૯૫,૦૦૦ની પાર, ચાંદીમાં ₹ ૨૫ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાના રોજગારીનાં ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી તેમ જ સોના- ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું, પરંતુ આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા સોનામાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં ૨.૩ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧.૩ ટકાનો ઉછાળો આવ્યો હોવાના અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨૨થી ૧૩૨૮નો ઝડપી ઊછાળો આવ્યો હતો અને શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૫,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૮ પૈસા મજબૂત રહેતા સોનાની આયાત પડતરો ઘટવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવ વૃદ્ધિ મર્યાદિત રહી હતી. વધુમાં આજે વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ છતાં ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫ની સાધારણ નરમાઈ જોવા મળી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને વધુ ભાવઘટાડાના આશાવાદે જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૫ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૯૪,૧૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ઝડપી ઉછાળો આવતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૨૨ વધીને રૂ.૯૪,૯૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૨૮ વધીને રૂ. ૯૫,૨૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં ઝડપી તેજી આવી હોવાથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગમાં સન્નાટો છવાઈ ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે વિશ્વ બજારમા ખાસ કરીને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકામાં નિર્મિત ન થતી ફિલ્મો પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી, પરંતુ તે અંગે વધુ સ્પષ્ટતા નહોતી આપી. આમ પુન: બજારમાં ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવી હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગ ખૂલી હતી. તેમ જ ડૉલર ઈન્ડેક્સ પણ નબળો પડ્યો હોવાથી સોનાની તેજીને ઈંધણ મળતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૨.૩ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૩૧૩.૨૧ ડૉલર અને વાયદામાં ભાવ ૨.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૨૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૨.૩૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં અમેરિકાના જીડીપીનાં ડેટા નબળા આવ્યા હતા અને ગત રવિવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવેલને મુદ્દત પૂર્વે અર્થાત મે, ૨૦૨૬ પૂર્વે તેના પદ પરથી દૂર કરવામાં નહીં આવે તેમ જણાવ્યું હતું. જોકે, આવતીકાલથી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકનો આરંભ થઈ રહ્યો છે ત્યારે ટ્રમ્પનાં આ નિવેદનને ધ્યાનમાં લેતા ટ્રેડરોમાં રેટ કટના આશાવાદનો સંચાર થતાં સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું વિશ્લેષક આલ્બર્ટો ડે કાસાએ જણાવ્યું હતું. ગત એપ્રિલ મહિનાના રોજગારના ડેટા પ્રોત્સાહક આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વર્તમાન કૅલૅન્ડર વર્ષમાં વ્યાજદરમાં ૮૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા ટ્રેડરો મૂકી રહ્યા છે. વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાનો માહોલ, ફુગાવામાં વૃદ્ધિ અને નીચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં માગ રહેતી હોય છે. જોકે, ગત રવિવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ચીન સહિત ઘણાં દેશો સાથે વેપાર કરાર માટે બેઠકો થઈ રહી છે અને અમે ચીન સાથેની ડીલને અગ્રતાક્રમ આપી રહ્યા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત પહેલી મેથી આજ દિવસ અર્થાત પાંચમી મે સુધી ચીનની બજારો શ્રમદીનની રજાઓ નિમિત્તે બંધ રહેનાર છે.

### નોટીસ

**હરિદાસ માધવદાસ HUF**ના કર્તા અમારા અસિલ **ડૉ. રાજીવ અમરસી**ના વતી જાહેર જનતાને આથી **ખબર** આપવામાં આવે છે કે ''અમરસી હાઉસ'' તરીકે જાણીતી સ્થાવર મિલકત અને ખાસ કરીને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ છે અને તે સદર હરિદાસ માધવદાસ HUFની સંપૂર્ણ મિલકત છે અને તેમની માલિકીની છે અને અમારા અસિલ સદર HUFના કર્તા છે.

જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે તેઓ સદર મિલકત સાથે કોઈપણ રીતે વ્યવહાર ન કરે અને કોઈપણ શખ્સ કે શખ્સો સદર મિલકત સાથે અમારા અસિલ ડૉ. રાજીવ અમરસી સિવાય કોઈપણ જોડે કોઈપણ રીતે લેવડદેવડ કરશે તો તેમના/તેના જોખમે કરશે અને અમારા અસિલ પર બંધનકર્તા રહેશે નહિ અને માન્ય રહેશે નહિ.

**પરિશિષ્ટ**

''અમરસી હાઉસ'' તરીકે જાણીતી અને ગ્રાઉન્ડ વત્તા બે ઉપરના માળનો સમાવેશ કરતા રહેણાંક સ્ટ્રકચર સાથે મલબાર હિલ ડિવિઝન, ૬, K. M. મુનશી માર્ગ, હરે કૃષ્ણ મંદિર સામે, મુંબઈ-૭નો C.S. નં. ૪૨૧ ધરાવતા જમીનનો તે તમામ પ્લોટ.

**PDS લીગલ,**
**એડવોકેટસ,**
**૮૯, ૮મો માળ, મિત્તલ ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦ ૦૨૧.**

### BRIHANMUMBAI MAHANAGARPALIKA
### સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ
### ટેન્ડર માટે નોટિસ

વિષય:- ડે. ચી. એ. (SWM) ટ્રાન્સપોર્ટ હેઠળ એક્ઝિક્યૂટિવ એન્જિનિયર ટ્રાન્સપોર્ટ (શહેર) ડિવિઝન માટે CNG BS-VI અતિક્રમણ વાહનોની ૬ નં.ની સપ્લાય અને ડિલિવરી.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના ટ્રાન્સપોર્ટ વિભાગ ટેન્ડર દસ્તાવેજમાં ઉલ્લેખેલ ફરજિયાત પૂર્વ-લાયકાત માપદંડો અનુસાર લાયક ટેન્ડરર પાસેથી ''ડે. ચી. એ. (SWM) ટ્રાન્સપોર્ટ હેઠળ એક્ઝિક્યૂટિવ એન્જિનિયર ટ્રાન્સપોર્ટ (શહેર) ડિવિઝન માટે CNG BS-VI અતિક્રમણ વાહનોની ૬ નં.ની સપ્લાય અને ડિલિવરી''ના કામ માટે ઓનલાઈન બીડ મંગાવાય છે.

બીડ પ્રારંભ તારીખ અને સમય ૦૬.૦૫.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. પછી

બીડ અંતિમ તારીખ અને **સમય ૧૨.૦૫.૨૦૨૫ સાં. ૦૪.૦૦ ક. સુધી**

બીડ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પોર્ટલ (મહાટેન્ડર્સ) **(http://mahatenders.gov.in)** પરથી ડાઉનલોડ કરી શકાય છે.

કૃપા કરી નોંધ કરો કે બીડ દસ્તાવેજ પોસ્ટ દ્વારા ઈશ્યૂ અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં. હવેથી, આ ટેન્ડર વિશેના તમામ શુલ્ક, નોટીસ, અપડેટ્સ, સુધારા, વધારા, વધુ વિગતો વગેરે માત્ર મહાટેન્ડર પોર્ટલ પર પોસ્ટ કરવામાં આવશે.

સહી/-
એક્ઝિ. એન્જિ. ટ્રાન્સપોર્ટ (શહેર)

PRO/325/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### BRIHANMUMBAI MAHANAGARPALIKA
### ટેન્ડર નોટિસ

| | | | |
|---|---|---|---|
| વિભાગ | | : | સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ |
| સેકશન | | : | ડે. ચી. એન્જિ. (SWM) પ્લાનિંગ |
| ટેન્ડર ID નંબર | | | ૨૦૨૫_MCGM_૧૧૭૪૭૫૯_૧ |
| વિષય | | : | વિવિધ મશીનરીની ખરીદી જેમ કે ટ્રેકટર પુલ્ડ બીચ ક્લિનિંગ મશીન - ૦૨ નં., ટ્રોલી - ૦૩ નં. સાથે ટ્રેકટર અને જુહુ બીચ માટે સ્કીડ સ્ટીયર લોડર મશીન - ૦૧ નં. અને ટ્રેકટર પુલ્ડ બીચ ક્લિનિંગ મશીન - ૦૧ નં.ની ખરીદી, ટ્રોલી-૦૨ નં. સાથે ટ્રેકટર અને ૦૬ મહિનાની મુદત માટે વ્યાપક O&M તેની સાથે દાદર - માહિમ બીચ માટે લાર્જ કોમ્પેકટર - ૦૨ નં. |
| બિડ પ્રારંભ તારીખ અને સમય | | : | ૦૬.૦૫.૨૦૨૫ સવારે ૧૧.૦૦ કલાકથી |
| પ્રી-બિડ મિટિંગ તારીખ અને સમય | | : | ચી.એ. (SWM)ના કોન્ફરન્સ હોલમાં ૧૩.૦૫.૨૦૨૫ ૧૫.૦૦ ક. |
| બિડ અંતિમ તારીખ અને સમય | | : | ૨૬.૦૫.૨૦૨૫ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | | : | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ:- | | | |
| a | નામ | : | શ્રી હેમંત ભુસારે, AE (SWM) પ્લાનિંગ |
| b | ટેલિફોન | : | ૦૨૨-૨૩૮૪૪૪૫૦ |
| c | મોબાઈલ નંબર | : | ૯૭૬૨૦૦૬૪૪૯ |
| D | ઈ-મેલ ID | : | ee1swm.pl@mcgm.gov.in |

સહી/-
એક્ઝી. એન્જિ. (SWM) પ્લાનિંગ

PRO/310/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

## ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સ્ટોકિસ્ટોની લે-વેચ તથા વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર વિવિધ ધાતુઓના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨નો અને કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ તથા ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો તેમ જ અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલી તથા સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૬૯૫ તથા રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા. કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૮૬૨ અને રૂ. ૨૩૭ના મથાળે રહ્યા હતા. નિકલમાં સ્ટોકિસ્ટોની નવેસરથી લેવાલી નીકળવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૪૨ના મથાળે રહ્યા હતા. કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૩, રૂ. ૮૧૩ અને રૂ. ૫૮૫ તથા કોપર કેબલ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૩૩, રૂ. ૭૪૫ અને રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા.

## મલયેશિયા પાછળ આયાતી તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૪ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત આજે ડૉલર ઈન્ડેકસ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં પણ પીછેહઠ જોવા મળતાં ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા. વધુમાં આજે સપ્તાહના આરંભે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને વધુ ભાવઘટાડાના આશાવાદ વચ્ચે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં દેશી-આયાતી તેલમાં માત્ર સિંગતેલ અને સરસવમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ તેલમાં નરમાઈ જોવા મળી હતી. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન, સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ.૧૨૦૦ અને રૂ. ૧૨૨૦ તથા ગોલ્ડન એગ્રી, રિલાયન્સ રિટેલ, ગોકુલ અને એએનએનાં આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૮૫, રૂ. ૧૨૦૫, રૂ. ૧૧૯૫ અને રૂ. ૧૨૦૫ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૫, સિંગતેલના રૂ. ૧૩૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦૭૦માં અને લૂઝમાં રૂ. ૧૨૮૫માં થયાના અહેવાલ હતા.

## મુંબઈગરાને વિશેષ સવલત

# ફક્ત બાવીસ ટકા પાણી હોવા છતાં પાણીકાપ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડતા સાત જળાશયોમાં હાલમાં તેમની પાણી સમાવવાની કુલ ક્ષમતાના માત્ર ૨૨ ટકા પાણી જ બચ્યું છે. સોમવારે સાતેય જળાશયોમાં રહેલા પાણીના જથ્થાની સમીક્ષા કર્યા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈગરાને આશ્વાસન આપ્યું હતું કે હાલનો પાણીનો જથ્થો ૩૧ જુલાઈ સુધી શહેરની જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતું છે. જોકે વધતા તાપમાનને કારણે બાષ્પીભવન ઝડપથી થઈ રહ્યું છે. તેથી અધિકારીઓએ ચિંતા વ્યક્ત કરી હતી કે જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો પાણીની કટોકટી ઊભી થવાની સંભાવના છે. પાલિકા પાણીના અનામત જથ્થા પર આધાર રાખી રહી છે, જે કટોકટીના પરિસ્થિતિમાં ભાતસા અને અપર વૈતરણા તળાવમાંથી મેળવી શકાય છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ સોમવારે પાલિકા મુખ્યાલયમાં મુંબઈના પાણીના સ્ટોકની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં પાણીપુરવઠા વિભાગના અધિકારીઓ પણ હાજર હતા. આ સમીક્ષા બેઠકમાં નોંધવામાં આવ્યું હતું કે વર્તમાનમાં તળાવોની (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં ૩૩ ટકા પાણી છતાં અનેક સ્થળે પાણી નહીં

### મહારાષ્ટ્રના જળાશયોમાં ૩૩.૩૭ ટકા પાણી

આકરા ઉનાળા વચ્ચે રાજ્યના અનેક જિલ્લામાં પાણીની કારમી અછત વર્તાઈ છે. નદીઓની સાથે જ બંધમાં પાણીના તળિયા દેખાઈ રહ્યા છે. રાજ્યના મોટા, મધ્યમ અનેના એમ કુલ ૨,૯૯૭ સિંચન પ્રોજેક્ટમાં માત્ર ૩૩.૩૭ ટકા પાણીનો સ્ટોક બચ્યો છે. તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. હજી આખો મે મહિના બાકી છે. તેથી આગામી દિવસમાં પાણીની સપાટીમાં હજી ઘટાડો થવાની શક્યતા છે. હાલ રાજ્યના ૧૯ જિલ્લાના અનેક ગામો ભીષણ પાણીની અછતનો સામનો કરી રહ્યા છે. ૫૭ સરકારી અને ૮૭૯ ખાનગી ટેન્કર દ્વારા પાણીપુરવઠો કરવામાં આવી રહ્યો છે, જેમાં થાણે જિલ્લામાં ૪૭, રાયગઢમાં ૩૦, પાલઘરમાં ૨૮, નાશિકમાં ૯૦ અને સૌથી વધુ છત્રપતિ સંભાજી નગર ૨૪૫ ટેન્કરો દ્વારા પાણીપુરવઠો કરવામાં આવી રહ્યો છે. ■

# આ વર્ષે ૧૦૦ ટકા મેળવનાર કોઈ પણ નથી

### ૩૮ કોલેજોનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે?



**ઉજવણીઃ** મહારાષ્ટ્ર બોર્ડના એચએસસી (બારમા) ધોરણના પરિણામો સોમવારે જાહેર કરવામાં આવ્યા બાદ માટુંગાની રામનારાયણ રૂઈઆ સહિત અને કૉલેજમાં વિદ્યાર્થીઓની ઉજવણી જોવા મળી હતી. (અમય ખરાડે)

મુંબઈઃ મહારાષ્ટ્ર બોર્ડ દ્વારા લેવામાં આવેલી બારમા ધોરણની પરીક્ષાનું પરિણામ ગઈ કાલે જાહેર થયું. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે પરિણામ ઓછું છે. બોર્ડના ઇતિહાસમાં પણ આ પહેલી વાર છે કે બારમા ધોરણનું પરિણામ મે મહિનાના પહેલા અઠવાડિયામાં જાહેર કરવામાં આવ્યું. જોકે આ વર્ષે, પરીક્ષાઓ પણ વહેલી યોજાઇ હતી.

આ વર્ષે ઘણી કોલેજોએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. રાજ્યની ૧,૯૨૯ જુનિયર કોલેજોનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે અને ૪,૫૬૫ કોલેજોનું પરિણામ ૯૦ થી ૯૯.૯૯ ટકા વચ્ચે આવ્યું છે.

રાજ્યની ૧૦,૪૯૬ કોલેજોના (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈગરા ગરમી અને ઉકળાટથી બેહાલ

### આકરી ગરમીને કારણે લૂ લાગવાનું પ્રમાણ વધી ગયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાલ પડી રહેલી કાળઝાળ ગરમી અને વાતાવરણમાં રહેલા ભેજનું પ્રમાણ વધી જવાને કારણે અસહ્ય બફારો વર્તાઈ રહ્યો છે. બપોરના સમયે પડી રહેલા આકરા તડકા અને ગરમીનું પ્રમાણ વધી જવાને કારણે લૂ લાગવાનું પ્રમાણ વધી ગયું છે. ગરમી વધવાની સાથે જ આગ લાગવાનું જોખમ પણ વધી જતું હોય છે તેથી મુંબઈ ફાયરબ્રિગેડે મુંબઈગરાને સંભવિત જોખમથી સાવધાની રાખવાની અપીલ કરી છે.

મુંબઈ સહિત સમગ્ર દેશમાં ગરમીનું મોજું ફરી વળ્યું હોવાનું જણાઈ રહ્યું છે. તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. સોમવારે સાંતાક્રુઝમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૬ તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા નોંધાયું હતું. જયારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૬ ડિગ્રી અને ભેજનું પ્રમાણ (જુઓ પાનું ૪) ▶▶

# નહીંતર, રોબોટ તમારી જગ્યા લેશેઃ અજિત પવારની ચેતવણી

મુંબઈઃ વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓના કૌશલ્ય વિકાસ અને તાલીમ સંસ્કૃતિ બનાવવા માટે, ગઇ કાલથી ૯ મે સુધી મંત્રાલયમાં ''ટેક વારીઃ મહારાષ્ટ્ર ટેક લર્નિંગ વીક'' ઉજવવામાં આવશે. ટેક વારી કાર્યક્રમના ઉદ્ઘાટન માટે એક રોબોટ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પાસે કાતર લઈને આવ્યો, જેનો ઉલ્લેખ કરીને, અજિત પવાર મંત્રાલયના કર્મચારીઓને કહ્યું કે, યોગ્ય રીતે કામ કરજો, નહીંતર તમારી જગ્યા રોબોટ લઈ લેશે.

અહીંના કાર્યક્રમમાં સ્વાગત દરમિયાન અજિત પવારને ટુવાલના આકારની શાલ આપવામાં આવી હતી, જેનાથી ભારે રોષ ફેલાયો હતો. ટુવાલના કદની શાલ ન આપી હોત તો પણ પોસાય તેમ હતું. કેટલી કરકસર કરવામાં આવી રહી છે એ હું જોઈ રહ્યો હતો, આ આપણી પોતાની સરકાર છે, અજિત પવાર હસીને બોલ્યા. વધુમાં અજિત પવારે કહ્યું કે ''હું કાર્યક્રમમાં આવ્યો ત્યારે આજે સમયસર કાતર મળી. હંમેશા કાતર શોધવી પડે છે. પણ, આજે રોબોટે કાતર બરાબર લાવી આપી.જુઓ રોબોટ કેટલું સારું કામ કરી રહ્યો છે. ■

**ટેક-વારીઃ** મહારાષ્ટ્ર સરકાર દ્વારા મંત્રાલયના અધિકારીઓ – કર્મચારીઓના કૌશલ્ય વિકાસ માટે મંત્રાલયમાં સોમવારથી એક અઠવાડિયું 'મહારાષ્ટ્ર ટેક લર્નિંગ વીક'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માનવ રોબો સહિતના અનેક ઉપકરણો મૂકવામાં આવ્યા હતા અને તેના સંચાલનની માહિતી આપવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર)



# પેડર રોડ પર કપડાના શો રૂમમાં ભીષણ આગ

### ચાર મહિલા, ચાર પુરુષ સહિત ત્રણ શ્વાન અને બે બિલાડીને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં પેડર રોડ પર નાના ચોક પાસે ગ્રાઉન્ડ પ્લસ છ માળની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા કપડાના શો રૂમમાં સોમવારે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે બિલ્ડિંગના પહેલા માળાથી ચાર પુરુષ, ચોથા માળા પરથી ચાર મહિલા, ત્રણ શ્વાન તથા બે બિલાડીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ પેડર રોડ પર ગ્રાઉન્ડ પ્લસ છ (જુઓ પાનું ૪) ▶▶



**આગનું પરિણામઃ** દક્ષિણ મુંબઈના ભદ્ર પેડર રોડ પર આવેલી પ્રતિષ્ઠિત વસ્ત્રોની દુકાનમાં સોમવારે આગ લાગ્યા બાદ ભીના વસ્ત્રોનો બહાર ઢગલો કરવામાં આવ્યો હતો. (અમય ખરાડે)

# બાવનકુળેએ ભાજપના કાર્યકર્તાઓને કૉંગ્રેસ નેતાઓની ભરતી કરવાની અપીલ કરી

પુણેઃ મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ અને રાજ્યના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ પક્ષના કાર્યકરોને કથિત રીતે વિનંતી કરી છે કે કૉંગ્રેસ નેતાઓની ભાજપમાં ભરતી કરતા રહો અને પક્ષને ખાલીખમ કરી નાખો. તેમના આ કથિત નિવેદનથી કૉંગ્રેસમાં રોષની લાગણી ફેલાઈ છે. કૉંગ્રેસે કહ્યું છે કે પક્ષ જનતાનો છે અને જનતા પક્ષની વિચારસરણી સાથે જોડાયેલી છે. બાવનકુળેએ રવિવારે પુણેમાં પક્ષના એક કાર્યક્રમ દરમિયાન સ્થાનિક કાર્યકરોને સંબોધન કરતી વખતે આ કથિત ટિપ્પણી કરી હતી. સોશિયલ મીડિયા પર રજૂ થયેલા ભાષણની ઓડિયો ક્લિપમાં ભાજપના નેતાએ કહ્યું હતું કે 'સંગ્રામ થોપટે જેવા લોકોને ભાજપમાં (જુઓ પાનું ૪) ▶▶

### કૉંગ્રેસ પાર્ટીને તોડી પાડવી એ કેસિનોમાં રમત રમવા જેવું છે?: વર્ષા ગાયકવાડ

પુણેમાં ભાજપના પદાધિકારીઓની બેઠકમાં ભાજપના પ્રદેશ પ્રમુખ અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ કૉંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે પદાધિકારીઓને ''કૉંગ્રેસ તોડો, કૉંગ્રેસ ખાલી કરો, એવો સંદેશો આપ્યો હતો. કૉંગ્રેસના સાંસદ વર્ષા ગાયકવાડે ચંદ્રશેખર બાવનકુળેના આ નિવેદન પર જોરદાર પલટવાર કર્યો છે. વર્ષા ગાયકવાડે કહ્યું, શું ચંદ્રશેખર બાવનકુળેને કૉંગ્રેસને (જુઓ પાનું ૪) ▶▶

# વેબ શો, એપ્સમાંથી અશ્લીલતા હટાવોઃ મહિલા પંચ સમક્ષ રજૂઆત

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગ (એમએસડબલ્યુસી)એ વેબ શો અને ઉલ્લુ જેવી ઓનલાઇન એપ્લિકેશનમાં અશ્લીલ સામગ્રીને દૂર કરવા માટે રાષ્ટ્રીય મહિલા આયોગને પત્ર લખ્યો છે એમ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. એમએસડબ્લ્યુસીનાં અધ્યક્ષ રૂપાલી ચાકણકરે જણાવ્યું હતું કે ઘણી વેબ સિરીઝ વ્યૂઅરશિપ વધારવા વલ્ગર વીડિયોઝનો આશરો લે છે. તેમણે પીટીઆઈ વીડિયોને જણાવ્યું હતું કે 'અમે એનસીડબ્લ્યુ અને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) (જુઓ પાનું ૪) ▶▶

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# અજિતદાદા આકાશમાંથી પૈસા નહીં લાવે, બોલતા પહેલા વિચારોઃ હસન મુશ્રીફ

મુંબઈઃ રાજ્યમાં મહાગઠબંધન સરકારની સૌથી લોકપ્રિય યોજના 'મુખ્યમંત્રી લાડકી બહિણ યોજના' હવે સરકાર માટે સમસ્યારૂપ બની ગઈ છે. સામાજિક ન્યાય પ્રધાન સંજય શિરસાટે આ યોજના માટે સામાજિક ન્યાય વિભાગના ભંડોળના અન્યત્ર ઉપયોગ પર જાહેર નારાજગી વ્યક્ત કરી હતી. ''આ ખાતાના ભંડોળને કાયદેસર રીતે ડાયવર્ટ અથવા ઘટાડી શકાતું નથી. પરંતુ નાણા મંત્રાલય વધારે ચાલાકી કરી રહ્યું છે,'' તેમણે કઠોર પ્રતિક્રિયા આપતા કહ્યું. ''જો સરકારને સામાજિક ન્યાય વિભાગની જરૂર નથી લાગતી, તો તે ખાતું બંધ કરી દો'' તેમણે કહ્યું.નેશનલિસ્ટ પાર્ટીના નેતા અને પ્રધાન હસન મુશ્રીફે સંજય શિરસાટના નિવેદન પર આકરી ટીકા કરતા કહ્યું કે, ''વાસ્તવિકતા સમજવી જરૂરી છે. આપણા જ એક વરિષ્ઠ નેતા સાથે આવી સરખામણી કરવી ખૂબ જ અયોગ્ય છે. અજિત દાદા આકાશમાંથી પૈસા નથી લાવવાના કે અજિત દાદા આ પૈસા ઘરે નથી લઈ ગયા? ચૂકવણી કરવામાં વિલંબ થાય તે સ્વાભાવિક છે. અમે બધાને આપેલા વચનો પૂરા કરી રહ્યા છીએ. તેથી, સંજય શિરસાટને કડક સલાહ આપી કે બોલતા પહેલા વિચાર કરે.''■

# અમિત શાહનું રાજીનામું માગવાનું હતું, પણ...: રાઉત

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી શિવસેનાએ પહલગામ આતંકવાદી હુમલાને પગલે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં ગૃહ પ્રધાન અમિત શાહનાં રાજીનામાની માગણી કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ આ વલણથી અન્ય વિરોધ પક્ષોને અગવડ પડશે એવું માનીને ઇરાદાપૂર્વક હાજરી આપવાનું ટાળ્યું હતું એમ શિવસેના (યુબીટી)ના સાંસદ સભ્ય સંજય રાઉતે જણાવ્યું હતું.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુને લખેલા પત્રમાં શિવસેના (યુબીટી)ના સાંસદ અરવિંદ સાવંતે સંજય રાઉત અને સાવંતએ સંસદીય કામ માટે મુસાફરી કરવાની હોવાથી ૨૪ એપ્રિલની બેઠકમાં ભાગ લેવા માટે પક્ષ અસમર્થ હોવાનું જણાવ્યું હતું.

જોકે, સોમવારે સંજય રાઉતે એનસીપી (જુઓ પાનું ૪) ▶▶

# ટ્રાફિકનું ઉલ્લંઘનઃ ૪૮,૦૦૦ ટેકસી -ઓટોચાલકોને દંડ

મુંબઈ : ટેકસી અને ઓટો રીક્ષા વિરુધ્ધ ટ્રાફીકનું ઉલ્લંઘન કરવા કે પછી વાહન સેવાનો ઈનકાર કરવા વિરુધ્ધ કાર્યવાહી ચાલી રહી છે . જેમાં પોલીસે પંદર દિવસમાં ૪૮,૦૦૦ જેટલા ચલાન કાપ્યા છે.

૧૮ એપ્રિલ થી ૪થી મે વચ્ચે ટ્રાફિકના સંયુકત કમિશનર અનીલ કુંભારેના નીરિક્ષણ હેઠળ આ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ૨૮,૮૧૪ ચલાન ભાડુ ન કરવા બદલ , ૧,૧૬૪ ચલન યુનીફોર્મ ન પહેરવા બદલ, ૬,૨૬૮ ચલાન પરવાનદગી વગર વધારે પેસેન્જર બેસાડવા માટે અને ૧૨,૧૭૧ ચલાન બીજા અલગ અલગ કાયદાના ઉલ્લંઘન કરવા બદલ કાપવામાં આવ્યા હતા. કુલ મળીને ૪૦.૨૫ લાખ રૂપિયા દંડ દ્વારા ભેગા કરવામા આવ્યા છે. ૨૮,૮૧૪ ઓટોરીક્ષા અને ટેકસી ચાલકો સામે ભાડુ ન કરવા બદલ જીલ્લા પરિવહન કચેરી દ્વારા લાઈસન્સ રદ કરવાની પ્રક્રિયા ચાલુ છે. ■




# પુરંદર એરપોર્ટઃ વિરોધ પ્રદર્શન સમાપ્ત કરવા બાવનકુળેની વિનંતી

### જમીન માટે શ્રેષ્ઠ વળતરની ખેડૂતોને બાંયધરી આપી

પુણેઃ મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ સોમવારે પુણે જિલ્લાના વિરોધ પ્રદર્શનકારી ખેડૂતોને પુરંદર ખાતે સૂચિત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટના વિરોધ પર પુનર્વિચારણા કરવા વિનંતી કરી શ્રેષ્ઠ વળતરની ખાતરી આપી હતી.

તાજેતરના દિવસોમાં પુરંદર તાલુકાના કેટલાક ગામમાં ડ્રોન સર્વે કરવાના જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસનો સ્થાનિક ખેડૂતોએ તીવ્ર વિરોધ નોંધાવ્યો હતો. ત્રીજી મેએ થયેલું વિરોધ પ્રદર્શન હિંસક બન્યું હતું, જેમાં ૧૮ પોલીસકર્મીને ઈજા થઈ હતી અને ડ્રોન કેમેરા નાશ પામ્યા હતા. તણાવગ્રસ્ત વાતાવરણને કારણે અધિકારીઓએ સ્થળ પર ડ્રોન સર્વે અને જમીન માપણી અટકાવી દીધી છે. બાવનકુળેએ પુણેમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'હું એરપોર્ટ માટે જમીન સંપાદનનો વિરોધ કરી રહેલા કેટલાક ખેડૂતોને મળ્યો હતો. તેઓ તેમની જમીન છોડવા તૈયાર નથી. નાગપુરમાં મિહાન પ્રોજેક્ટને સ્થાનિક લોકોના સહકારથી કેવી રીતે સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો એ મેં તેમને સમજાવ્યું હતું. પુણે જિલ્લામાં સૂચિત એરપોર્ટ અને કાર્ગો હબ આ (જુઓ પાનું ૪) ▶▶

# બનાવટી નકશાને આધારે અનધિકૃત રીતે બાંધેલા બંગલા પર સુધરાઈનો હથોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડના મઢમાં ગેરકાયદે રીતે બાંધવામાં આવેલા બંગલા સામે સુધરાઈના પી-ઉત્તર વોર્ડ દ્વારા કાર્યવાહી કરીને તેને સોમવારે તોડી પાડવામાં આવ્યો હતો. સુધરાઈના દાવા મુજબ બનાવટી નકશાને આધારે આ બાંધકામ કરવામાં આવ્યું હતું. મઢના એરંગલ ગામમાં 'પ્રીત'નામનો બંગલો ગેરકાયદે રીતે બાંધવામાં આવ્યો હતો. બનાવટી નકશાને આધારે ૧,૫૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ પર બંગલાનું બાંધકામ કરવામાં આવ્યું હોવાનું જણાઈ આવ્યા બાદ તેને તોડી પાડવાની કામગીરી કરવામાં આવી હતી. બાંધકામ તોડી પાડવા માટે એક પોકલેન અને બે જેસીબી મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પાલિકાના કર્મચારી-અધિકારીએ આ કાર્યવાહી હાથ ધરી હતી.

# પુણેના મંદિરમાં મૂર્તિ સામે અભદ્ર ચેષ્ટા

### વ્યક્તિનું નામ ન જાહેર કરવા બદલ ભાજપે સુપ્રિયા સુળે પર નિશાન સાધ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના પુણે જિલ્લાના એક મંદિરમાં મૂર્તિ સામે કથિત રીતે અભદ્ર ચેષ્ટા કરવાની ઘટનાને વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ વખોડી કાઢી છે અને તેમાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે. રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં એનસીપી (એસપી)નાં નેતા અને લોકસભાનાં સભ્ય સુપ્રિયા સુળેએ સરકારને પગલાં લેવાની અપીલ કરી હતી.

એક્સ પર સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે 'પૌડ ગામના અન્નપૂર્ણા દેવી મંદિરમાં એક યુવકે અયોગ્ય કૃત્ય કર્યું છે. આ ઘટના અત્યંત ઘૃણાસ્પદ અને ઉશ્કેરણીજનક છે. કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિ સંભવતઃ આવી વર્તણૂકને સહન ન કરી શકે'. ગામમાં મૂર્તિ સામે અભદ્ર ચેષ્ટા કર્યા બાદ ૪૪ વર્ષની (જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.